અંકુશ

પુસ્તક બીજું — કાર્તિક ૧૯૮૫ — અંક ૧ લો

ONWARD

It is with feelings of sincere pride and gratification tha present our New year (second) first Number to our vari ous subscribers advertisers writers, well wishers and to the general public

The magazine is started in Kartik last with a view to serve the cause of humanity in general and literature in particular Full twelve months have since elapsed and 12 separate issues are regularly out in spite of sweeping ravages both of plague and influenza

Every month the journal has gained more and more in popularity and general support

Saints shastries and prominent writers of note have helped us from the very beginning and feeling thankful for

સદા સ્નેહી અમે એના

૧૭૨

નિખાનસ છે હ ય જેના સ઼ા સ્નેહી અમે એના— ટેક૦

ખર કહેતા ગ ખાતી ન બદલે સ્વમમા પે ની

ભલે હો વિપ્ર કે કોળી— સ઼ા સ્નેહી૦

ન મૂક વશની મા ન વગા હર્ષના વા ર

ભલે હો રક કે ગ ત— સ઼ા સ્નેહી

ખુશીથી ખાય ખવરાવે ખુ ાની ગાય ગવરાવે

જુદાઇ ને ા ના લાવે— સદા સ્નેહી

ગો નહિ જે અધમ ચાળ નાતિને નાપાનતિ પાજે

જીવન શુપરોપમા ગાજે— સદા સ્નેહી

વિના મ ી ર માગી જુએ હિત જગતન ગી

ભલે હો રાગી કે ત્યાગી— સદા સ્નેહી

અમન પામી અ ભદતા રે નહિ નેખુના ચાના

ભલે હો અન દાતા— સ઼ા સ્નેહી૦

સરલ બનોં મિત્રમા રોમે ન લપટારે કદી લોભે

ન ગ જે ભાર ચગી મોજે— સ઼ા સ્નેહી

વિનયભરી જેહની વાચા ન હોવે મનના કાચા

રહે કેશવ રમે રાચ્યા— સ઼ા સ્નેહી

રાજ્યકવિ કેશવલાલ શ્યામજી

વિમલ વાત્સલ્ય

લેખ—શ્રીયુત છગનલાલ હરિલાલ પંડ્યા જુનાગઢ.

સૂર્યનો પ્રતિદિન ઉદય અને અસ્ત થાય છે તેના અંતરગાળામાં પૃથ્વી ઉપર કેટલાએ પ્રાણીઓના જીવનનો નાશ થાય છે, કેટલાએ સંસાર ચક્રમાં ભ્રમણ કરવાને નવા જન્મ પામે છે, કેટલાએ નવી નવી અચિન્તિત આપત્તિમાં આવી પડે છે ને કેટલાએ અણધારી સંપત્ સંપાદન કરે છે. કેટલાએ વૈદ્યોના સાહાય્યથી રોગમુક્ત થઈ સુખનો લ્હાવો લેવાને પાછા પ્રવૃત્તિમાં પડે છે અને કેટલાએ આધિવ્યાધિને શરણ થઈ મહાશ્રમે ઉપાર્જિત કરેલ સમૃદ્ધિનો ઉપભોગ લેવા અશક્ત બને છે. કેટલાએ સ્નેહી સંબંધીના શાશ્વત વિયોગ દુઃખની પીડા ભોગવે છે અને કેટલાએ નવા સ્નેહી સંબંધીઓ મેળવી ગેલ થાય છે—આમ સર્વ ભિન્નભિન્ન દશા ભોગવવા છતાં માયાના પ્રભાવથી મોહમયી ભ્રમણામાં—મદિરાપાને જગત્ આખું કેવું ઉન્મત્ત બનેલું છે!—દુઃખી મનુષ્ય પણ દુઃખ વિસારે પાડવાને અને પુનરપિ સુખના સાધન પ્રાપ્ત કરવાને કેવા યત્નો કરી રહ્યા છે—એ વિષયો ક્ષણે ક્ષણે દૃષ્ટિગોચર થવાથી તેના વિચારમાંજ લીન થયેલો પરોપકાર કરવામાંજ જીવન ગાળનારો ડૉ. બેનૅગમ બ્યાક્ષાગી સમે એકવાર કોઈ રોગીની સારવારમાંથી છૂટો થઈને ફરતો ફરતો ટોમસ્મિથની ઝુંપડી આગળ આવી પહોંચ્યો. એટલામાં તેના મહાવેગી, બળવાન, કદાવર ઘોડાના પગનો ધમકાર અને તેનો ખોંખારો દૂરથીજ સાંભળી તે ખેતર ખોડતો દોડતો પોતાના ખેતરમાંથી આવીને રાજમાર્ગ ઉપર હાંફતો હાંફતો ઉભો રહ્યો. ડાક્તરને પાછા પોતાની સામા આવેલા જોઈને તેને નિશ્ચય થયો કે જે મેળવવા તેઓ ચિંતાતુર હતા તે હજુ તેમને મળ્યું નથી તેથી તેણે નીચા વળી સલામ કરીને નમ્રતાથી પૂછ્યું—'ત્યારે શું સાહેબ! આપને મ્હારા કુતરાની જરૂર છે?'—ડાક્તરે મહા મહેનતે શ્રમ શમન કરતાં પરસેવાના ધારા શીણથી ન્હવાઈ ગયેલા ઘોડાની લગામને મ્હોંમાંથી કેમ જાણે કચડી નાખીને જોર ફેંકી દઈ પુનરપિ સ્વાતંત્ર્ય મેળવવાને મથતો હોય તેમ ઘડી ઘડી ડોક ઉંચી નીચી કરીને ઘુરઘુર શબ્દ કરતા પોતાના અશ્વને રોકીને ઉત્તર દીધો કે—હા ભાઈ—આ તમારા ગામમાં હું બધે ફર્યો પણ મને એક પણ કુતરો બીજે કહીં મળતો નથી ને તેટલા માટેજ હું તમારા એ જાનવરને માટે પાંચ પાઉંડ જેટલી મોટી રકમ આપવાને તૈયાર છું.

'ત્યારે! આપ પહેલાં અહીં આવ્યા હતા ત્યારે મેં એ વિષે ખાત્રીથી કહ્યું ન હતું કેમકે કુતરો મ્હારા એકમાત્ર દીકરાનો છે; પણ આટલી મોટી રકમ મળશે એમ જા

ીને મને લાગે છે કે એ ર। પા વા વિના નહિ રહે આપ જરા નામો તો હુ એને જઇને પૂછી આવુ

દાક્તર જવાને તો ઘણા અ ીરા થઇ ગયા ર્ના પણ જવ મ અણુધારી રીતે અનિ િત મળ્યો ને એ ુતરાની તેમન પુરેપૂરી જ હતી તેથી ખોગી થયા વિના ઠ્ઠ્કો નથી એમ તેમને લાગ્યુ જ્યો જ આન ને એમ મ્હેવાની સાથેજ તે મે ગ ો ને ચોગીવારમા મેમ વર્તના એ દૃશળ દેખાતા પણ સુંદર મુખાકૃતિવાળા ા ને તેગીને પાછો આ ો તેની પાછળ પા ા એ શુ જ્યાંવાળા વાગથી ભરેલો કાળો નાનો કુ તરો ચાલતો હતો તે તરો આ અજાણ્યા માણસને જોઇને ભસવા નાગ્યો પણ તેને તે ઉોકરાએ એક ઇશારો રીને તરત છાનો રાખ્યો

"આને સાહેબ હવે આપજ પૂછી જુઓ એકુતે મ્હુ

કેમ ભાઈ! હારો તગ મને આ પીશ? હૂં તેના બ નામા તને પા પાં આપવા ખુ ી છુ

'આપને તેનુ શુ ામ છ ઊ ગએ નીચુ મો રાખી ધીમે અવાજે પાની બોય ઓનરતે ઓતરતે નાખુશી જણાવતા નજ થી

એના બાપે આવો સવાલ સાંભળી ક્રોધા વેશમા તેને મારવાને મૂ Cાેમ્ચે પા ઊ રાએ આના ખળી જઈને તે ઘા ચૂ ા યો

ત્યારે તેની ા પ્યાન છે? આપી ? એ કુતરો મ્હારે તો પાય પાં નુ ામ છે પછી ભલે ને એનુ જે ગમેનુ હોય તે કરે, ’

ક્તરે જાણ્યુ કે આ નકરા મા વખાન જશે તેથી તેમણે ત નજ ાા નિ ીને ચાતવાની તૈયારી કરતા કરતા કહ્યુ —

મ્હાર ાગત તું તે નગ હને આ આ આવજે હે ત્હા મ ાન જોયુ છે

'હા સાહેબ તેની ટેકરી ઉપર છે તેને આગળ ટેટા ન ીેને ા ત છે પ ?

ા તે નવ વાગે ન આવ ? મિ રિમથ તમને નમા ા નાગા આ કુતરો મો પહોચાડ્યાથી મળશે

ધાતર બોલતો બધ થયો ત્યાનુથી ચાલ દી રો અને જેમ ઉભા હતા તેમ િર રહ્યા ઊ રો તો નીચુ ઘાલીને હ પણ ર ા વિચારમા પ હતો એેમનામાં અ રથી કો ીનો સા સાભ ી સ્મિથ ઘર તરફ જતા તેને કહેવા લા ો —

હે સાભળ્યુ પૈન—ત્હારો કુતરો મ્હે વેચ્યો છે ને તે ત્હારે લઇને આપી આવ વાનો છે?

પણ એનુ એ શુ કરશે?

તેની ત્હારે શુ પચાત છે? ભલેને મારી નાખે આવુ મને બીનુ ધરાક ાેઇ મળવાનુ છે?—ત્હ હવે ત્હાર ામે વળગ—મે હારી મા તને બોલાવે છે

ત્હારા બાપા ે હારો ુતરો વે ો ? માએ પૈ ા જોતા જ્ઞ ર્યા

હા

તેના નાણા આવ્યા?

ના મ્હાર એને આજ રાતે જઇને પહોંચાડી આવવાનો છે

પૈ બિચારો દયામણે ચ્હેરે રડતો રડતો

જે કંઈ કામ કરવાનું હતું તે કરી લઈને ઘરના પાછલા ભાગમાંથી નીકળી પાસેના કબરસ્તાનમાં ગયો. ત્યાં એક ખૂણે સંતાઈને પોતાના કુતરાને બાથમાં ઘાલી નિરાશ થઈ ચિંતા કરવા લાગ્યો. કુતરો પોતાના ઉપરના આ વ્હાલથી આંખો મીંચીને લપાઈ ગયો પણ ટૅગ જ્યારે બોલવા મંડ્યો ત્યારે તેણે ધીમેથી આંખ ખોલીને જાણે સાંભળતો હોય તેમ ઉંચું માથું કર્યું.

આપણે બંનેને સતાવાની ટૉમી-આ એકજ જગા છે અહીં કોઈને આવવું ગમતું નથી તું જાણે છે ને મમી (મા) અહીંઆ મ્હારી પાસેજ ભોંયમાં સુતેલી છે.

આમ બોલતે બોલતે એણે વાંકા વળીને તેની માતાની કબર ઉપર હાથ ફેરવ્યો. આ જગા તો તે કંઈક ઘાટમાં હતી પણ ત્યાંના ત્યાં ઉંડો ખાડો પડી ગયો હતો અને આસપાસ ઘેના નીંદામણ ગયા હતા.

ટૉમી! હું એમ ધારતો નહોતો કે મા આખીને આખી અહીં સમાઈ ગઈ છે એનો ઓથી સારો અર્ધ ભાગ તો આકાશમાં ગયો છે ને જે અર્ધો ભાગ હું ઓળખું એવો હતો તે અહીં છે.'

આ શબ્દો એના મ્હોંમાંથી નીકળતા હતા પણ તે ઘણાજ મંદ સ્વરે વચ્ચે વચ્ચે ડુસકા પણ તેની સાથે સંભળાતાં હતાં પણ આ તો હજી બીની થઈ ન હતી એ એકદમ સમજ્યો હતો કે રોવે કંઈ વળવાનું નથી. કુતરો તો એનું બોલવું બંધ થયું કે પાછો વળી આંખ મીંચી ગયો હતો. ફરી એણે શરૂ કર્યું કે જાગી ઉઠ્યો—

' આખા જગતમાં ટૉમી! બધાએના—કુતરાઓના પણ બે ભાગ છે તેમાંનો એક ઉપર જાય છે અને બીજો નીચે જાય છે—તું જાણે છે ત્હારે પણ તેમજ છે હો—જો આ ત્હારી પુંછડી હાલે છે તે (તેની રૂંવાટાવાળી પુંછડી પકડીને નરમાશથી પંપાળતાં પંપાળતાં તે બોલ્યો) તે એક ભાગ અને બીજો જે આંખે જોઈ શકાતું નથી તે-તેને અમે લોક આત્મા કહીએ છીએ.

ટૉમીએ એનું નાજુકડું નાક નાના ટૅગના માથાના વાંકડીયા વાળમાં ઘોસી દીધું ને પાછો તે તો ઉંઘી ગયો. એટલામાં વળી ટૅગને બોલતો સાંભળી જાગી ઉઠ્યો.

આજ તો ટૉમી-(આસપાસ કોઈ સાંભળતું તો નથી એમ જોવા માટે દૃષ્ટિ ચારે પાસ ફેરવતો ફેરવતો તે ધીમેથી બોલ્યો) તું જાણે છે? તને કંઈક થવાનું છે. તેટલા માટેજ હું તને તે કહેવાને અહીં આવ્યો છું.

ટૉમી બિચારો પુંછડી હલાવીને જાણે આતુરતા બતાવતો હોય તેમ ઉંચે જોવા લાગ્યો.

તને દુઃખ તો થશે પણ તે હઠે મ્હેં વચન આપ્યું છે. બાપા જે કહે છે તે ... ફરીશ તેથી મ્હારે તો અણગમતે પણ તને આપી દેવો પડશે.

આમ વાત કરતે કરતે તે મને જાણે ઘણાએક કલાક સાં શાંત બેસી રહ્યો. આખરે પોતાના મનમાં કંઈ જાણે એક મહા ... નિશ્ચય કર્યો હોય તેમ દૃઢતાથી ટૅગ ઉઠ્યો. કુતરો તેની પાછળ આવ્યો અને ઘર આગળ આવી પહોંચતાં ટૅગે તેના ગળાના પટામાં સાંકળ નાખી તેને બાંધી લીધો.

પછીથી પૅક પાછો ઘરની બ્હાર નીકળ્યો અને ખેતરોમાં થઇને સામેની ટેકરી ઉપર ચ ના લાગ્યો કનાિક થ્યો ત્યારે દાક્તર બેનેટના બગનાપાસે આવી પહોંચ્યો અ ે નીચેથી ઉપર સુધી નિહાળીને તેની સામુ ટગર ટગર જોવા લાગ્યો ન્તુ ર ચેનાઉપર રંગબેરંગી ફૂલોથી તેનો આગનો ભાગ છવા ' ગ્યો હતો બ્હાર આગાળામા નરમ ગાદી તળીઆવાળી મ્હોટી મ્હોટી આરામખુરશીઓ રાખેલી હતી ને તેમાંથી એક ઉપર મ્હોટી એક કાળી બિલાડી રમન્તા લામા વાળવાળી સુતી હતી તે પૅ રમા ા ગ્યો એ બે સે ખ્યાક કરીને ા ી ની ને પાછી ન્નુખ ગઇ પછી એણે ાટ વગાડ્યો એટલે ઘર માંથી એક ાભી મ્હા આવી તેને એણે કહ્યું કે મ્હારે પેના ામા ચેાા ઉપર બેસીને મરવા નીકળેલ તેમને મળવું છે

ા—પાછનના ભાગમા તે બેઠા છે— એવો જવાબ મળતા તે એટી તર જતો હતો એટલામા પોતાને કોઈ મળવા આ્યુ છે. એમ સમ ે ાકતર પોતે ઇ તેની ત ફ આવતા જણાયા તેમણે પ ને જોતાજ પૂ છ્યુ કે—' કુતરો લાવ્યો ?

ના —

કેમ ?

આનો ઉત્તર પૅટથી ઝ આપી શકાયો નહિ. તેના ગળામાં ડુંટડા ાળાતા હોય તેવો ાક થવા લાગ્યો પોતાના મનની વાત છે ડવાથી તે મંજુર ન થાય અ ે મશ્કરીમા પણ તે ગણી કાપ એવી બ્હીકથી તેની જીભ ઉપડતી ન હતી

' ગતે તુ લાવીશ ખરો કે નહિ ?—જરા નીડાઇને દાક્તરે પૂછ્યું

જો સાહેબ તમારે તે જોઇતોજ હશે તો હુ લાવી કેમકે મ્હાના બાપાએ મને ુ કે કે મ્હાર તેને વહ જ ાંપ શે પણ સાહેબ ! તમે જે પૈસા મ્હારા બાપને આ પવા માગો છો તે માટે મ્હારા ગામના ા લામા કુજ આવીને તમારું ામ મ્ દુ તો કેમ ? હુ આળસુ નથી અને તમે ગ્ગેને જો મ્હારી પાસેથી ન ેા તો ુ તમે જે કહો તે કરી આપવા તૈયાર છુ

ાકતર આ સાભળી વિસ્મિત થયા— આવી લાગણી—આ ના નાના બાળકનામા હશે એમ તેઓ ધારતા ન હતા

પણ ભાઈ હારે કોઈ માણસનુ કામ નથી હાસ તો કુતરો જોઇએ છીએ અ ે આ ગામમા બીજા કોઇ પાસેથી મને તે મળી શકે તેમ નથી તેથીજ મ્હારે તેના મૂલ રતા બમણા ત્રમણા પૈસા ત્યાગ બાપને આપવા પડે છે તુ ન મ્હેને એની એટલી િ મત ગ ણાય ખરી ?

જુઓની સાહેબ —વિચાર કરતે રતે પૅટે જવાબ દીધા— એ તો જે ામ માટે તમે મા તા હો તે ામના પ્રમાણમા તેની કિંમત થાય મ્હારા બાપ ે તો એ કોઈ નોએ નથી અને મ ે તો સાહેબ આખી દુ નિયા રતા એ વધારે કિંમતી છે

દાકતર આ સાભળી પગથી માથા સુધી તે ે નિહાળતા ચકિત ેા ઉભા રહ્યા મ્ પાપ હવે તો ા િ મતથી તેમના સામે જોઇ રહ્યા

"આ તો જુદી વાત નીકળી'— ડાક્તરે કહ્યું, 'તું જાણે છે હું ડાક્તર છું? મ્હારે એ કુતરા પ્રયોગ માટે જોઈએ છીએ

શાને માટે સાહેબ?—અણસમજમાં પેટે પ્રશ્ન કર્યો '

"જોને-મ્હારે તો-એની ઉપર દવાઓ-

"સાહેબ મને ચોખે ચોખું કહો કે તમે એને શું કરશો'—અધવચ પેટે અધીરાઈથી બોલી ઉઠયો

"હું તને સમજાવવા માગુ છું પણ તું બાળક છે તેથી તને તેની મગજમાં સમજ નહિ પડે જો મ્હારે તેનો ઉપયોગ આખી મનુષ્ય જાતના ભલાને માટે કરવો છે

"સાહેબ એ શું?"—વળી પેટે પૂછ્યું

'જો—માણસો સ્ત્રીઓ છોકરા અને છોકરીઓ—ગમે તે માંદુ થાય તેના ઉપર અમુક દવા કેવી લાગુ પડે તે પ્રથમ આ કુતરાથી જાણી લેવાય તો ઘણા જણનો જીવ બચે

પેટે આ સાંભળી ચાકુ કંપી ઉઠયું

ત્યારે શું સાહેબ, તમે એને મારી નાખશો?

'ના ભાઈ ના—એમ તો એની મેળે કદાચ પાછળથી મરી જાય '

પેટ જરા પાછો હઠયો અને એનો અવાજ બેસી ગયો હોય એમ મુશ્કેલીથી બોલ્યો "—

ત્યારે શું એ જીવતો હોય ત્યારેજ તમે બધું કરી લેશો?

"હાસ્તો એ તો એમજ થાય

આટલા નાના છોકરાને આવી વાત વધારે સ્પષ્ટ રીતે સમજાવવી તે ડાકતરને કઠિન લાગ્યું હતું પણ પેટેજ વિશેષ ખુલાસો એટલામાં કરી દીધો

એની અંદર શું થાયછે તે તમે જોશો ખરું? એટલા માટેજ તમારે એનો ખપ છે?

ડાક્તર વિચારમાં પડયા આ વાત મુદ્દે તો ખરી હતી પણ તેની હા કહેતાં નિષ્ઠુરપણાનો વહેમ આવવાથી તે અચકી ગયા પણ એ સિવાય બીજો કંઈ ઉપયોગ કરવાનો હતો નહિ—તેથી આખરે એમણે સાચેસાચું "હા કહી દીધું તે સાંભળી વળી પેટ એકદમ પાછો આવ્યો અને કહેવા લાગ્યો કે—એને બચાવે મ્હારાથી તે કામ નહિજ થાય?

'ના—રે—ના—મ્હારે તો કુતરા ઉપરજ અજમાયશ કરવાની છે—જા હવે—મને ખોટી ન કર—મ્હારે ઘણું કામ છે

પેટ બિચારો માથું ખભા ઉપર નાખીને નિરાશ થઈ આવ્યો

એટલામાં ડાક્તરે તેને બૂમ પાડી બોલાવ્યો અને કહ્યું કે જો તું એને લઈને બરાબર નવ વાગે આવીશ તો હું ત્હારી મહેનત બદલ તને પાંચ શિલિંગ બીજા પણ આપીશ

પેટ તો ચારનોએ ચીઢાઈ ગયો હતો તેથી આ સાંભળી તેને વધારે ગુસ્સો ચઢયો તેથી તિરસ્કાર બતાવતો— પૂળો મૂકો તમારા એ પૈસામાં —એમ બબડતો ત્યાંથી ચાલ્યો ગયો

ડાકતરને કાને આ શબ્દો પડતાંજ તે સ્તબ્ધ બની ગયા

(અપૂર્ણ)

मानवेच्छा અને विधिविरुद्धता

લેખ —ચંદ્રશંકર ધીરજલાલ પંડ્યા —મ'ના

વસંતતિલકા—

દુખી સુખી પતમહીં જનને રે તૂ
ધાર્યાથકી વધિ વિભિન નમ્ર કરે તૂ
આશા અનેરી ઉગની ઉગમા રહે છે
નિશ્વાસ દીવ મેં તે પર્ણ જોઈ રહે છે

* * * *

ગંગાતટે સુગંન આની ઉભા રહ્યા આ
નવે દિશે મસીત શ રધુનંદ આવ્યા?
હાો મને પુરણ હા! પણ ન ક!
સામિત્રિમ નથા આ અહિ સારનાર!
સ્કંધે જુઓ પતિતણે મૂં વામહસ્ત
ઉંચો રે પર્ણોથી દક્ષિણ‌ુમાં તત
તેનેય ક મંતા હુ યોમિ સ્ફુરે
આપ ત્વરિત પતિ ઉર સ્વઉર સગે
મોની ઉગી પતિમુખે દુ વિલો રે તા
આનિ ગનેર્યો ન નો પરિતાપ જાતા
આહા! પ્રભુ! સુભગ આ હરિઆળી ભૂમિ
સ તમનો સહુન ઊંડજ દે બનાવી

હા હા પ્રિયે! ધન આ તત્ર સત્ય તો છે
તેથી આ રતુ તો મુને ગમે છે
સપ્રાસ્તપૂર નિર્દિન ગૃહેથી આવી
સાય નપુણ ઉધા દૂર રહુ હુંજ આહા
કોનાહલો જગતના પના ન છે
સાના ય શાનિનુ સદૈવ અહીં નવત
આત્મોન્નતિપથ સધાય અહીં સુરીતે
જેથી સુમાય નશુ શુચિ ય પ્રભુ નેને
યો ગી-મહીં તપ જ્ય તેથી રીચા
વ્હાના હશે લિર તનરથગ આવના આ
નતો યમે નિરજનરથગમધ્ય તે રે
નરતીમમો તુખન લઈ હાં શું આવે?

હરિગીત—સુનાગથ ગોરી, શું એ થાતા થયા હા! ચુમ્મનો!
જાણ ન હું ચુમ્મન મધુર વર્જીત રાખે છી અહો!
જેને અરે! નિજ જિવનમાં દર્શન અનુભર્યાં તો ન એ
જ્ઞાતા વદે છે, વ્યર્થ જીવન! મધ્ય જ અમસ એ

શિખરિણી—હશે એનો જેને, સ્વઅનુભવ તે તો થઈ શકે,
પરન્તુ એ દંગો, અનુભવવિનાનો શય કથે?
બને તે ના ના હો, પણ તુ વિના તે ભ્રમ ઘટે?
થયો વિતૂ જ્ઞાતા, નિર્ખો ... ડરો જેઘડતે!
ચૂંબતી વેળાએ નયુર્ગો દ્વિદરો દૂરી ઉરી, ને
પુન ભેગા થાના મતિપૂરી માફક ધસે
જણાવે લોનાને સુખદ સુરીતૂ દરય વર આ,
રૂપજો માગી આવી ... ન મળી રે જિવનમા

મન્દાક્રાન્તા—માટે એનૂ સુખ અનુભવી આયુ જેના ભગે તે
દૂરે જાવા મૂરખ નર વા કર્મહીણો હો તે
માપુ! લેજે દૂરી દૂરી તું એ, સુખનો સ્વાદ પ્રેમે!
આવે, નાવે, રસમય પળો, જિન્દગી મધ્ય ફેર!
એને ચાપી તન ઉર સહે, પ્રેમની એ પ્રતિમા!
હેને ચાપી, તન ઉર મહે સ્નેહની એ સરિતા!
રૂડી, મીઠી, અનુપમ અમી અંગે જેના ભર્યા છે,
ચાપતા તૂ હદનકદયે શાન્તિ એ અર્પી દેશે

શિખરિણી—હવે એનૂ માત્ર મિલન પ્રણયી રોકી શકે?
વળી તોડી કાશ વિમલ પ્રણયી પ્રેમજ શકે?
શકે સત્તા મારી ના પ્રણયી છે તો રોકીજ નહી,
મૂકે ગાઢતા એ વધુ ઉર ઉરે મિલન થવા

મન્દાક્રાન્તા—તોડી તો તો મગર્વો હઠથી પ્રેમ તૂટી પડે ના,
તોડ્યા તો વધુ ઘટ્ટ બને, પ્રેમીનો પ્રેમ તો હા!
જો તૂટે તો, જરૂર ગણજે પ્રેમી ના સ્વાર્થી એ તો
પ્રેમી ના કો નિર્ભિક જ, પણ લાગી પ્રીતિનો
પ્રેમી જીવે નભમાં જનના હૃદ-સાર્વ ભૌમે
પ્રેમી જીવે પ્રણય ગના, સૂરજ શી પ્રીતિને
પ્રેમીનો તો મિલન નહીં, આપુ! આત્મા દિગે છે,

પ્રેમીનૂ તો જીવન મધુરૂ પ્રેમી માટે ઠરે છે
પ્રેમીનાં, કટુ વચન તો પ્રેમીને મિષ્ટ લાગે,
સુધા જેવા મધુ મ્હો વળી સાત્વકી રે સદાયે
પ્રેમીનો તો કદી નવ જુવે પ્રેમી કો વાકચુકનો
પ્રેમીનૂ તો આણુ સઘળુ પ્રેમી માને અહોહો!
પ્રેમી માટે પ્રણયી જન ના જિંદગી બાની માને
પ્રેમી માટે સ્વરગિ સુખને પ્રેમી ખો૦ સહર્ષ!
પ્રેમી માટે પ્રણયી નિત દુઃખ કેવુ માધુર્ય ગ્રહે!
ને દુઃખ તો સ્વપુરસથી માધુર્ય કેવુ બને છે
ભાવો આવા હૃદય ઉપજે વા મ્હો અન્ય ભાવે
આપી દીધુ હૃદય હરે બોની ઓહો! સુભાગી!
સનાગો તૂ લતની નવલા પર્ણ જેવા મૃદુ છે
આપતામા હૃદયદૃનિ હાની હા! બઝાવે છે
અનુષ્ટુપ— તમે ધારો નથી તનુ લાવણ્ય મુજ તો મહા
વ્યર્થ શું ઉપમાઓ ને શરમાવો મને નમુ!
ના ના વ્હાલી! ધરો મુને રત્ન તવ સમુ ઇ
ભાગ્યવંત ગણા મારે સત્ય અસત્ય એ નહિ
ભલે હોના! વખાણો એ મોટાઇ છે વડાતણી
પોતાનુ સહ ટાળીને વડાઇ લઘુની કરે
જુઓ આકાશમા ભાનૂ સ્વતેજથી પ્રકાશીને
તિમિર નષ્ટ કરે વિશ્વે છતે ગર્વિષ્ઠ ના બને
હે મિષ્ટભાષી! સુગાત્રે! હૃદયની મણી તું
યુવાન ચુંબી ચુમ્મીને સ્મિતહાસ્ય વળી કર્યુ
મંદાક્રાન્તા—રે! રે! આવુ મિલન પળમા આવ્યુ! છે જવાનૂ
રે! મનનૂ મધુર સુખડુ વીતિ સે રે જવાનૂ
રે આવાનો કુદરત નકી દુઃ કરતી હશે રે!
નો આવા મધુર સુખનો નાશ થાશે શુ મે જે?
અનુષ્ટુપ—અહો! ના ભાન એવુ તો મસ્ત પ્રણયીને શિ
હશે ત્રાતા કદાપિ તો ના ઉર કિન્તુ એ નહે
જુઓ જુઓ સ્વપત્નીને નિજ કરાંગુલિવડે
હા! પાછો ફરીને તે કંઇ બતાવતો વદે —

(અપૂર્ણ)

વ્યવહારનું મહાકાવ્ય

'બળિયાના બે ભાગ'

બાવીશ જાતનાં બળ

અનુસંધાન પૃષ્ઠ ૪૭ થી

'આતંકનિગ્રહ' ફાર્મસી, જામનગર-કાઠિયાવાડ

અગ્યારમે નંબરે કુળબળ છે પ્રાણી માત્રમાં અને તેમાં પણ મનુષ્યોમાં કુળનું બળ ઘણું જ ઉપયોગી છે. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થનાર મનુષ્યને કુળને ન છાજતાં હોય તેવા કાર્યમાં પ્રવૃત્ત થતો જોઈ જો કોઈ વિચક્ષણ મનુષ્ય તેને કહે કે અરે! કેવા કુળનો માણસ છો એ વિચાર તો કર! તુને આવા દુષ્કર્મમાં પ્રવૃત્તિ કરતી વખતે શરમ કેમ આવતી નથી. એ સાંભળી તે માણસ ઘણેભાગે અકાર્યમાંથી પાછો ફરે છે. ન જારજાતસ્ય ललाटशृङ्गं कुलप्रसूते न च पाणिपद्मम्॥ यदा यदा मुञ्चति वाक्यबाणं तदा तदा जातिकुलप्रमाणम्॥ એ નીતિવાક્ય મનુષ્યના કુળબળની પરીક્ષામાટે ઉત્તમ માર્ગ બતાવેછે. એ વાક્યનો ભાવાર્થ આવો છે કે અકુલીન માણસના શરીરમાં તેના અકુલીનપણાને જાહેર કરનારૂં કપાળમાં શીંગડું હોતું નથી તેમજ ઉત્તમ કુળમાં જન્મેલા માણસના હાથમાં તેના કુલીનપણાને જાહેર કરનારૂં કમળ હોતું નથી. એટલે શરીર તો ઘણેભાગે મનુષ્યમાત્રના સમાનજ હોય છે. તેથી તે ઉપરથી કુલીનઅકુલીનપણાની પરીક્ષા થઈ શકતી નથી. પણ મનુષ્ય જ્યારે જ્યારે વાક્યરૂપ બાણને છોડે છે (બોલેછે) ત્યારે ત્યારે તેના કુલીનપણાની તથા અકુલીનપણાની પરીક્ષા થઈ શકે છે. કુળબળની સંપત્તિવાળો માણસ જે જે લોકો સાથે સાક્ષાત્ સંબંધથી કે પરંપરા સંબંધથી જોડાએલો હોય છે તે તે લોકો ઉપર પોતાના નીતિમય સદાચારની છાપ પાડે છે. એટલે સંબંધમાં આવેલા લોકોને પણ સદ્વર્તન દ્વારા કુળબળને મેળવવામાટે ફરજ પાડે છે.

આ સ્થળે આ વાત જાણવી જોઈએ કે સમવાય સંબંધથી સંયોગ સંબંધથી કે કોઈ બીજા તેવા પ્રકારના સંબંધથી જે જે પ્રાણી કે વનસ્પતિ પદાર્થો જોડાએલા હોયછે તેઓમાં કહેવાય છે કે દુષ્ટ પદાર્થના સંગથી સારો પદાર્થ પણ દુષ્ટ થઈ જાય છે. જે ઉપરથી કાગડાની જોડે ગોળાને બાંધ્યો હોય તો વાંકો આવે પણ માન આવે એ કહેવત ચાલે છે. તે વિષયના દાખલાઓ પણ જેટલા જોઈએ તેટલા મળી શકે તેમ છે તોપણ એક દાખલો આવો પણ મળે છે કે હમેશને માટે દુષ્ટના સંસર્ગમાં રહેતાં છતાં પણ પોતામાં દુષ્ટપણાને નહિ આવવા દેતાં ઉપરાંત દુષ્ટના સંસર્ગથી બીજા પ્રાણીને થએલા મરણાંત કષ્ટમાંથી બચાવી લેછે. જેમકે સર્પના મસ્તકમાં રહેનાર મણિ કે જે સર્પના ઉગ્ર વિષને પણ નષ્ટ કરી પ્રાણીને બચાવે છે. એ દાખલો ઉપરની હકીકતથી સિદ્ધ છે. હિતોપદેશમાં કહ્યું છે કે कुलीनैः सह मित्रता क्वापि न विनश्यति। ઉત્તમ કુળમાં જન્મેલા લોકોમાંથી મિત્રતા કરનાર માણસ દુઃખી થતો નથી. મનુસ્મૃતિમાં કહ્યું છે કે રાજાએ કુલીન પુરૂષોને મંત્રિપદ આપવું. એ પ્રમાણે કુળબળ ઘણું ઉપયોગી અને આપત્તિઓને દૂર કરનાર છે.

ઓગણીશમે નંબરે જાતિબળ છે. મનુષ્ય વગેરે પ્રાણિવર્ગમાં તથા વનસ્પતિવગેરે અપ્રાણી વર્ગમાં ભિન્નભિન્ન જે જાતિઓ છે તે સંબંધી અસર સંસ્કાર કે સ્વભાવ તે તે પદાર્થોમાં રહીને પદાર્થને પોતાના સ્વાભાવિક કાર્ય કરવામાં જે કુદરતી સામર્થ્ય આપે છે,

તે જાતિમ દ કરેવાય. જાતિ અનેકપ્રકારની છે મનુષ્યોની, ઢોરોની પશુઓની પક્ષીઓની જાતિવરગ એ ચ્યારે તથા મહાજાતિ છે અને મનુષ્યોમાં બ્રાહ્મણાદિ છે તે જાતિ છે તે અંતર ([illegible]) જાતિ છે મનુષ્યે પોતાનાં જાતિ ધર્મનું પાળન અવશ્ય કરવું છે જાતિમદવાળો માણસ પોતાના જાતિ [illegible] ધર્મ કર્મમાં દુરસ્ત રહે [illegible] માણસ એવો જેને પોતાની જાતિનું અભિમાન ન હોય તે માણસ [illegible] પોતાના ધર્મકર્મથી ભ્રષ્ટ [illegible] જાતિ અભિમાન જાતિના અભિમાનવગરના ધર્મ ભ્રષ્ટ લોકોના સંગ [illegible] આવવાથી એવા થતા થતા છેવટ નષ્ટ થઈ જાય છે તેથી તેવા જાતિભ્રષ્ટ લોકોના સંસર્ગમાં [illegible] જાતિમદવાળો માણસ ગમે તેવી મુશ્કેલીમાં આવી પડ્યો હોય તોપણ પોતાના જાતિ [illegible] પોતાના ધર્મથી ભ્રષ્ટ થતો નથી અને તેથી તે [illegible] થાય છે [illegible] પ્રાણીઓની ઉત્તમતા તથા અધમતાના જ્ઞાનમાટે [illegible] [illegible] જાતનો [illegible]

[illegible] જાતિના [illegible] [illegible] છે [illegible] [illegible] જાતિની પરીક્ષા થઈ [illegible] જાતિનો [illegible] [illegible] પરીક્ષાવાળો થતો નથી [illegible] જાતિનું [illegible]

જાતિ છે [illegible] જાતિ ન કહેવાય પણ [illegible] તથા જાતિનો [illegible] [illegible] [illegible] તથા [illegible] [illegible] નથી

[illegible] આવે છે [illegible] આ માણસ [illegible] છે એવા [illegible] સારા ગુણવાળો છે એવો [illegible] લોકોના [illegible] આવતો હોવાથી [illegible] [illegible] ગુણવાનો [illegible] [illegible] તથા [illegible] થાય છે [illegible] હોય તો તે પોતાની મેળેજ [illegible] આવે છે [illegible] પોતાના ગુણને જાહેર કરવામાં [illegible] નથી. જેમ કસ્તુરીમાં રહેલો સુગંધ પોતાની મેળેજ બહેરમાં આવે છે પણ કસ્તુરીને પોતાના સુગંધને જાહેર કરવામાં કંઈ યત્ન કરવો પડતો નથી [illegible] માણસ ગુણવાન ન હોય તે માણસ ગુણવાળા માણસને ઓળખી શકતો નથી તથા [illegible] માણસ પોતે ગુણવાળો હોય તેને [illegible] કોઈ [illegible] માણસ [illegible] તેને તે ઉપર [illegible] મત્સર-અદેખાઈ [illegible] તેથી એ બીજાને [illegible] ગુણ [illegible] નથી તેથી કોઈ એવો માણસ મળી આવે કે જે પોતે [illegible] હોય અને ગુણવાન માણસઉપર પ્રેમ રાખતો હોય તો એ બીજાના ગુણોની કદરદાની

લાભ થાય પણ તેવો માણસ સદ્‌ભાગ્યેજ મળી શકેછે ઉપના અભિપ્રાયનાજો શ્લો આવો છે—" नागुणी गुणिनं वेत्ति गुणी गुणिषु मत्सरी । गुणी च गुणरागी च विरल सरलो जन જેમ વિદ્યાધન ચોરથી હરી શકાતુ નથી ભાઈઓના ભાગમા વેચણીના વિષયરૂપ થતુ નથી તેમજ આ ગુણધન પણ ચોરથી લુટી શકાતુ નથી તેમ વેચી શકાતુ પણ નથી ગુણધનવાળો મનુષ્ય જ્યા જ્યા જાયછે ત્યા ત્યા સત્કારનુ પાત્ર થાયછે અને દુખનુ નિવારણ કરી સુખને પામેછે પૂર્વકાળમા અનેક મહાત્માઓ ઉત્તમ ગુણ ધનવાળા જેવા કે ધર્મરાજ યુધિષ્ટિર અર્જુન ભીષ્મ રામચંદ્ર પ્રહ્લાદજી ગુરૂ તાનિય બલિરાજા શિબિરાજા, રતિદેવરાજા માધાતા રાજા વીરવિક્રમરાજા ભોજરાજા અને કુમાર પાળરાજાવગેરે થઈ ગયા છે તેઓનુ શારીર બળ ધનબળ અને પરાક્રમબળ માનને વશ થઈ ગયેલ છે પણ ગુણબળ આજના સમયમા પણ તેવુને તેવુ જાગ્રત રહેલુ છે તેથી ગુણધન સપાદન કરવામાટે વિચક્ષણ પુરૂષોએ યત્ન કરવો જોઇયે જેઓએ યા ચાક્ષિણ્યવગેરે સાધારણ ગુણ ધનનુ સપાદન કરેલુ હોય તેઓ પણ પોતાના કુટુબમા અને જ્ઞાતિવગેરેમા સારી પ્રખ્યાતિ અને સ માનને પ્રાપ્ત થાયછે ત્યારે જેઓએ અ સાધારણ પ્રયત્નથી ગુણધનનુ સપાદન કરેલુ હોય તેઓ ઘણા દેશોમા અને ઘણા લોકોમા પ્રખ્યાતિને તથા સ માનને પ્રાપ્ત થાયછે એમા કશુ આશ્ચર્ય નથી જેઓએ દીર્ઘ કાળપર્યંત પોતાના શરીરાદિકની દરકાર રાખ્યા વગર અનેક કષ્ટોને વેઠીને ઘણી મુશ્કેલીઓને સહીને અપાર દુખોને ખમીને અને અનંત આક્ષેપોનો પણ અનુભવ કરીને અનુક્રમે સદ્‌ગુણોનુ સપાદન કરેલુ હોયછે તેઓએ આ જગતના પ્રાણિવર્ગ માટે કેટલો ઉપકાર કરેલો છે તેનુ પ્રમાણ કોઈ રીતિથી થઈ શકે તેમ નથી આપણે હમેશા તેવા ગુણી જનોતરફ પૂજ્યબુદ્ધિ માનવૃત્તિ અને તેઓના ગુણોનુ સ્મરણ કરી પોતામા તેવા ગુણોનુ સપાદન કરવાની સદ્‌વૃત્તિ હમેશા રાખવી એ આપણી ફરજ છે ન્યાયશાસ્ત્રવાળા વિદ્વાનો ગુણો ગુણીને છોડી ક્ષણમાત્ર પણ રહી શકતા નથી એમ માનેછે અને તે મતને અનેક યુક્તિપ્રયુક્તિઓથી સિદ્ધ પણ કરી બતાવેછે તથાપિ આ પ્રકૃતવિષય ગુણીજનોના ગુણો તેઓના શરીરોના અભાવમા પણ રહી બીજા લોકોને વધુ હિતાવહ ગુણસપાદનનો માર્ગ બતાવવામા હાજરી આપ્યા કરેછે એ વાતને સિદ્ધ કરેછે તેથી ન્યાયશાસ્ત્રકારોના મતને શિથિલ કરી દે છે

એ રીતેજ નવમુ ગાયબળ છે ઘરાતન શૂર અથવા હિમત એઓ બનના પર્યાય છે આ ગાયબળ કેટલાએક પ્રાણિઓમા હમેશા અને સ્વાભાવિક હોયછે અને કેટના એ પ્રાણીઓમા બીજાની સહાયતાથી કે કાર્ય તેના સમયમાજ ઉત્પન્ન થાયછે તેનો ઉપયોગ કેટલાએ મનુષ્યો વિવેકથીજ એટલે દેશ કાળ અને પાત્રનો સપૂર્ણ વિચાર કરીનેજ કરેછે અને કેટલાએક મનુષ્યો વિવેકવગર પણ આ બળનો ઉપયોગ કરી પાડેછે તે અયોગ્ય છે ગાયબળની સાથે જો ક્ષમાગુણ

અર્જુનના સબંધમાં ચાર દૈવમય અનિષ્ટ તાવાઈ થઈ ગયું ત્યારે તે શ્રીકૃષ્ણના સ્વધામમાં પધાર્યા પછી તેના જનાનાવગેરેને અનાથ જેવા થઈ ત્યાંથી પોતાને ત્યાં તેડી જતા હતા તે વખત એ ખામ નના કેટલાએક લુંટારાઓએ સામે આવી તેને એક સાધારણ માણસની માફક પરાસ્ત કર્યો હતો એ વાત ભાગવતના પ્રથમ સ્કંધમાં અર્જુને જાતે જ પોતાના જેઠ બંધુ યુધિષ્ઠિરપાસે જાહેર કરી છે એવા બીજા પણ અનેક દાખલાઓ છે આ દૈવમયને છે તો ખબર દેવાનું ... મતલબ છે કે બીજા સઘળા બળોનો ઉપયોગ જ્યાંથી કોઈ તેના સંયોગોથી અભીષ્ટ ફળની પ્રાપ્તિ ન થતી અને તેને બદલે અનિષ્ટની પ્રાપ્તિ થતી એવી બાબતનો સંભવ દેખાતો હોય ત્યાં ... એવું ... કે જેથી ... બાબતથી કેટલુંક જુદુંજ પરિણામ આવેછે આ બનતની આગળ બીજું શું બનતું નથી અને તેનું પરિણામ આ રાખવી ... છે કે આ ... થયું આ ... ભાગળ ... વાણી ... ની પુતળી માફક પ... છે તે જેમ નચાવે છે તેમ તેઓને નાચવું પડે છે સુખદુઃખનું સંપત્તિવિપત્તિનું અને જયપરાજયનું કે ... જીવનમરણનું ચક્ર ... કર્યા કરેછે તે ચક્ર એક લગુમાં ... માંથી ... નાગી ... છે અને બીજા ... માં ... માંથી ... કરવા પણું ... છે આ વિષયમાં એ ... ભાગળ ... ની બુદ્ધિ કોઈની ... થતા ... નો ... કોઈની ... કોઈનો ઉપાય ... થઈ શકે તેમ નથી એ પ્રમાણે છતા પણ આ વાત સમજવાની છે પણ તે ઉપરથી સર્વ કર્તવ્યનો ... રાખવાનો નથી પરંતુ જે જે સમયમાં જે જે દેશમાં ... માં અને જે જે ... ના સંબંધમાં વિચક્ષણ પુરૂષોની, અનુભવી લોકોની દાજરબુદ્ધિવાળા લોકોની સજ્જનોના લોકોની અને હિતેચ્છુ લોકોની જેવી એક સલાહ થાય તેની સાથે ... ના પ્રમાણમાં પોતાની બુદ્ધિથી પણ યોગ્યવિચાર મેળવી બીજા બળોમાંથી જે જે બળનો ઉપયોગ કરવો ઉચિત થાય તે તે બળનો ઉપયોગ કરવામાં ... પણ ... સાહ છે ... નહિ

— સહયોગી લોહાણા હિતેચ્છુ —

જણાવે છે કે— અકુરા સચિત્ર દીવાળીનો અંક પુસ્તક ... ના ... મારમો ... નગર ખાતેથી આ ... એ ... વર્ષ થયા પ્રગટ થાય આ માસિકના સચિત્ર અંકમાં દીવાળી ... જે ... આપવામાં આવ્યા છે તે સુંદર અને આ ... તેમજ તેમાં આવેલા ... અને લેખો પણ વાંચવા યોગ્ય ... આ માસિક તેના વિદ્વાન અને ઉત્સાહી તંત્રી ... ... મણિશંકર ગોવિંદજી વઘાણીએ પોતે એક ... અને ... થી ... માત્ર એક ... ની ... મુદતમાં ... ના ... ના હાથથી ... તેનું ... મોખરે અને સુપ્રસિદ્ધ બનાવી ગુજરાતી સાહિત્યની સેવા ... છે અમો આ માસિક તેના તંત્રીદ્વારા તેમનો અને સર્વના ... માં વિશેષ સેવા કરવા ભાગ્યશાળી બને તેમ ઇચ્છીએ છીએ

ભાગીરથી

(વસંતતિલકા)



જેના તરંગપવને પશુયે તરે છે
જ્યાં સ્નાનથી નરની પાતક નીતરે છે
પામી મુનીન્દ્ર સુર કિન્નર સિદ્ધ તોયે
હોયે ત્રિલોક અનિમેષ રહી વિલોકે— ૧

જ્યાં ચિત્તશુદ્ધિ જન પામ વિના પ્રયાસ
આનન્દ ઓઘ ઉભરે અઘ સર્વ નાસે
દે સ્વર્ગનો સઘળો સુખ આદિ આપી
ઉંચી ન વસ્તુ જગ એથકી અન્ય જાણી— ૨

પક્ષી પશુ મનુષ વાનર કીટ જન્તુ
આહીં તજે જલધિ નિજ પ્રાણતંતુ
પહોંચે સ્વધામ ક્ષણમાં વપુ દિવ્ય પામી
આનન્દ અનુભવે ભવરોગ વામી— ૩

વૈમાન શ્રી લટકતાં જન ગેહ જોતા
પૂરી પ્રતાપી જગમંગલકારી માતા
જ્યાં ઐરની નિરતી નથી માર્દતા
મન્દાકિની જન મને સહુ રોગહર્તા— ૪

હે તીર્થ ગણ્યું શુચિ કીર્તિ- ભીમ માતા
ભાગીરથી સગરનંદન મોક્ષદાતા
પ્રાર્થે તને જનનિ! આશિષ એ લેવી
ઉત્કર્ષ આર્યભૂમિનો કર શીઘ્ર દેવી! ૫

ચન્દ્રકાન્ત મગનલાલ ઓઝા,
ગાજરો

આ એય સત્યાગ્રહ

લેખ —શ્રીયુત ગંગલાલ જયાશંકર વાયજી—જામનગર



હા કહો કે ના કહો આમોના [illegible] ગમે તેમ તાણો મૂકો [illegible] ની [illegible] રો નાકના ટેરવા ગમે તેમ ફરવો [illegible] નાકર [illegible] બીજાતોને ગમે તે રીતે ધમ [illegible] પરંતુ અમારી સત્યાગ્રના ગને લે મુગેની સુદિન આપ પાસે [illegible] બોલવા વતાનો સબબ પણ ન રહે એ રીતે-રણુ કરવી એ એક જાતનો સત્યાગ્રહ છે નિષ્કામ કર્મયોગી મહાત્મા ગાંધીજી આશીશ અને

પારથી રાણિમા બીસ મા પે ભાગો કરી હોમ કની પડેપ રવા માગી છે સારથી પમારે વરમા જેમ તેમ ઉધુ અવળુ કાન રવાજ માં પુ ક આ શુ કરીએ પણ તે કહેવાય નહિ અને સહેવાયએ નહિ એ તો તમે જાણો પરના છો એ લે આ વાત જરા કરી દઉં પરંતુ કોઈ બીજાને તે કહેશો? એતો ઉન પાનાએ કશું નહિ ને ઉપરુ [illegible]

ચરણે અર્પી દીધુ છે મા઼બાપ હમણાં તે મર્કટ ને મદિરાપાનજ જેવુ થયુ છે વાક લઈ આવતા જરા વાર થઈ જાય તો મીજાજ ફરી ગયાની નીશાનીતરીકે આ જ્યારે બ હારથી આવ્યા કે ઇન્ડીને સ્ટીમ લઇ ૨૧૨ ડીગ્રીપર છે તેની નિશાની અને ખાત્રી અ પાનના છોકરાઓપર મેઇફ્રીવાહન બોલતોજ હોય પૂછતા કારવતાજ નથી કે ભૂખ લાગી હશે, પ તુ ઉલટા કેટલી વખત વાટ જોઇએ અમે નવરા નથી," હજી સ્ત્રી સભામા જવુ છે એના એ । સત્કાર ર ચનો ઓની વાદળી રગની શીશીમાથી Pure castor oil નો ઓવરડાઝ ચડા ો એવુ ર વદન કરી–રીસેપ્શન કમીટીના પ્લેટફોર્મ (સત્કારમંડળી કમીટીના આસન) પરથી ભાષણ આપના મડી પડ છે

સ્યો બોનો! હજુ શુ કહીએ કોને કહીએ અને કહી ગો ફાયદો? પરતુ લખતા રહે વાનુ નથી અને તેથી કાગળપર કલમ પરાણે લખાતી જાયછે પણ હ્રર માન એટલેનોજ કે મીસીસ અત્યારે સભામા આઇ દિ સ આ ગળની ભાષણ મોટે ભરી કઇ વિષયમા અનુમો । આપના ગયેલ છે એટલેજ આ લખવાના વખત મળ્યો છે નહિતર શુ દે। છે કે અભાગથી સ્ત્રીસભાના એક ઓનરરી સેક્રેટરી વિરુદ્ધ લખી શકાય–નારે ના, તુરતજ ગામના વકીલને રોકી ય નક્ષીનો કેસ માડી સત્યાગ્રહ બનાવી રાખય

હમણા હમણા મીસીસનુ તીર Anti clockwise એટલે ઘટિકાયત્રની વિરુદ્ધ ગતિએ ચાલવા માડયુ છે કયાથી શીખી આવી એતો મારો વ્હાલો પરમેશ્વરજ જાણે પરતુ ખાસી સાડા ત્રણ ફુટની નેતરની વોકીંગ સ્ટીક મારા ખુના વાસાપર ચાર પાચ ઝાટકી હસમુખે વદને બોલવા લાગ્યા કે—'પતિરાજ! ભાષણમાં સત્ય કહ્યુ હતુ કે નેતરમા સ્થિતિસ્થાપકતાના ગુણ છે જોયુને આપના વાસાપર મે તેને અચ્છી રીતે ઝા ટકી પરતુ તે તો વળવાને બદલે જેમની તેમજ રહી જવાબ શુ આપ્યો હશે એતો આપેજ અટકળ કરી લેવી પરતુ વિચાર માન એ તોજ થયો કે આ । વાસો મીસી સની શોધખોળ કરવાના Experiments (પ્રયોગો) કરવાની એક સારી અપ-ટુ-ડેઇટ શીટીંગ્સવાળી Laboratory (પ્રયોગશાળા) હોવીજ જોઇએ

એ જાતનો એવોજ કીસ્સો પાછો બની ગયો છે તે એમ હતો કે એક વ્હાડો દ મલિકના ઉપ રથી કટાળી જઈ મારી જ મવાની ઓસરી શીનાઈનથી ધોઇ મારી થાળી રસો ।માથી લઇ પાટલાતરફ રનો માચ કરતો હતો એટલામા કોણ જાણે કઇ જા તના લડકાના જરા ઇસારાથી અથવા તો આજકાલ મુજબ વિગેરે સ્થળે અસર્વ્યા ઇન ફ્લુએ ઝાની ઇફેક્ટથી મીસીસે પાછળ છાના માના આવી ફૂટબોલની એક પુશ દીધી આપણે તો સારી પેઠે લપસી જઈ ભૂમાતાને સાષ્ટાંગ દડવત્ કરતા હોઈએ અને તણે સરવેખાતામા તુરતમાજ ઉમે તારી કરતા માપવાની દોરી જૂની જઇ જાતે જ આપણી કરતા હોઇએ એમજ લાગ્યુ હા ગનુ મારી પેરે મદન થયુ પૃથ્વીના પ્રવર્ષકાનુ હાસ્ય

કરતા કરતા મીસીસ બોલ્યા— પતિરાજ! Newton ના fundamental laws માથી Law of centre of gravity એટલે ગુરૂત્વાકર્ષણનો નિયમ મને તો સાચોજ લાગેછે મારૂ આપ આની નીચી જમીનપર આપને ધક્કા આપતા આગળ નપસવાને બદલે ચો। નપસી આમ એ એક પગે કેમ ભાગ્યો। મોનો હવે કાં વશીકાર! કાં ઓછી થઇ?

અરે રામ આગનામા તો તમે કેમ ધરાઇ જાઓ છો આવી આવી તો ઘણીએ વીતી છે પરંતુ મીસીસના સત્યાગ્રહનો છેડો આ વતો નથી મીસીસને ન્યુસપેપર વાચવાનો શોખ ઘણો જ છે આમ પોતે એક દિવસના કટકા એટલે પૂછ્યુ શુ। એક દિવસે એક અંગ્રેજી દૈનિકમા Gandhi s passive esistance in Kaira—એ વાક્ય વાચી ઉતાવળમા મારી પાસે આવી તેણે ટાંગ્યુ પહોરની એક ડમડમ ફુકી ફક્ત એટલુ માત્ર એટલેજ કે Kaira ને બદલે Cairo એટલે એને બદલે કેરો (ઇજીપ્ટ)ની વાત સમજયા— પતિરાજ લાપસી ખાતાં વદને મીસીસે મશીનગનનો મારો ચાલુ કર્યો મહાત્મા ગાંધીએ તો વળી મીસ્ર આદરી આફ્રીકાનો એક ભાગ છોડી ઇજીપ્તના લોકોની હારે ધાયા સત્યાગ્રહ તો જુઓ। ઇક નીગ્રોની બાબત છે ધન્ય છે તેમને કે નેમો સત્યાગ્રહી થયા ત્યા તો ઘણા દેશી માણસો લાગેછે આ વાત વાચી હૂં તો હસજેમા પરંતુ આતો મીસીસની અક્કલના Select programme માના મેમ્બ સજ છે

વળી અમારે ઘરમાં આ મહાન્ યુરોપીય યુદ્ધનિર્ણ પણ ઘણુ ઘણુ સમજે છે અને ભાષણ દેવા પણ તયાર થઇ જાયછે પણ ફક્ત કહેવાની વાત એટલીજ કે જે પેપર કયા કર્યો રાખ્યો છે અને તેઓ કયા કયા આવેલ છે તેની પણ સમજણ નથી અને કદાચ સમજાના જાઇએ તો સમજે નહીં આ એય એક જાતનો સત્યાગ્રહ । તમારા ઘરમાએ આમ બાબત છે ? તો મહેરબાની કરી નમજે હાય પેની લોકમાન્ય મ્હેવત ઘેર ઘેર માગીના ચુલા સત્ય ન હોય



— હિત વચનો —

૧ સંયોગથી વસ્તુ તે સૌની જેઠ છે
૨ ઉદ્યમ કરવો પુરૂષને આધીન છે માટે તેમા ઉદાસીન ન રહેવુ જોઇએ
૩ શરણાગતને જીવતાં સુધી પણ છોડવો નહિ
૪ સત્ય પુરૂષો પોતાની સત્યતા ઉપર જીવે છે
૫ બીકાયુ માગ। અને આરોગ્ય પરાયા આશ્રયથી જીવે છે
૬ પગરવિચારે કામ કરનારાઓના આ રભને છેડે વિપત્તિ જ હોય છે
૭ અવશ્ય કરવાના કામમા વખત ગુમાવો નહિ

आशा



सती! सिद्धेश्वरी समारकी शृंगार आशा,
मनोमकवेगिनी, गतिवाहिनी सचार आशा!

स्वर्गसे सह गामिनी प्रयाणमें यह पास,
अनलता सहचारिणी "आशा" अमरावास!

वियोगे योगिनी सयोगिनी साकार आशा,
हृदयकी वाहिनी उद्धारिणी आधार आशा!

क्षणमें सखी सह राजती क्षणमें करे विरोध,
यह तुझ हर्षा हर्षका एकहि आये क्षोभ!

निरन्तर मोहिनी उत्साहनी उमग आशा,
सदा सहवासिनी परगामिनी सुमन्त्र आशा!

जीवन कवा ये खेलता सुरभि सुमन प्रसराय,
आशा आश्रित मोहमें पराग कहीं भमराय!

जीवन-व्यापार हृदयागारकी सुपराग आशा,
हृदयके रागका अविराग ये सुविराग आशा!

तेरा वह है जीवना तुझ सहवासे वास,
योग वियोगे हे सखि! छोडो इष्ट सुवास!

मनोमकवेगनी गतिवाहिनी सचार आशा,
सखि! सिद्धेश्वरी ससारकी शृंगार आशा!

सतीशचन्द्र गुप्त

ॐ

ધર્માચાર્યનાં કર્તવ્યો

લેખક—બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીનથુરામશર્મા

ધર્મશાસ્ત્રપ્રમાણે પોતાના શિષ્યોને ઉપવીત આપી તેમને અર્થસહિત સાંગ વેદ ભણાવનાર આચાર્ય કહેવાય છે. ષડ્દર્શનોના કોઈ એક દર્શનના પારંગત પુરુષ તે તે દર્શનપ્રમાણે તે તે દર્શનના આચાર્ય કહેવાય છે. ભિન્ન ભિન્ન શાસ્ત્રોના પ્રતિપાદ્ય વિષયોની એકવાક્યતા કરનાર, અધિકારીઓને સદાચારમાં સ્થાપનારા અને પોતે પણ શાસ્ત્રોક્ત સદાચાર પાળનારા પુરાણોપ્રમાણે આચાર્ય કહેવાય છે, અને વેદાંતશાસ્ત્રપ્રમાણે શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ને મુમુક્ષુઓને દયાવડે બ્રહ્મસ્વરૂપનો ઉપદેશ કરનારા આચાર્ય કહેવાય છે. કોઈ પણ સંપ્રદાયના મુખ્ય ગુરૂ પણ તે સંપ્રદાયપ્રમાણે આચાર્ય કહેવાય છે. સાધુઓના મંડળોના મહંતને પણ આચાર્ય કહેવામાં આવે છે. તેમને અવશ્ય કરવાયોગ્ય જે શુભકર્મ તે કર્તવ્ય કહેવાય છે. એ સર્વ પ્રકારના આચાર્યોના તેમાં પણ વિશેષે સંપ્રદાયોના આચાર્યોના અર્થાત્ લોકોને ધર્મોપદેશ કરનાર ધર્માચાર્યોના જે જે સામાન્ય કર્તવ્યો વર્તમાન સમયમાં આ અંતઃકરણની વૃત્તિમાં સ્ફુરે છે તે તે સામાન્ય કર્તવ્યો તેમની (ધર્માચાર્યનું કામ કરનારાઓની) ને જનસમૂહની જાણમાટે સર્વ જનની ન્યાયનાથી લખાય છે.

પ્રત્યેક સંપ્રદાયના આચાર્યે પોતાના સંપ્રદાયના મુખ્ય ને ગૌણ સિદ્ધાંતો પોતાના સંપ્રદાયના પ્રામાણિક ગ્રંથોનું સમર્થ અધ્યાપકપાસે અધ્યયન કરીને અને બહુશ્રુત વિદ્વાન્ પુરુષોપાસે તેનું શ્રવણ કરીને યથાર્થ જાણવા જોઈએ. અન્ય સંપ્રદાયોના સિદ્ધાંતનું સ્વરૂપ જાણવામાટે અન્ય સંપ્રદાયના પ્રમાણભૂત શાસ્ત્રો પણ તેમણે મધ્યસ્થભાવથી વિચારવા જોઈએ. ઉપયોગી શાસ્ત્રોનું અધ્યયન કરવામાં તેમણે લેશ પણ આળસ ન રાખવી જોઈએ. સ્વસિદ્ધાંતના ને પરસિદ્ધાંતોના શાસ્ત્રો સારી રીતે વાંચવાવિચારવાથી સ્વસિદ્ધાંતમાં વિવેકવાળી અડગ શ્રદ્ધા થતી નથી ને પરસિદ્ધાંતને તેઓએ તેવો ન્યાય આપી શકાતો નથી. તેમણે પ્રમાણને યુક્તિથી સત્યાસત્યનો નિર્ણય કરવાનો સ્વભાવ રાખવો જોઈએ. દુરાગ્રહી ન થવું જોઈએ.

પ્રત્યેક ધર્માચાર્યે પોતાના ધર્મના સિદ્ધાંતને અનુસરી નિત્ય સવારસાંજ યોગ્ય ક્રિયા ને યોગ્ય વિચારવડે પોતાના ચિત્તની શુદ્ધિ એકાગ્રતા સૂક્ષ્મતા ને શાંતિ વધારવા યથાયોગ્ય પ્રયત્ન કરવો જોઈએ. પોતાના સિદ્ધાંતમાં તેમણે ઊંડી દૃઢ ને વિવેકવાળી શ્રદ્ધા રાખવી જોઈએ. ઉપરની વાત લોકોને





દેખાડવાની કે વિવેકવિનાની દુરાગ્રહવાળી શ્રદ્ધા તેમણે ન ગણેલી જોઇએ પોતાના ધર્મસિદ્ધાંતના જે જે ભાગમાં પોતાના અંતઃકરણને પ્રમાણ ને યુક્તિવડે પૂરી સત્યતાનું ભાન ન થતું હોય તે તે ભાગ પ્રમાણયુક્તિમાં સમર્થ નિષ્પક્ષપાતી ને વિશેષજ્ઞ પુરુષને પૂછીને યોગ્ય રીતે સમજવો જોઇએ ને તેમાં જે જે શંકાઓ પોતાને રહેલી હોય તે તે શંકાઓ પ્રમાણ તથા યુક્તિવડે દૂર કરી તેનો યથાયોગ્ય નિશ્ચય કરવો જોઇએ જે ધર્માચાર્યે પોતાના સિદ્ધાંતનું સ્વરૂપ પ્રમાણો ને યુક્તિઓવડે તથા ર્થ જાણ્યું હોય ને તેમાં સત્યતાનું ભાન પોતાના અંતઃકરણને કરાવ્યું હોય તે ધર્માચાર્યજ જિજ્ઞાસુઓની યોગ્ય શંકાઓનું દુરાગ્રહ, ભય કે ક્રોધરહિત પોતાનું અંતઃકરણ રાખી યથાયોગ્ય સમાધાન કરી શકે છે એવી યોગ્યતાવિનાના પોતાને ધર્માચાર્ય માનનારા પુરુષો જિજ્ઞાસુના અંતઃકરણમાં ઉપજેલી યોગ્ય શંકાઓનું પ્રસન્નતાપૂર્વક પક્ષપાતરહિત યથાયોગ્ય સમાધાન કરવા સમર્થ થતા નથી

પ્રત્યેક ધર્માચાર્યે પોતાના શરીરધર્મોને તથા પોતાના વ્યવહારને યથાયોગ્ય ર ભાગના જે સમય અવશેષ રહે તેના યોગ્ય વિભાગ પાડી તેનો સ્વધર્માનુષ્ઠાનમાં ઉપયોગી શાસ્ત્રોના અધ્યયનમાં શુભવિચારમાં ઇતર જનોને સ્વધર્મનો નિર્દોષ વ્યાખ્યાનોવડે ઉપદેશ આપવામાં અને શાસ્ત્રાધ્યયન કરવાની ઇચ્છાવાળા પુરુષોને શાસ્ત્રાધ્યયન કરાવવામાં ને સામર્થ્ય હોય તો લોકોના હિતમાટે યોગ્ય ગ્રંથો રચવામાં સદાગ્રહપૂર્વક સાવધાનતા રાખી ઉપયોગ કરવો જોઇએ કોઇપણ ઉપાયવડે પુનઃ પ્રાપ્ત નહિ થનારો પોતાના મનુષ્યજન્મનો અમૂલ્યવાળો સમય તેમણે આલસ્યપ્રમાદ અને અવ્યવસ્થામાં નિરર્થક વ્યતીત થવા નજ દેવો જોઇએ

ધર્માચાર્યનું કામ કરનાર પ્રત્યેક વ્યક્તિએ પોતાના ધર્મનું નિત્ય શ્રદ્ધા પ્રીતિ વિવેક અને સદાગ્રહથી પરિપાલન કરવું જોઇએ અને પોતાના ઉપદેશમાં વિશ્વાસ રાખનારા શિષ્યોને, ભક્તોને અને તટસ્થ સજ્જનોને પોતાના અંતઃકરણે સત્ય માનેલા ધર્મનો શુદ્ધભાવથી યોગ્ય શબ્દોમાં ઉપદેશ કરવો જોઇએ, પણ અન્ય ધર્મનું પૂર્વાપરનો વિચાર કર્યાવિના દ્વેષબુદ્ધિથી વા અજ્ઞાનથી કઠોર ને નઠારા શબ્દોમાં ખંડન ન કરવું જોઇએ અન્ય ધર્મોમાં જે ખંડન કરવાયોગ્ય ભાગ પોતાની બુદ્ધિમાં પ્રતીત થતો હોય તે ભાગની અસારતા કે અપકારકતા પોતાના મનમાં મધ્યસ્થભાવનાયુક્ત રાખી યોગ્ય પ્રમાણો ને યુક્તિઓવડે વિવેકવાળા શબ્દોથી તટસ્થ સજ્જનોને તથા અન્ય ધર્મવાળાઓને તેના સ્વધર્મમાં વિચાર કરવાની રુચિ ઉપજે એવી રીતે પ્રતિપાદન કરી દેખાડવું જોઇએ તથા તે અસાર ને અપકારક ભાગ તે ધર્મમાંથી કાઢી નાખવાથી તે ધર્મ પાળનારાઓને થતાના લાભો પણ તેમણે યોગ્યરીતે સમજાવવા જોઇએ તેમણે ઉપદેશ કરતી વેળા સત્સંસ્કારવાળા શ્રોતાઓના હૃદયોના તંતુઓનો સ્પર્શ કરી તેનું આકર્ષણ કરનારી ઉપદેશના વિષયનું ઉત્તમ પ્રકારે સ્ફોટન કરી શ્રોતાઓના અંતઃકરણોમાં

તેના સંબંધમાં નવો પ્રકાશ પાડનારી હોતા એટા. અંતઃકરણોમાં કર્તવ્યનિષ્ઠાનો યોગ વધારનારી આડંબરવાળા ને નિરર્થક શબ્દોથી રહિત ને મધુર ભાષા વાપરવી જોઈએ. વળી તેમણે ઉપદેશના વિષયને મહુ લબાવવાનો કે ટુંકો કરી નાખવાનો સ્વભાવ ન રાખવો જોઈએ. વ્યાખ્યાન કરતી વેળા તેમણે તમાકુ ચુંથવી નહિ, તમાકુ ચાવવી નહિ, થુંકવું નહિ, તાંબૂલ ખાવું નહિ, અંગ્રાસડિ જોવું નહિ, વિનોદ હસવું નહિ, આ વ્યાખ્યાન જોવાની નહિ, નઠારા શબ્દોનો પ્રયોગ કરવો નહિ, જ્વતાં માણસોના ઉદાહરણો બનતાસુધી આપવાં નહિ, કોઈની નિંદા કરવી નહિ, પોતાના અંતઃકરણથી વિરુદ્ધ કાંઈપણ બોલવું નહિ, કોઈપણ મનુષ્યની સામે ક્રોધથી જોવું નહિ, વ્યાખ્યાનમાં વિચારનો કે વાણીનો દોષ થવા દેવો નહિ અને પોતાના અંતઃકરણમાં ને વાણીમાં ગર્વ, ક્રોધ, ભય કે ખેદનો આવિર્ભાવ થવા દેવો નહિ.

સર્વ ધર્મોના આચાર્યોએ દેશ, કાલ અને લોકોની સ્થિતિનો વિચાર કરી પોતાનો બાહ્ય વૈભવ વ્યવહારપક્ષે નભી શકે તેટલો ને બની શકે તેટલો સાત્વિક રાખવો. તેમણે ઋણ કરીને વ્યવહારનું કે ધર્મનું ગાડું કાંઈપણ કામ નભાવવું. પોતાની પાસે જેટલું દ્રવ્ય હોય તે નાણાં થાય તે પ્રમાણે પોતાના પોષ્યવર્ગના તથા સ્થાનાદિના આવશ્યક વ્યવહારમાટે જે જે વસ્તુઓ જોઈએ તે તે તેમણે રોકડા આપી યોગ્ય ભાવથી સારી જોઈને પોતાના વિશ્વાસપાત્ર પ્રામાણિક મનુષ્યપાસે મગાવવી. તેમણે કોઈપણ વસ્તુ ખાતે માંડાવીને ઉધાર મગાવવાનો સ્વભાવ નજ રાખવો. કોઈ વેળા પોતાના ભંડારમાં દ્રવ્યનો સંકોચ હોય તો તે વેળા કોઈ વસ્તુવિના ચલાવી લેવું વા તે વસ્તુ અલ્પપ્રમાણમાં વાપરીને ચલાવી લેવું, પણ તે વસ્તુ ઉધાર નજ મગાવવી. દુર્ભાગ્યના ઉદયથી કોઈ વેળા દ્રવ્યનો બહુ સંકોચ હોય તોપણ તે વેળા દ્રવ્યની સ્પૃહાને વશ થઈ અસત્ય બોલીને વા અન્યાયને માર્ગે ચાલીને દ્રવ્ય મેળવવા તેમણે ઇચ્છવું નહિ, વા મેળવવું નહિ. તેમણે ઉદાર કે કૃપણ ન થવું, પણ ઉદાર ને કરકસરવાળા રહેવું. તેમણે પોતાને માટે કે પરને માટે ઉત્સવાદિ વ્યય કરાવવું નહિ. પ્રથમ લખ કરી પાઠશાળા ઉઘાડીને, નાનું કૂવા વાવ કે ધર્મશાળા બંધાવીને, કે પુસ્તકાલય ઉઘાડીને પછી ગૃહસ્થોપાસે યાચના કરવાનો શ્રમ લેવો તે તેમની પદવીને શોભારૂપ નથી. અમુક ધર્મકર્મ કરવામાટે, વા બ્રાહ્મણભોજનમાટે, કે સાધુભોજનમાટે, ના મેળામાં અતિથિઓનો સત્કાર કરવામાટે પણ તેમણે દ્રવ્યના ઉધરાણામાં પડવું ઉચિત નથી. તેમણે નિરંતર પોતાનું સર્વ શાસ્ત્રીય વૈદિક કર્તવ્ય ઉત્તમ પ્રકારે કર્યા કરવું. ને એમ કરતાં સજ્જનો જે દ્રવ્ય પોતાની મેળે શ્રદ્ધા તથા પ્રીતિથી અર્પણ કરે તેનાથી પોતાનો સર્વ વ્યવહાર વિવેકપૂર્વક ચલાવવો. ને પોતે સ્વેચ્છાથી ધર્મના સર્વ કાર્યો યથાયોગ્ય કરવાં. તેમણે પોતાના ગૃહસ્થ શિષ્યોને કે શ્રદ્ધાળુ સજ્જનોને તેમણે ઘેર પોતાની પધરામણી કરવામાટે કે દ્રવ્ય અર્પણ કરવામાટે કંઈ કહેવું નહિ, કે કોઈ મનુષ્યદ્વારા તેમ

કાંઇ કહેનરાનું નહિ તેમણે ખેતી કે વ્યાપાર જાતે કરવા કે કરાવવા નહિ જો પોતાનો પ્રાપ્ત વ્યવહાર ચલાવતા પોતાની પાસે કાંઈ દ્રવ્ય અવશેષ રહે તો તે ભવિષ્યના વ્યવહારરૂપ માર્થના ઉપયોગમાટે કોઈ યોગ્ય સ્થળે તે મૂળ દ્રવ્યને હાનિ ન પહોચે એમ યોગ્ય વ્યવસ્થાથી રાખવું પણ વ્યાજના લોભને વશ થઈ તે મૂળ દ્રવ્યને હાનિ પહોચવાનો સંભવ હોય એવે અયોગ્ય સ્થળે તે રાખવું નહિ તેમણે પોતાનો નાસ વ્યવહાર કરતા દ્રવ્યરૂપ અનાત્મ વસ્તુમા પોતાનું ચિત્ત મમતાદોષને વશ થઇ બંધાઈ ન જાય તે માટે ઘણામા ઘણી સાવધાનતા સૂક્ષ્મદૃષ્ટિથી રાખવી તેમણે ક્રીડામાટે વાનર હરણ ને સસલાઆદિ પશુઓ કે પોપટ મેના વા કાકગિવાઆદિ પક્ષીઓ પાળવા નહિ નિવૃત્તિ પ્રધાન જીવન ગાળનાર આચાર્યે દૂધઆદિ માટે ગાયઆદિ પશુઓ બનતાસુધી ન પાળવા જો કોઇ કારણથી નજ ચાલી શકે એમ હોય તો તેમણે દૂધઆદિમાટે ગાયઆદિ પશુઓ માત્ર ઉપયોગજેટલાજ રાખવા વધુ નજ રાખવા તેમણે ગાડીઆદિ માટે ને અશ્વ તથા બળદ આદિ પશુઓ જો નજ ચાલે એમ હોય તો ઉપયોગજેટલાજ રાખવા વધારે ન રાખવા ગૃહસ્થાશ્રમી આચાર્યોએ પણ પ્રથમ તેનો વિચાર કરી જોઇતા વાહનાદિ રાખવા નજ ચાલતા જે પશુઓ રાખવામા આવે તે પશુઓને તૃણ ભોજન જળ સમયસર ને સારી જાતનું મળે તથા તેમનું સારી રીતે રક્ષણ થાય એવી સર્વ પ્રકારની યોગ્ય ગોઠવણ રાખવી રાખવી જોઇએ

ટમમા તેમણે પોતાનો નાનોમોટો સર્વ પ્રકારનો વ્યવહાર શુદ્ધ હૃદયનાવાળો ને સજ્જન સુશેલ્ધુઓને અનુકરણ કરવાજેવો રાખવો જોઇએ તેથી વિપરીત નજ રાખવો જોઇએ

તેમણે પોતાની સમીપમાં રહીને અંગની સેવા કરનારા ને દૂર રહીને બહારની સેવા કરનારા સેવકો બનતે પ્રયત્ને નજ ચાલે તેટલા પોતાનું કામ યથાયોગ્ય કરી શકે એવા પ્રમાણિક સ્વધર્મ પાળનારા સદાચરણી નમ્ર ઉદ્યોગી, સહનશીલ મધુર વાણી બોલનારા અયોગ્ય સ્પૃહાવિનાના, વ્યાધિ ભરેલા ને સ્વચ્છતા રાખનારા રાખવા જોઇએ પણ અપ્રામાણિક આળસુ, ક્રોધી નાસ્તિક મલિન રહેનારા ને દુરાચરણી મનુષ્યોને તેમણે સેવકતરીકે ન રાખવા જોઇએ જોઇએ તેના કરતા વધારે સેવકો રાખવાથી વિક્ષેપ ને ખર્ચ બન્ને વધે છે, માટે માન ધર્માચાર્યપણાની મોટાઇ દેખાડવા એવી પ્રવૃત્તિ કરવી ઉચિત જણાતી નથી યાચના માનનો ભંગ કરાવનારી છે, માટે માણસ આદિનું બનતું વધારે પડતું ખર્ચ રાખી તે ખર્ચને પહોચી વળવામાટે પોતાના ગૃહસ્થ શિષ્યોની પાસે કે અન્ય સજ્જનોની પાસે યાચના કરવી પડે એવી સ્થિતિમા જવું સમજુ ધર્માચાર્યને ઉચિત નથી વળી તેમણે યોગ્યતાવિનાના શિષ્યોનો સમૂહ સાથે લઇને ફરવું ને ખર્ચનો બોજો વધારવો તે પણ યોગ્ય લાગતું નથી

પ્રત્યેક ધર્માચાર્ય પોતાનું નિવાસસ્થાન જોનારને સાત્વિક આનંદ ઉપજાવનારું ને સ્વચ્છ રાખવું જોઇએ પોતાના નિવાસસ્થાની

અંદર જે જે પદાર્થો હોય તે સર્વ પણ સાત્ત્વિકભાવ ઉપજાવનારા ને સ્વચ્છ રાખવા જોઇએ તે દુષ્ટ મનોવિકારો ઉપજાવનારા કે મલિન સ્થિતિમાં રહેતા ન જોઇએ દેવના કે પોતાના દર્શનાર્થે બહારગામથી આવનારા શિષ્યોને તથા સજ્જનોને ઉતારો આપવામાટેના સ્થાનો પણ પવિત્ર ને એના [illegible] સાત્ત્વિકભાવ ઉત્પન્ન કરે એવા રખાવવા જોઇએ તેમણે પોતાના સ્થાનમાં નાનું [illegible] મોટું ઉપયોગી ગ્રંથોના સંગ્રહવાળું એક પુસ્તકાલય તેનું અકારાનુક્રમવાળું ને વિષયાનુક્રમવાળું સૂચીપત્ર રાખીને સારી સ્થિતિમાં રાખવું જોઇએ કે જેથી ધર્મમાં પ્રીતિવાળા સજ્જનો તેનો યોગ્ય લાભ લઇ શકે [illegible] પોતાના સ્થાનમાં વા સ્વામિત્વમાં કોઇ દેવમંદિર હોય તો તે દેવમંદિર ને તેની આસપાસની ભૂમિ બહુ પવિત્ર રખાવવી ને દેવની પૂજા બહુ માનપૂર્વક વિધિસર કરવી વા કરાવવી

પ્રત્યેક ધર્માચાર્યે પોતાનો પહેરવેશ બની શકે તેટલો સાદો ને પોતાની પદવીને શોભે એવો રાખવો જોઇએ [illegible] શોભતું પહેરવું [illegible] આપડું ન પહેરવું એ [illegible] સ્મરણ રાખી તેમણે નાનાપ્રકારના રાજસ અલંકારો ધારણ ન કરવા જોઇએ તથા જોનારની દૃષ્ટિને તુરત ખેંચનારા નાનાપ્રકારના રાજસ રંગીન વસ્ત્રો પણ તેમણે નજ ધારણ કરવા જોઇએ તેમની વસ્ત્રાદિ પહેરવાની રીત પણ સાત્ત્વિક જોઇએ રાજસી તામસી ન જોઇએ

પ્રત્યેક ધર્માચાર્યે પોતાની રસનેન્દ્રિય બહુ વશ રાખવી જોઇએ તેમણે રાજસતામસ આહારનું ને મિષ્ટાન્ન તેલ ને મરચાનું વધારે સેવન ન કરવું જોઇએ તથા અત્યાહારી ન થવું જોઇએ તેમણે સદા પથ્ય પરિમિત સુખપૂર્વક પાચન થઇ શકે એવો ને પવિત્ર આહાર ધીમે ધીમે સારી રીતે ચાવીને પાત્ર પાસેની ભૂમિ પાત્રનો વિશેષ ભાગ કે પોતાનો [illegible] તેની નીચેનો ભાગ મલિન ન થાય તથા પ્રવાહી પદાર્થો તેના મુખમાંથી ધ્વનિ ન થાય એવી રીતે લેવો જોઇએ ભોજન કરતાં કે જલપાન કરતાં [illegible] તેટલું, ભોજન ને જલપાન બંધ રાખીને [illegible] તેમણે મનની પવિત્રતા શાન્તિ અને આહારના વિવેકયુક્ત સેવનવડે પોતાના મનને તથા પોતાના શરીરને સ્વસ્થ રાખવાં જોઇએ

પ્રત્યેક ધર્માચાર્યે પોતાના ધર્મનું નાસ્તિક લોકોના કે કુતર્કી લોકોના દુષ્ટ વિચારોથી રક્ષણ કરવા તથા પોતાના શિષ્યોને યોગ્ય જિજ્ઞાસુઓને ભક્તોને તથા તટસ્થ સજ્જનોને સત્ય સિદ્ધાન્ત યોગ્ય પ્રમાણો ને યોગ્ય યુક્તિઓ વડે સમજાવવા વારંવાર શિષ્ટાચારને અનુસરતાં યોગ્ય વ્યાખ્યાનો આપવાં જોઇએ તથા દેશકાળને અનુસરતાં યોગ્ય પુસ્તકો રચીને બહાર પાડવાં જોઇએ [illegible] રખવામાં તેમણે બીજાની નિંદા કે ઉપહાસ કદાપિ પણ ન કરવાં જોઇએ તેમજ અયોગ્ય શબ્દોનો પ્રયોગ પણ તેમણે ન કરવો જોઇએ શિષ્ટ જનો સાંભળીને કે વાંચીને પ્રસન્ન થાય તથા પોતાને પૂર્વપક્ષી માનનારા પણ સાંભળીને વા વાંચીને તેના ઉપર ગુણાધિક્ય [illegible] વિચાર કરવા પ્રેરાય તેવી રીતે યોગ્ય પ્રમાણો

આપીને તથા યો૫ યુક્તિઓ પ્રદર્શિત કરીને તેમણે ગભીર ભાષામા મધ્યસ્થે વિવેચકની રીતે બોલવુ વા લખવુ જોઇએ આના શુભ પ્રયત્નવડે તેમણે પોતાના ધર્મનુ દુષ્ટ વિચારોથી રક્ષણ કરવુ જોઇએ, તથા જિજ્ઞાસુ જનોમા તેનો પ્રસાર કરવો જોઇએ તેમણે રાજાઓ અધિકારીઓ ધનાઢ્યો પ્રતિષ્ઠિતો ને ખરપૂરી પુરૂષોની સાથે પ્રસગ આવે પોતાની પ૰ નીનો વિચાર કરીને વિવેક વાળા મધ્યસ્થભાવથી નિર્ભયતાથી ને નિસ્પૃહતાથી વર્તવુ પણ તેમની ખુશામત કરવી નહિ, વા પ્રયોજનવિના તેમને મળવા જવુ નહિ અથવા પ્રયોજનવિના વારવાર તેમની સાથે મળવુ નહિ તેમજ તેમણે કોઇના ખાનગી કામમા પડવુ નહિ ધાર્મિક પ્રયોજન હોય. તેટલો સમય જ પોતાના નિવાસસ્થાનપર પોતાનું શ્રેયસ ઇચ્છનારી ને સદાચરણી સ્ત્રીઓને પુરૂષો હોય તે વેળા આવવાની તેમણે અગત્ય જણાય તો અનુમતિ આપવી પણ દુરાચરણી પ્રપચી ને સ્વાર્થપરાયણ સ્ત્રીઓને દ્રવ્યાદિની લાલચોને વશ થઇ પોતાના નિવાસ સ્થાનપર આવવાની કદીપણ તેમણે અનુમતિ નજ આપવી જોઇએ યોગ્ય ને પ્રૌઢ વયની સ્ત્રીઓની સાથેનો ધાર્મિક પ્રસગ પણ વિવેક ધૈર્ય ને સાવધાનતા રાખી ન કરવો તેમનો ને પ્રસગ રાખવો

પ્રત્યેક ધર્માચાર્યે ઉદ્યોગી પ્રમાણિક, સત્ય આચરણ કરનારા વ્યવસ્થાથી વર્તનારા સાર માનતાવાળા સદ્ગુણી, વિનયી ઇન્દ્રિયોને તથા મનને વશ રાખનારા, પરમ દયાળુ વિવેકી મધુ વાણી વૈરાગ્યાદિને પવિત્ર રાખનારા, પ્રસન્નવદનવાળા, નિશ્ચિત, કર્તવ્ય નિષ્ઠાવાળા નિસ્પૃહ ઉદાર ને પ્રતાપી રહેવુ જોઇએ આ શુભગુણો જો ધર્માચાર્યમા યોગ્ય પ્રમાણમા ન હોય તો ધર્માચાર્યે તે શુભગુણો યોગ્યપ્રમાણમા મેળવવા તે શુભગુણોની પ્રાપ્તિ થતાસુધી સદાગ્રહ રાખીને સતત પ્રયત્ન કરવો જોઇએ કેમકે તે શુભગુણોની પ્રાપ્તિ કર્યાવિના કોઇપણ ધર્માચાર્ય પોતાનું પ્રાપ્ત કામ સારી રીતે-સ્વપરનુ હિત સધાય એવી રીતે કરી શકતા નથી ધર્માચાર્ય શ્રીપરમેશ્વરના પ્રતિનિધિતુલ્ય ગણાવછે માટે શ્રીપરમેશ્વરમા રહેલા અનેક શુભગુણો જે માત્ર શાસ્ત્રદ્વારા લોકોના જાણવામા આવે છે પણ પ્રકટ જોવામા આવતા નથી, તે સર્વ શુભ ગુણો આસ્તિકજનોને પોતાનામા પ્રકટ દેખાડવાનું છે એમ કરી આ ઉદ્દેશ ધર્માચાર્ય થવાનુ પોતાનુ બહુ વિકટ, ગભીર ને પવિત્ર કર્તવ્ય છે તે તેમણે કદીપણ ભૂલવુ જોઇતું નથી

નેત્રાદિ જ્ઞાનેન્દ્રિયોને તથા વાણીઆદિ કર્મેન્દ્રિયોને વશ નહિ રાખનારા કામી ક્રોધી લોભી રસ આસક્ત વિલાસી નિર્દય પ્રમાદી ને આત્મકલ્યાણના સાધનોનું અનુષ્ઠાન નહિ કરનારા પશુ લોકમા માત્ર આચાર્ય નામથી ઓળખાતા આચાર્ય કર્તવ્યથી રહિત હોવાથી આચાર્યપદને યોગ્ય ગણાતા નથી એવા કથનમાત્ર આચાર્યોએ જો તેઓ યોગ્યતા ન મેળવે તો તેમના અનુયાયીઓએ લોકહિતાર્થે આચાર્યપદનુ કામ કરતા અટકાવવા જોઇએ

ધનસંચયને બે બોલ.



ગઝલ કવાલી

દમાઈશ નમિ ઉ કગિની જમા કરતા જરી જોજે
નય ર ઝેરની અગિની જમા કરના જરી જોજે— ટે
મરીશ તે એદની આ ફેતી તાદગી થા
નની રહી ગાની પાસે જમા કરતા જરી જોજે— દમાઈશ૦
અરોગનિ એદની એવી જપાડે વારિના ટેવી
કહે નિ માનની મી જમા રતા જરી જોજે— આઇશ
ચમનથી મેગની એને થયા મુકિ કોઈ એ હુને
ફટાની હાર જઈ નટેને જમા કરતા જરી જોજે— દમાઈશ૦
ઘણા કુરી એ ને ખાગી ગયા છે ઝદગી હારી
ગણિકામા તુ ની તારી જમા રતા જરી જોજે— કમાઈશ
ઘડીઆસમ નિત્ય વહેવાની નથી સ્થિર ક્યાંઈ રહેવાની
દુઃખો નિરાત દેવાની જમા કરતા જરી જોજે— કમાઈશ
કરજ પરમારથે ખતે થા ઉપયોગિ એ અંતે
કહ્યુ નથુરામ એ સંતે જમા કરતા જરી જોજે કમાઈશ

કવિ નથુરામ સુંદરજી

ચંદ્ર–પ્રભા

એકદરે આંખોના સઘળા રોગ નાબુદ કરવામા અદ્વિતીય ગુણ ધરાવે છે કામા કોઈ આ દવા એક વાર અજમાયશ દાખલ વાપરે છે તે હમેશા યાદ કરે છે મોટા મોટા દાક્તરો અને હકીમોએ તેની મુક્ત કંઠે પ્રશંસા કરી છે તેના સેવનથી લગભગ એંશી વર્ષ સુધીનુ આંખમા પડેલુ ફુલ ઓગળી જાય છે જેને પોતાની આખના કોઈપણ દરદને નાબુદ કરવુ હોય તેણે આ દવાની જરૂર અજમાયશ કરવી જોઈએ સર્વેની અનુકૂળતા માટે તેની કિમ્મત પણ એક શીશીના ફક્ત રૂ —૮— ટેટી જૂજ રાખવામા આવી છે પત્રવ્યવહાર સ્વચ્છ અક્ષરે કરો.

સોલ એજટ—બી ડી શર્મા,
જાગીરા–સમાચાર દિલ્હી

— પુસ્તક પરિચય. —



જ્ઞાન ગમતના ગૌહરો—

રચનાર માણેકશાહ દીનશાહ મીસ્ત્રી

અંગ્રેજી ફારસી અને ઉર્દુ સાહિત્યમાંથી નાદરી કાવ્યના રત્નોનો સંગ્રહ પુસ્તક આકારે રા મીસ્ત્રીએ બહાર પાડેલ છે

જે ગીતોમાં અનેક પ્રસંગોએ કામ લાગે એવી જૂદી જૂદી જાતની શિખામણો આપ નારી સખ્યાબંધ નાહાની મોહોટી વિવિધ વાતો પ્રમાણ-વર્ણન અને દાખના ટીનો સાથે આ પુસ્તકમા સમાવવામા આવીછે

વિષયોની અનુક્રમણિકા આપી હોત તો વાચનારને વિશેષ ઉપયોગી થાત પાકા પુઠાના સુદર બાઇડીંગવાળા આ પુસ્તકની કિમત રૂા ૧-૧૨-૦ છે

મહિલા મહોદય—

આ ગ્રંથ જૈનસાધુ બાલવિજયજી મહારાજે તૈયાર કરેલછે વ્યવહારધર્મ અને નીતિના શિક્ષણોથી ભરપુર છે શિક્ષણીય ચારિત્રો આપી પુસ્તકની ઉપયોગિતા વધારી છે કિમત રૂા ૧-૪-૦ રાખવામા આવેલ છે પાકુ પુઠું અને બાઇડીંગ સારૂં છે

વૈરાગ-દ્વિતીય કિરણ—

રચનાર ભાઇશંકર કુબેરજી શુક્લ, મોરબી-નિવાસી

આમા જૂદા જૂદા ૧૭ વિષયો ઉપર ભિન ભિન વૃત્તામા ભાવદર્શક કવિતાઓ આપેલી છે અર્જુન ઉર્વશી સંવાદ વગેરેની કવિતાઓ ઇતિહાસનો આસ્વાદ આપેછે સારે શ્વશુરમંદિરે જતી નવોઢા, રામસિંધુ રાજયોગ વગેરેની કવિતાઓ પ્રધાનતાથી ગ્માન રની મજા દેખાડેછે અને અમુક અમુક પાદપૂર્તિઓ કવિની પ્રતિભાશક્તિનો પ્રકાશ કરેછે

વૈરાગ-તૃતીય કિરણ—

રચનાર ભાઇશંકર કુબેરજી શુક્લ મોરબી-નિવાસી

આમા પણ જૂદા જૂદા ૨૮ વિષયો ઉપર વિવિધ વૃત્તમા કવિતાઓ જોવામા આવેછે જેમાં ઘણે ઠેકાણે ચમત્કારજનક ભાવો દૃષ્ટિગોચર થાયછે

મહાત્મા મન્સૂર

અથવા

પરમાત્મયજ્ઞમાં પ્રાણાહુતિ !

લેખક—શ્રીયુત ઠક્કુર ના. વા. વિસનજી—[illegible]

ચતુર્થ પરિચ્છેદ

કારાગૃહના દ્વારમાં યોગનો ચમત્કાર

 સૂરના મુખમાંથી નીકળેલો એ 'અનલહક્!'નો ધ્વનિ ધર્મભીરૂ મુસલમાનોના હૃદયમાં તીક્ષ્ણ બાણ સમાન ખુંચવા લાગ્યો અને તેથી તેઓ મર્માહત તથા ઉત્તેજિત થઇને મન્સૂરના પરમ વિરોધી થઇ ગયા. તેના સર્વ નાશમાટે કટિબદ્ધ થઇ ગયા. કટ્ટર લોકો તો તેને દેહાંતદંડ આપીને તેના જીવનનો અંત કરી નાખવા માટેની દૃઢ પ્રતિજ્ઞા કરી બેઠા અને બહુજન સમાજનો એજ અભિપ્રાય થયેલો જણાતો કે તલવારની ધારથી આ ક્ષણેજ મન્સૂરના મસ્તકને તેના દેહથી જુદું પાડી નાખવું એજ તેના આ બીભત્સ અપરાધ કુફ્રની યોગ્ય શિક્ષા છે! આ અભિપ્રાય બહુધા અસહિષ્ણુ જનોનોજ હતો. એટલે કે, જેઓ ધર્મયાજકો હતા તેઓ મન્સૂરના આ સ્વચ્છંદ આચરણની વાર્તા સાંભળીને હૃદયમાં વિરક્તિ અને મુખમંડળમાં વિકૃતિની છાયા લાવીને પોતાના હોઠોપર હસ્ત રાખીને પોતાની તટસ્થતાનેજ દર્શાવવા લાગ્યા. કિન્તુ અલૌકિક ક્ષમતાશાળી અને ધર્મવીર સિદ્ધપુરુષ મહાત્મા મન્સૂર લોકોના આટલી સીમા પર્યન્તના વિરોધને અનુભવતા છતાં પણ સ્વીકૃતમાર્ગથી લેશમાત્ર પણ વિચલિત થયા નહિ.

હાય હાય મન્સૂરને આ શું થઇ ગયું! એને આવી કુબુદ્ધિ ક્યાંથી અને કેવી રીતે સૂઝી! આવા નગરના ઉદ્ગારો કાઢતા અને લોકો અનુશોચના કરવા લાગ્યા. અનેક દયાળુ જનોનો એક વિશાળ સમુદાય મન્સૂરપાસે જઇને વિનયપૂર્વક તેને કહેવા લાગ્યો કે- આપ જો કૃપા કરીને અમારી એક પ્રાર્થનાને સ્વીકારશો તો આપનો અમારાપર અપાર ઉપકાર થશે. આપને અમારી માત્ર એ એકજ પ્રાર્થના છે કે આપ 'અનલહક્!' ને બદલે 'હું અનલહક્!' નો ઉચ્ચાર કરતા રહો. અમો આશા રાખીએ છીએ કે, અમારે અમારી આ પ્રાર્થનાનું કારણ આપને નવેસરથી સમજાવીને કહેવું પડશે નહિ. આપ પોતે વિજ્ઞ તથા જ્ઞાનભંડાર હોવાથી અમારા આ અનુરોધનો હેતુ અવશ્ય આપના જાણવામાં આવી ગયેલો હોવોજ જોઇએ. તે તો સમજ્યાની આ

પ્રાર્થનાનું શ્રવણ કરીને મહાત્મા મન્સૂર મૃદુ ગંભીર ભાવથી ઉત્તર આપતો કહેવા લાગ્યો કે–'તમારી પ્રાર્થનાનો સમસ્ત મર્મ મારા જાણવામા આવી ગયો છે કારણ કે મન્સૂર માતાના ઉદરથી પોષાતો અર્ભક નથી અનુપમ દાતા અને દયાળુ અલ્લાહના અનુગ્રહથી આટલા મર્મને જાણી લેવાની મારામા સંપૂર્ણ શક્તિ છે તે માત્ર ઇશ્વર છે અને તેજ સમુદાય છે તે સર્વવ્યાપક, સર્વમય વિશ્વવ્યાપક તેમજ સર્વસ્થાન તથા સર્વસમયમા વિદ્યમાન રહેનારો છે અને ભવિષ્યમા પણ રહેવાનો છે એ હું નથી જાણતો તેમ તો નથીજ !

' ગૂઢ મનુજ મંડિત નગરમા જનતા રહિત એકાન્તમા
જલહીન મરુભૂમા અને સાગર અનિલ વિસ્તારમા
ઉત્તાલ ગિરિના શિખરમા પાતાલ અતિ ભયંકરમા
સુખકાર શુભ જ્યોતિમા ને દુખકર અંધકારમા
દુર્ગમ્ય ગિરિની ગુહામા પાવક પવન આકાશમા
વજ્રાગ્નિજનિત વિશાળ મેઘોના તરલ આભાસમા
અતિ દૂરવર્તિ સુમેરુ તેમ કુમેરુકેરા મધ્યને
ભૂતોદ્યમા સ્વનોમ્માં તે વ્યાપ્ત છે સર્વ સ્થળે
રક્તપ્રભા દેવી ઉષાના લલિત લાલ લલાટમા
સ્તિમિત નયન સંધ્યા સમયના મંદ આભા-પાટમા
ફળ પુષ્પ વૃક્ષો વલ્લરી ને વૃક્ષના વળી પત્રમા
સુંદર સુમનના સુરભિમા ને ફળસ્વાદ વિચિત્રમા
પીયૂષમા વિષમા તથા નિર્મલ સલિલ કલ્લોલમા
પાવક શિખામા તેમ શીતલ પવનના હિલ્લોલમા
અક્ષત ઉજ્જ્વલતા વિસ્તારી સૂર્યના આલોકમા,
શીતળ નિશાપતિકિરણમા ને રમ્ય તારકલોકમા
સહાની વિકરાળ મૂર્તિ પ્રખર સમર ક્ષેત્રમા,
મધુકેલિ લીલા ભૂમિમા આમોદ નર્તન નેત્રમા
અતિ સૂક્ષ્મ વાલુકણ વિશે માનવતણા માનસવિશે
નગનાથના પ્રાસાદમા ને ઝુંપડી દીનની વિશે
મારા તમારામા ધનિકમા તેમ જન ધનહીનમા
રે પતંગો કીટાણુમા પશુ પક્ષી તેમજ મીનમા
સારાંશ કે આ વિશ્વમા ને વિશ્વ વસ્તુ સર્વમા
સતત વસેછે તેજ ઇશ્વર રાખ માનવ ગર્વ મા
છે બ્રહ્મમય આ વિશ્વ ને ઇશ્વર જગત્ આકાર છે
ભાવે પ્રભુને નિત જેમા એનો દરિમાર છે
હુ ભિન્નતો જેનો નથી મમ રૂપ એકાગ્ર છે
તેથીજ મારા મુખવિશે આ 'અનલહક્' ઉચ્ચાર છે

આ પ્રમાણેના ઉદ્‌ગારો કાઢીને સર્વ શક્તિમાન પરમાત્માની અગાધ શક્તિ તથા સર્વવ્યાપકતાની પ્રશંસા કરતો મહાત્મા મંસૂર આગળ વધીને કહેવા લાગ્યો કે- આહા! તે સર્વશક્તિમાન્ તથા સર્વવ્યાપક પરમેશ્વર સર્વ સમયે સર્વ સ્થાનોમાં સમભાવથી વિરાજિત હોય છે! છતાં પણ લોકો તે સર્વવ્યાપક પરમેશ્વર જાણે કોઈ અત્યન્ત દૂરના સ્થાનમાં સર્વથા અપરિજ્ઞાત સ્થાનમાં વસતો હોયની! એવા આશયના તમામ ઉદ્‌ગારો સાંભળીને માણસોના મનમાં અતિશય આશ્ચર્ય થયા કરે છે! લોકો એમજ કહ્યા કરે છે કે- અમો તને શોધી શોધીને થાકી ગયા અને અમારી સર્વ શક્તિઓનો અંત આવી ગયો. તોપણ અમને તેના દર્શન કિંવા સાક્ષાત્કારનો લાભ મળી શક્યો નહિ અને મળી શકવાનો પણ નથી અર્થાત્ તે ખોવાયેલા ધનનો અથવા તો પરમેશ્વરરૂપ તે અમૂલ્ય રત્નનો અમને ક્યાંય પણ પત્તો મળી શકતો નથી! અરે આ કેવી અદ્‌ભુત કથા અને કેવી ભયાનક ભ્રાન્તિ! જેને પરમાત્માએ વિચાર તથા વિવેકરૂપ ચક્ષુ આપેલાં છે તે મનુષ્ય કદાપિ આમ બોલવાનું સાહસ કરી શકે તેમ છે ખરૂં કે? હે મારા બન્ધુજનો! પરમેશ્વર શું ખોવાઈ જાય તેવો પદાર્થ છે? જુઓ જુઓ જો નેત્રો હોય તો તેમને ઉન્મીલિત કરીને જુઓ તો મહા વિશાળ વિરાટ્ સ્વરૂપે તે નયન તથા મનને વિમોહિત કરતો સર્વત્ર વિરાજી રહેલો છે એમજ તમારા જોવામાં આવશે! ચન્દ્ર, સૂર્ય તથા અનન્ય નક્ષત્રઆદિ આધાર અનંત આકાશ દેશ શું નેત્રોના અન્તર્ગતમાં નથી સમાઈ જાય તેમ છે? વિસ્તીર્ણ મહાસાગરનો [illegible] નથી અને તેથી તે [illegible] સર્વદા સમાન ભાવથી વર્તમાન [illegible] છે હું જળનો એક સામાન્ય બુદ્‌બુદ્ (પરપોટો) માત્ર હોવાથી તે અનંત મહાસાગરમાં પડીને કોણ જાણે ક્યાંય વિલીન થઈ ગયો છું અને [illegible] ચિહ્ન કિંવા મારી સત્તાનો લેશ માત્ર પણ અવશિષ્ટ [illegible] નથી હાય! મારૂં અદ્‌ભુત [illegible] કેમ [illegible] આટલું બોલીને મહાત્મા મંસૂર નીરવ થઈ ગયો. મંસૂરના આ ઉદ્‌ગારને સાંભળીને તેને સમજવામાટે ત્યાં બેઠેલા લોકોના મનમાં આગળ કરતાં પણ અધિક [illegible] સંચાર થયો અને તેથી તેઓ તેનો પ્રતિકાર કરવાની આશાથી અન્યાન્ય ઉપાયોને યોજવાનો વિચાર કરવા લાગ્યા.

તે પછી [illegible] સમયના એ શરીયતનેજ [illegible] વળગી રહેલા એ લોકો ધર્મોપદેષ્ટા અને શાસ્ત્રવેત્તા એવા કે પોતાના ધર્મગુરુઓ માનતા તથા [illegible] પાસે ગયા અને તેમને તેમણે મંસૂરના અનલહક! ઉચ્ચારની સમસ્ત કથા સવિસ્તર કહી સંભળાવી. તે ધર્મગુરુઓ અને શાસ્ત્રવેત્તાઓ એ કથા સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા અને પરસ્પર નાનાવિધ વાદવિવાદ તથા અનુમાન આદિ કરવા લાગ્યા પરંતુ એઓ તત્ત્વદર્શી અને બુદ્ધિમાન્ પુરુષ હતા તેઓ તો સર્વથા નિસ્તબ્ધતા તથા મૌનનું અવલંબન કરીનેજ બેસી રહ્યા. [illegible] કે, તેઓ મંસૂરની [illegible] તથા તેની ઉક્તિના [illegible]

એકવાર મધ્યરાત્રિના સમયમાં મહાત્મન શ્રી હુસેન મન્સૂર ગંભીર નિદ્રામાં નિમગ્ન થઈને શય્યામાં પડ્યો હતો તેવામાં તેને એક સ્વપ્ન આવ્યું અને તે સ્વપ્નમાં તેને એક કલ્પનાતીત અપૂર્વ ઘટનાનો સાક્ષાત્કાર થયો તેણે પોતાના દિવ્ય ચક્ષુથી એવું સ્પષ્ટ જોયું કે એક વિસ્તીર્ણ અને શુભ્ર ભૂમિખંડમાં એક નવા વસ્ત્રાવાસની (રાવટીની) સ્થાપના થયેલી છે અને તે વસ્ત્રાવાસની શોભા તથા સુંદરતા અત્યંત મનોરમ તથા વર્ણનાતીત છે તેને જોઇને જાણે તેના નિર્માણકર્તા શિલ્પીએ પોતાના અતિશય આનંદ પ્રકાર અને અકૃત્રિમ શિલ્પચાતુર્યનો પરિચય કરાવવામાટે અપના પરિશ્રમનો વ્યય કરી સુસ્નિગ્ધ યોનિરાશિદ્વારા પરમયત્નપૂર્વક તેને નિર્માણ કરી હોયની! એવોજ મહાત્મા મન્સૂરને ભાસ થવા લાગ્યો વસ્ત્રાવાસના અંતર્ભાગમાની વસ્તુઓ તથા સુસજ્જિતતાની સુંદરતા તો વળી એવી અનેરિક હતી કે તેના યથાર્થ વર્ણનનું કોઇમાં પણ સામર્થ્ય હોય એ કલ્પનાજ હાસ્યાસ્પદ છે તે સર્વ વસ્તુઓ અનંત અદ્ભુત અલૌકિક તથા અપાર્થિવ હોવાથી માનવની જિહ્વા તેમના વર્ણનનું સામર્થ્ય ન ધરાવતી હોય તો તે સ્વાભાવિક જ છે કારણકે મનુષ્યની ભાષામાં એવા ભાવપ્રકાશક શબ્દોનોજ જ્યાં દુષ્કાળ હોય ત્યાં પછી યોગ્ય વર્ણનની આશા જ ક્યાંથી અને કેમ રીતે રાખી શકાય વારુ? એ વસ્ત્રાવાસની ચારેબાજુએ વિદ્યુત્પ્રભાના ગર્વને હરનારી એ પ્રકારની અલૌકિક જ્યોતિની લહરી વિસ્તરેલી હતી અને તે દિગ્દિગંતરને આમોદિત તથા પ્રકાશિત કરતી દેખાતી હતી માનવચક્ષુમાં આવા પ્રકારના અદ્ભુત દૃશ્યને સ્થિરતાથી નિરખવાની શક્તિ ભાગ્યેજ હોય છે એતો નિર્વિવાદ વાર્તા છે ઉપર્યુક્ત સર્વ વસ્તુઓ તો માહાત્મ્યવ્યાપક તથા અતુલનીય હતીજ પરંતુ તે વસ્ત્રાવાસના અભ્યંતર ભાગમાં મદ્દુમ મનય મારુતાદિ શીતળ થયેલી છાયા આપેલી હતી તે છાયાની શુરુ ગરિમા તથા મર્યાદા તો તેમના કરતાં પણ અધિક પ્રભાવોત્પાદક હતી. તે છાયા એવા પ્રકારની હતી કે જે ઉષ્માવાહક

નિરાશ્રય નિરાવકાશના પ્રચંડ માર્તંડના ઉત્તાપથી પ્રતપ્ત અને ક્લિષ્ટ થયેલા મનુષ્યો ને સુશીતલ છાયામા આવીને શરણાગત સમાન બેસી જાય, તો તેમના શરીરના તાપ અને હૃદયમાના ક્લેશ આદિનુ નિવારણ થવાસાથે તેમના મનમા સુનિર્મલ સત્ત્વગુણનો સંચાર થતા તેમને નિસંદેહ આ લોક તથા પરલોકના સુખ શાંતિ તથા સંતોષ આદિનો પણ સાક્ષાત્કાર થઈ જાય એમા કોઇ પણ પ્રકારનો સંશય નહોતો.

તે વસ્ત્રાવાસના મધ્યભાગમા મરકતમણિ વિખચિત સુશોભિત સુવર્ણ સિંહાસનપર જગજ્જનહિતૈષી અને જીવોને તેમના પરિત્રાણના માર્ગને દર્શાવનાર પુરુષપ્રવર હજરત મહમ્મદ મુસ્તફા પ્રસન્ન વદન તથા સ્થિરભાવથી બિરાજેલા હતા તેમની અલૌકિક સૌમ્યમૂર્તિની જ્યોતિવડે સમસ્ત સ્થાને ઉદ્ભાસિત થઇને અપૂર્વ સ્વર્ગીય શોભાને ધારણ કરી લીધી હતી તેમજતેમના સુકુમાર સ્વર્ગીય શરીરના સુગન્ધ રોમરાજીઓ સમોતિ થયેલી દેખાતી હતી હજરતની ચારે બાજુએ ધર્મના ગૌરવમુકુટસ્વરૂપ ધર્મ પરાયણ સાધુઓ (પીર મુરીદ) અને રણયુદ્ધમા પ્રાણાર્પણ કરી ને પવિત્ર મૃત્યુને પ્રાપ્ત થયેલા વીરપુરુષો (શહીદો) પોતપોતાના આસનોપર વિનમ્ર ભાવથી બેઠા હતા સભાની શોભા અત્યંત રમણીય તથા અનુપમ હતી અને તેને જોઇને જાણે સુવિમળ નભોમંડળમા સંખ્યાતીત ચંદ્રકાન્તિ નક્ષત્રોના મધ્યમા અમલ કલંક ચંદ્ર આ મનમોહન પથી વિરાજી રહ્યો હોયની એવોજ ભાસ થયા કરતો હતો.

સભામા શાન્તિનુ સંપૂર્ણ સામ્રાજ્ય વ્યાપેલુ હતુ અને સર્વસભાસદો નિસ્તબ્ધતા ધારીને બેઠા હતા એવામા અચાનક વસ્ત્રાવાસના એક સ્થાનમા એક અત્યંત સૂક્ષ્મ છિદ્ર જોવામા આવ્યુ અને તે છિદ્રના માર્ગમાથી સૂર્યના કિરણોને અંતભાગમા આવતા જોઇને સભામા આવેલા સાધકોના હૃદયમા એક પ્રકારની તીવ્ર ઉત્કંઠાનો આવિર્ભાવ થયો. કારણ કે એથી તેમના હૃદયમા ક્લેશ થવા માડ્યો હતો અને તેથી તેઓ તે છિદ્રને બંધ કરીવામાટેના મિશન તથા ચાતુર્ય યુક્ત વિવિધ પ્રકારના પ્રયત્નો કરવા લાગ્યા પરંતુ આશ્ચર્યનો વિષય કે એવી રીતે અનેકવિધ પ્રયત્ન તથા પરિશ્રમ કરવા છતા તે સાવનશક્તિમંત સિદ્ધ મુક્તાત્માઓમાના એકને પણ એ કાર્યમા વિજય મળી શક્યો નહિ એટલે કે તેમનામાના કોઇથી પણ તે છિદ્રનો માર્ગ બંધ કરી શકાયો નહિ અને જે પુરુષો નિત્ય અવિચલ ભાવથી ધર્મના માર્ગમા ચાલનારા તત્ત્વજ્ઞાની અને પરમેશ્વરના પ્રિયજન હોવાથી દૈવી શક્તિના પ્રસાદથી સંકટના ઉત્કૃષ્ટ તથા અદ્ભુત કાર્યો સાધારણ રીતથી સંપાદિત કરી ચૂક્યા હતા તેજ પવિત્ર પુરુષો આજે આ એક સાધારણ કાર્ય ન કરી શકવાથી અત્યંત નિરાશ થઇ ગયા અને લજ્જાથી પોતાના મસ્તકોને નમાવીને પાછા પોતાના આસનોપર બેસી ગયા છિદ્રમાર્ગ કોઇપણ ઉપાયવડે બંધ ન થયો તે નજ થયો સાધુજનો તથા શહીદોની સર્વ ચેષ્ટાઓને વ્યર્થ તથા નિષ્ફળ થયેલી જોઇને જગન્માન્ય પુણ્યપુરુષ હજરત

મહમ્મ ગુરતફા સાહેબ અત્યત કરૂણ તથા મધુરસ્વરથી સર્વને સબોધીને કહેવા લાગ્યા કે હે ઇસ્લામ ધર્મના હિતૈષીઓ બુદ્ધિમાનો અને વિદ્વાનો તમો તથા બેઠા અને વ્યર્થ પરિશ્રમ કરીને ભિન્ન શામાટે થાઓછો વારૂ? પણ આ વિષયમા તમારો કોઇ પણ નાસ અથવા કોઇ પણ મયત્ન કદાપિ સફળ થવાનો નથી એ સ્પષ્ટતાથી માલ જણવામા આવી ગયુ છે જ્યાસુધી હુસેન મનસૂર પોતાની ઇચ્છાથી પ્રગટ પોતાના મસ્તકને શિરચ્છેદની રીત નહિ રાખે ત્યાસુધી આ શિરચ્છેદ ખરેખર પણ સાધ્યથી બધ થવાનો નથી!

તે દેવસભામા મનસુર પણ એક આસનપર બેઠો હતો એ તે પરમેશ્વરના મિત્ર અને સમસ્ત માનવજાતિના હિતૈષી.

મહમ્મદ ગુરતફા સાહેબના શ્રીમુખમાથી નીકળેલા આ પ્રમાણે શબ્દો સાભળીને હોલ્ડ લેહથી અને ઉત્સાહપૂર્વક તે પોતાના આસનપરથી ઉઠીને ઉભો થઇ ગયો અને ઉચ્ચ સ્વરથી કહેવા લાગ્યો કે આહા! કેવો અલૌકિક અનુગ્રહ! અહા કેવુ સ્નેહ વાત્સલ્ય!! આજે મારા સૌભાગ્યની પરિસીમા થઇ છે હે નબી આ એક મસ્તક તો શુ પણ જો આજે આ દીનાતિદીન દાસને સહસ્ર મસ્તક હોત તો હજરત રસૂલ્લાહની અમૃતવાણીની સાથે જ તે સહસ્ર મસ્તકોનુ બલિદાન આપીને હુ કૃતાર્થ થવામાં એક નિમેષ માત્રનો પણ વિલમ્બ કરત નહિ!! હાય આ પૃથ્વીપરમા જે પુરુષ જગન્મહત્પુરસ્કારભૂત જગદીશ્વરના માર્ગમા આત્મબલિદાનોત્સર્ગ કરીને પારલૌકિક લાભની પ્રાપ્તિસાથે પરમેશ્વરનો પ્રિયપાત્ર થવાના ભાગ્યને પ્રાપ્ત કરી શકે તેમના જેવો સન્માનિત અને મહાભાગ્યવાન્ પુરુષ અન્ય કોણ હોઇ શકે વારૂ? જો મનુષ્યોમાટે રણ યા ક્ષયા તથા જો વિષ્ણુઆદિત્યની આપત્તિની વિપત્તિથી વિપન્ન થતા આ માનો વિનાશ થાય તો એના કરતા શુભભાગ્ય તથા સુખનો વિષય બીજો શો હોઇ શકે તેમ છે? ફક્ત ભય ન રાખવો તેજ આ મહાવિધાન છે એ તત્ત્વને મે વિલક્ષણ રૂપથી જાણ્યુ ત્યારે કેવળ પૃથ્વીછે કે નહિ આ મનવિધાનના વિષયમા અસમર્થ હોયછે અને કે નહિ તેમના સહ્યમા કદાચિત્ મસ્તક છેદ થશે તો? એવી શકાને હૃદયમા સ્થાન આપીને ભયથી વિહ્વલ થઇ જાયછે તે મનુષ્ય કદાપિ સત્ય પ્રેમિ નથી કિંતુ તે ભક્ત શ્રદ્ધાવેશી વત્સ છે એમજ માનવાનુ છે

જગદ્ગુરુ હજરત મહમ્મદ મુસ્તફા રસૂલઅલ્લાહ મહાત્મા મનસૂરનુ આવા પ્રકારનુ સભાષણ સાભળીને સર્વ સભાસદો તેની અકૃત્રિમ અને આન્તરિક ઇશ્વરભક્તિ તથા પ્રેમનિષ્ઠાની ત્વરથી નગ્નમસ્તક કરતા ભગ્યા*

---

* મહાત્મા મનસૂરના આ અદ્ભુત સ્વપ્નવૃત્તાન્તની કોઇ કોઇ મહાત્મા પુરુષો આ પ્રમાણે વ્યાખ્યા કરી છે – સ્વપ્નમા દેખાયેલો પયગમ્બર તે સત્સ્વરૂપ જગદીશ નરસિંહ તથા પયગમ્બરની પ્રભા સમગ્ર બ્રહ્માણ્ડછે અને તેના પ્રધાન નબરસ્વરૂપ

અકસ્માત્ મન્સૂરની નિદ્રાનો ભંગ થયો તેની જન્નાનો લોપ થયો અને તે સાથે દેવસભાનું દૃશ્ય પણ તેની દૃષ્ટિથી દૂર થઇ ગયું જાગ્રત થયા પછી તે સ્વર્ગીય શોભા સમૃદ્ધિ અને સભામાના સભ્યગણના સમાવેશ આદિકો જોઇ શકયો નહિ તોપણ તે સુરસભા અને તે સભામાના સન્તસમાજનો ક્રિયાકલાપ તેના હૃદયફલકમા પ્રતિફલિત થયેલો હોવાથી અને તેના માનસ ચક્ષમા તેનો પ્રતિઘાત થયેલો હોવાથી તે જાગ્રત થયા પછી પણ તે સમુદાયની સજીવન ઉપસ્થિતિનો સાક્ષાત્કાર કરવા લાગ્યો પરન્તુ સચેતન વ્યક્તિનો આવો મોહ અને આવા પ્રકારનો મરીચિકામય ભાવ કયા સુધી અવિચલ રહી શકે તેમ હતું વારુ ક્ષણ બે ક્ષણ જતા મહાત્મા મન્સૂર સ્વપ્ન ગ્રહની નિરતમ્યતાનો ભંગ કરીને સ્વપ્નસૃષ્ટિને સત્ય માનવા માટે પોતાના શિરપર મૂર્ખતાનો આક્ષેપ કરવા લાગ્યો અને પરમેશ્વરના પ્રેમમા નિમગ્ન થતા તેના ગંડસ્થલને ચમકાવતી પ્રેમાશ્રુની ધારા વહેવા લાગી તેનું હૃદય તેના પોતાના અધિકારમા ન હોવાથી તે પાછો આવેશમાં આવી ગયો અને અન્તે હતાશહૃદય તથા મલિન મુખથી પ્રેમગદ્ગદ્ ભાવવડે પુનઃ 'હક્ હક્, અનલ હક્' નો ગગનભેદક ધ્વનિ કરવા લાગ્યો.

(અપૂર્ણ)

પયગમ્બર શિરોમણિ હજરત મહમ્મદ સાહેબ પોતે આ ધાર્મિક પુરુષોસહિત તેને પોતાના મસ્તક ઉપર ધારણ કરીને યત્નપૂર્વક તેની રક્ષા કરી રહ્યા છે સૂર્યના તાપથી તપ્ત એટલે કે શાન્તિના સનાતન ઇસ્લામ ધર્મનું અવલંબન કરવાથી અન્તમા પરિણામ પામીને પરમ સુખના અધિકારી થઇ રહ્યા છે અર્થાત્ મહાત્મા મન્સૂરના મુખથી ઇસ્લામ ધર્મવિરુદ્ધ 'અનલ હક્' ઉક્તિનો ઉચ્ચાર થવાથી વસ્ત્રાવાસ (ઇસ્લામ ધર્મ) ના એક સ્થાનમા છિદ્ર પડ્યું હતું અને તે છિદ્રને બંધ કરી દેવામાટે અનેક જનોએ અનેક ચેષ્ટાઓ કરી હતી એટલે કે મન્સૂરને અનલ હક્ બોલતો અટકાવવા માટે અનેક જનોએ અનેક પ્રયત્નો કર્યાં હતા પણ તેઓ પોતાના એ યત્નમા કૃતકાર્ય થયા નહોતા અને એટલામાટે સ્વપ્નામા આવ્યું હતું કે જ્યા સુધી હુસેન મન્સૂર પોતાની ઇચ્છાથી એ છિદ્રના માર્ગમા પોતાનું મસ્તક નહિ મૂકે એટલે કે શરેહ વિરુદ્ધ "અનલ હક્" ના ઉચ્ચારથી વિમુખ નહિ થાય અથવા તો આત્મવિસર્જન નહિ કરે ત્યા સુધી સ્વપ્ન જનોના અનેક પ્રયત્નો હોવા છતા પણ એ છિદ્ર કોઇ પણ ઉપાયે પૂરાય તેમ નથી અર્થાત્ મહાત્મા મન્સૂરના એ 'અનલ હક્' ઉક્તિના ઉચ્ચારને અન્ય કોઇપણ અટકાવી શકે તેમ છે નહિ ઇસ્લામધર્મની શરાઅનુસાર 'અનલ હક્' નો ઉચ્ચાર ધર્મવિરુદ્ધ હોવા છતાં મહાત્મા મન્સૂરની આધ્યાત્મિક શક્તિને આ સ્વપ્નમાજ અદ્વિતીય માનવામા આવી છે એનો સ્પષ્ટ અર્થ છે એટલે અતિ વિવેચનની આવશ્યકતા નથી

માખણની મહત્તા



વારે ધા નિરુવા લ્હેરા એ—રાહ

સ_થી છે માખણ સારૂં, પ્રભુજીને આણુથી પ્યારૂં રે
નંદને ઘેર આન થયો એ, માખણનો પ્રતાપ
કંસ સમા રિપુને હણવામાં આપી તાકાત અમાપ
સંસારીએ એથી સ્વીકાર્યું— પ્રભુજીને

માખણને સુખ કારક માની મેવે મોગા મહીપાલ
રંક જનો પણ ઘરમાં રાખે સમજી સાચો માલ
સ્હાયા સુખ દેનારૂં— પ્રભુજીને

કઠિન વસ્તુને કરી સુંવાળમ માખણ પામ્યું માન
આ ર આપે મધા અધિકારી મેળવે લાભ મહાન
ધેનુનો એ મહિમા ધારૂં— પ્રભુજીને

ખપતી ખબ ઘના દુનિયામાં વિ ા દામે વેચાય
ચાકરમાંથી ઠાકર થાવા માખણ નથ મનાય
હાનિ સઘળી હરનારૂં— પ્રભુજીને

કેશવ કોણ કરે નહિ એનો આનંદથી ઉપયોગ
રાજમાં માનવું કાજમાં માખણ વાપરો જોઇને જોગ
થશે નથ હુનં તમારૂં— પ્રભુજીને

રાજકવિ કેશવલાલ શ્યામજી

નોંધ—

માનનીય મી પટેલના હિંદુ લગ્નનાં બીલ સબંધી શ્રીયુત ગ રા કલ્યાણરાય જોહાભાઇ બક્ષીના વિચારોને, આ બીલ નામદાર વાઇસરૉયની ધારાસભામા તરતમા રજુ થવાનું હોવાથી આ અંકમા સ્થાન આપવામા આવેલ છે અને તેથી કરી આ અંકમા અંગ્રેજી વાચન વિશેષ પ્રમાણમા અપાયેલ છે અમારા વાચક મંડળ મોટે ભાગે અંગ્રેજી ભાષાથી પરિચિત છે તેમને આ વાચન માગ શક તથા ઉપયોગી જણાશે

ગુજરાતી ભાષામા આ લેખનુ ભાષાંતર તથા અર્જુનની લ્હાણી "ભક્તિ" "આ લોક તથા પરલોક" વિગેરે અગત્યના વિષયો આવતા અંકમા રાખવામા આવેલા છે

અધિપતિ

The Honourable Mr Patel's Bill

(*To validate Hindu Inter-caste marriages*)



Idealists are a valuable asset of a community but *impatient* idealists are, however unintentionally a source of subtle dangers and mischief

2 It is by now an established *proposition that the division of* the Hindus into numerous castes is a formidable obstacle in the way of their political advancement and all measures calculated to remove or weaken that obstacle, ought to be welcome to the wellwishers of the community But to this general proposition there is an all important vital limitation viz that the proposed measures do not and are not calculated to injure any of the abiding principles, which together constitute Hinduism अर्थ and काम are to be striven for but not at the *cost of* धर्म *This limitation the impatient enthusiasts oftener neglect than not*

3 Unfortunately those Hindus who play the role of leaders in the present day society are mostly innocent of the principles of Hindu Religion In their enthusiasm for material progress they lose sight of the fundamentals of their old religion

already obscured by the cobwebs of ceremonial customs prejudices faction sectarianism superstitions &c Here is a danger of the loss not only to the Hindus but to the whole Humanity of some great *Truths* discovered by the inspired Rishes (sages) of the olden times

4 One such great Truth which is the special find of the Hindu sages is the doctrine of Reincarnation Unlike the Christians and Mahomedans we believe that our present life is but a link in a long continuous chain of lives both past as well as future Many religious dispensations which do not appeal readily to our western ed notions of right justice and liberty are a necessary corollary from this doctrine of Reincarnation I mention this *only* as an illustration of what I apprehend

5 It has therefor to be borne in mind that the line of demarcation between matters social and religious is not identical for the Hindus and the non Hindus When we speak of inheritance as a purely civil right, that may be and is an absolute truth in the case of others but certainly not in the case of the Hindus —

The Brahminical theory of wealth is that it is conferred for the sake of defraying the expense of sacrifices The theory of inheritance is that it descends upon the heir to enable him to rescue the deceased from eternal misery The son who neglects the duty of redeeming his father is compared by Vrihaspati to a cow, which neither affords milk nor becomes pregnant He has no claim to the paternal estate It must devolve on those learned priests who offer the funeral cake to the deceased Naturally *degradation from caste the* highest penalty for sin was itself accompanied with forfeiture of inheritance

(Mayne's Hindu Law and *Usage* 1916 *p* 830)

This exposition, though not

quite happy in its terms, will serve our present purpose What I seek to make clear to my Hindu brethren is that they argue from a wrong standpoint when they contend that an individual ought not to be penalized for his independent choice of "faith or marriage' The real position is that he earns the inheritance only if he remains fit to perform the Shradhas &ca Those who are unqualified for the performance such as—

' One hostile to his father or expelled from caste or impotent or born blind or deaf, or the dumb or afflicted with an incurable disease &ca are equally debarred by the Shastras from inheritance as a right Among others duty follows right whereas for the Hindu duty is inherent and right only ensues from its performance That this rule is not literally practised is beside the point The main underlying idea, that determines the true point of view of Hindus as such is the material issue, to which I invite attention

6 Thus viewed Act XXI of 1850 (Freedom of Religion and Removal of Caste disabilities) which was passed clearly in the interest of missionary work and converts is a misconception It behoves Hindus to endeavour its abolition rather than volunteer for further enactments of its class He who sincerely believes in another religion or who puts his choice of a partner in marriage above the dictates of his religion ought not to covet property, earned by his father and others The religion of his birth gives him the choice and he is free to elect so as to have either one or the other but not both

7 Coming now to the present Bill what the learned philanthropist ignores is the main fact that while the numerous castes are not an ingredient of our Religion the four Varnas are such an ingredient If you do anything to demolish

the castes, while preserving the Varnas, none can rightly protest against your measure in the name of Religion but when your proposal disregards not only the castes but the Varnas as well and with the same unconcern you certainly encroach upon the sacred precincts of the Hindu Religion and hurt one of its vital parts the far reaching consequences whereof are beyond the ken of the majority the expediency of the proposed move is open to very serious doubt even on other considerations such as heredity and the special faculties tendencies and qualities evolved thereby

8 A seemingly more modest measure say a Bill to validate all marriages among the component castes of a common Varna would in my humble opinion without touching the Religious fabric deal a more effective blow at the evil of numerous castes and would give a decisive trend to the future of the Hindu community I am not unconscious of the fact that the castes have in some cases almost obliterated the boundary marks of the Varnas and that consequently doubts would arise as to the particular Varna to which a certain caste appertains This in itself would be helpful in the long run to the cause of reforms It world serve as an eye opener to many who fancy they are orthodox and would expose to their view the deplorable extent to which they have strayed away from their real faith in their blind worship of the so-called customs and traditions which in truth have ever been mysteriously changing On the other hand for immediate practical purposes it may be laid down that all such questions about the Varna of a person or caste shall be decided upon a reference to the recognized Shankeracharya of the territory in which the referring tribunal is situate When a reform aims too high it generally bears little or no

fruit or even induces a strong reaction But if it is only an immediate next step forward from where the people concerned are, the chances of its success are greatly enhanced

9 Lastly it will not I hope be impertinent to question whether it lies within the legitimate province of an elected member of Council to propose *legislation* which he knows or ought to know does not represent, nay runs counter to the views of the bulk of the community whom he is supposed to represent I am aware that there is a difference of opinion on this point among eminent politicians of Europe but there is hardly a room for it in India, where there is no previous declaration of his school and policy by a candidate to his electorate I submit, his first duty as an advocate of democracy is to try and educate the people to his own view by means in direct contract with them and propose legislation only when they desire it

Kalianrai Jetha Bakshi
(A Brahmin)

ચાલુ વિષયોની ચર્ચા

વિસૂચિકા (કૉલેરા)ની વિપત્તિ

ગયા વર્ષમાં દેશપર થએલા અને વિપત્તિઓના વેગભર્યા બનાવોમાંથી ઘણા એક બનાવોની અસર હજુ તેવા ને તેવા સ્વરૂપમાં તથા કેટલાએકની અસર રૂપાંતર પામેલા સ્વરૂપમાં ચાલુજ છે ત્યાં વળી દેશના વિભાગને શોભાવનારી મોહ નગરી મોહમયીઉપર વિકરાળ વિસૂચિકાએ રાજનીય નવું વર્ષ આરંભાયું કે તરત પોતાનો દુષ્ટ પેર ચલાવી ત્રાસ વર્તાવી દીધો છે અનેક મનુષ્યો તેનો ભોગ થઈ પડ્યા છે અને કુટુંબો ગોઝારા બની વેરાઇ ગયા છે ભયથી ભ્રમિત કરી નાખનાર દુષ્ટ પ્રયોગથી કરેલા પ્રહારો ભરબીન ભારતવર્ષના સમસ્ત અંગોમાં હજી તાજાજ છે, મિનન્દ ઝાંખા નથી એટલામાં પેટાળની મોકાણીથી ઉપજતી ચિંતા મનને નબળું પાડી રહી છે તથા તેની સાથે શરીરને પણ સુકાવી રહી છે ત્યાં વળી દુષ્કર જાળ જેવાનો પ્રયોગ અજમાવવાને વિસૂચિકાએ મોહમયીના શરીરપરજ મહા વિષમ વિસમ વાતાવરણ જમાવીને લોકોના અંતઃકરણમાં ત્રાસ પાડી છે આ કાંઇ નાનીસૂની વિપત્તિ ન ગણાય અસાવધ રહેલા વિપત્તિવખતે મનુષ્યબુદ્ધિ કામ કરી શકે સામુદાયિક મનના હતાશ થતા વેગને જો સહારો આપનાર હોય તો તેનો આધાર ઇશ્વરપરજ રાખી તેનું શરણ લેવું એજ છે અને તેથી એ ઉપરનાજ હિસાબ-તરીકે આપણે ઇશ્વરપ્રાર્થના કરીશું કે વિપત્તિના નાશને તે અનંત શક્તિ પરમાત્મા

તરત ફેંકી નાખે

મનુષ્યબુદ્ધિ પહોંચી શકે તેના ઇલાજો પણ આવી વિપત્તિના સમયમા સાએ ધૈર્ય પૂર ધ્યાનમા રાખવા એ પણ આવશ્યક છે કારણ કે સસારયાત્રામા પુરુષાર્થ અને દૈવ એ બન્ને બાજુઓના ટેકા લઇનેજ ચાલી શકાયછે

જે પ્રદેશ વિસૂચિકાને લાવનારા વાતા વરણથી ઘેરાયેલો હોય તે ન મા રહેનારા ઓએ માનસિક અને શારીરિક સ્વ છતા વિશેષ નથી રાખવાની સાથે નિવાસ સ્થાનની સ્વચ્છતા રાખવામાટે પણ પૂરતી કાળજી રાખવી જોઇએ ઘણુ કરીને ઉકરડાનો ગ ના આ મ ત્રા ને દૂ થી ન મા ઘેરી લાવેછે એ અનુમાનથી અને અનુભવથી પણ જાણી શકાયછે સહેલાઇથી પચી શકે નહિ તેવા ખોરાક ખાવો નહિ નાતિભોજન C નણીઓ તોરપાર તથા પર્વ અને ઉત્સવનિમિત્ત ઘરની અ ર થતા સ્વાદિષ્ટ–મિષ્ટાન્ન ઘણે ભાગે મુશ્કેલીથીજ પચે તેવા હોયછે આવા વિષમ વખતમા તેઓથી જેટલુ દૂર રહેવાય તે તુ વિશેષ લાભકારક છે સાદા ભોજનથી પણ સામાન્ય તૃપ્તિની હ છોડીને અતિતૃપ્તિપર્યન્ત જવુ નહિ ગળી ચીજોની ખાસીયતજ એવી હોયછે કે તે થોડા પ્રમાણમા ખાવામા આવે તોપણ ત ન પચે નહિ અને જો સમયમા વિસૂચિકાને લાવનાર વાતાવરણ ઘેરાયેલુ હોય તથા તેને લીધે પાણી પણ ખરાબ અસર કરે તેવુ બની ગયુ હોય અને તે તેને લીધે શરીરની અ ર થો કારથી પણ બાહ્ય ચાતુ કારણોની ચાર પુષ્ટિ મળવાને કારણે તબીયત બગ ડવાની તૈયારી થઇ રહી હોય તે સમયમા તો તેવી ચીજો થોડી માત્રાથી ખાવામા આવે તોપણ દરદ ઉપજાવનારી થાયછે માટે તેવી ચીજો ભલે પોતાને સ્વાદિષ્ટ લાગતી હોય અને તેપર મન લલચાતુ હોય તોપણ સ્વા અને લાલચને બાજુપર મૂકી તેવી ચીજોથી દૂર રહી જીવન બચાવવાની જરૂરિયાતને ભૂલવી ન જોઇએ


ભૂખ સારીરીતે લાગે ત્યારે માપસર જમવુ જેમ ભૂખ ન લાગી હોય છતા જમવુ એ હાનિ કરનાર છે તેમ ભૂખ લાગ્યા છતા ન જમવુ તે પણ હાનિ કરનાર છે કારણ કે ભૂખ લાગ્યા છતા લાંબો સમય ગાળીને પછી જમવામા આવે અને તેમા કાઇ ભારે ચીજ ખવાઇ જાય તો જઠરાગ્નિ શક્તિવાળો થઇ ગયેલો જઠરાગ્નિ તેને પચાવી શકતો નથી અને તેથી તેવો ખોરાક અપક્વદશામા આ તરડાઓમા પેસીને ઝેરની અસર કરેછે

વિસૂચિ ! વિસના રતા રાતને સમ વિશેષ લાગુ પડેછે અને ઉજાગરાથી થાકી શરીર નબળુ અને ક્ષુબ્ધ થયુ હોય ત્યારે પણ વિશેષ લાગુ પડવા સભવ છે માટે એવા સમયમા ઉજાગરાઓ વા નહિ

ર નુ ઉપદ્રવ ચિહ્ન જણાવા તેના ઇલાજ લઇ ર શે ઝના સારા વૈદ્ય નીમ તરતજ મેળવવી. રદને છુપા વવુ નહિ અથવા આળસ કરી ગફલત દરદનુ જોર વધવા દેવુ નહિ કારણ નથી એનુ રદ મરના મુશ્કેલી પડે છે અને મદદ મળતુ પણ નથી

ન ૧પસ સ્નાદિષ્ટ મીઠાઈ સનહસ્વા ૧ જાણીતા મીઠાઈવાળા

જોશી રામજી ખીમજીને ત્યાંજ જોશો



સાનું મિઠાઈની લમકતી ગીના નમનમા ટાટ
સામે પ્રતી ૨૪૪૨ ઞીને તેની શક્તિ તમારા શરીરમા
બ ાામાટે મોગ તરિકે—પાટિકાગ્નતરિ—કે ૨ ll
િ ભોજનતરિ—નારો ૧ ાલ ન બગડે તેવા
અાહીયા મગાવો

ગતલ ૧ ll આ ll ચીગ

જોશી રામજી ખીમજી,

જામનગર

દિલ્હી દરબાર.

અનુવાદક—શ્રીયુત વકીલ



પ્રકરણ ૬ ઠું (ચાલુ)

અનુસંધાન પૃષ્ઠ ૨૪ થી

અજીતસિંહ મહમ ુ આગમન જાણી શ ક્યો નહિ તેથી તેને નવાઇ લાગી પાછો ફર્યો અને ઉશ્કેરાયેના સ્વરે કાંઈ કહેવા જતો હતો પણ પોતાની વૃત્તિને સયમમા રાખી શાતતાથી જણાવ્યુ નહિ, આપ જાઓ તમારી મદદ મને જોઇતી નથી મારી પાસે કામ કરવા પૂરતા માણસો છે મને હેશત છે કે તમારી ગેરહાજરીથી વૃદ્ધ ઉમરાવને બહુ દુ ખ થતુ હશે તરત જાઓ તુર્ત્ત વૃદ્ધ મહમ જાનને જણાયુ કે રજપૂતની નમ્ર અને માયાળુ અરજ હવે નથી પણ હુકમ છે કે મારે રહેવુ નહિ તેથી ફરીને ચૂપકીથી યોગ્ય સલામ કરી તે ચા લો ગયો

જ્યારે રજપૂત સરદારને જણાયુ કે વૃદ્ધ મહમદજાન ચા લો ગયો ત્યારે તેણે રઘુવીરને કહ્યુ કે આપણે આ મકાનમા રહીએ તે વૃદ્ધ સરદારને ગમતી વાત નથી ઘણો વખત ઢબ્યા છતા પણ વૃદ્ધ મહમદજાન આપણને ઓળખતો નહોતો તે તમોએ જોયેલ છે અને બીજા કેટલાક કારણોને લઇને મને શકા થાય છે કે આમા કાઇ અનિષ્ટ હેતુ જોઇએ

આહિ સના તે, તેનો નોકર અને સ્ત્રી ચાકરસિવાય બીજુ કોઇ નથી વળી સખ્યામા આપણે ઘણા છીએ એટલે કદાચ શહેનશાહ પોતાના લશ્કરસહિત સામે થાય તોપણ આપણે હારી જઇએ નહિ '

અતિ તીવ્ર લાગણીથી અજીતસિંહ ગાજી ઉઠ્યો મારો કહેવાનો ભાવાર્થ એમ નથી કે રજપૂત સરદારને કદીપણ હેશત છે હું એ કહેવા માગુ છુ કે વૃદ્ધ ઉમરાવ અને તેના બ ધા નોકરો આપણા આહિ આવવાથી બહુ નારાજ છે અને આ પ્રખ્યાત બેગમમહાલમા આપણે નિવાસ કરીએ તે તેને પસદ નથી રઘુવીરે કહ્યુ તેઓનો

અસંતોષનું મને કાંઇ કારણ જણાતું નથી આપતા શો। સમયના નિવાસમાટે આપણે બધી જરૂરની સગવડ કરી લીધેલ છે તે ઓની મદદની આપણને જરૂર નથી આ પણને તેઓનું કાંઇ કામ નથી

વૃદ્ધ ઉમરાવ તે સઘળું સારીરીતે જાણતો હોવા છતા પણ—

કુમાર! તમોને શું શક છે?

સ્પષ્ટતાથી તે હું સમજી શકતો નથી પણ મને શક છે

'શું શક છે?

રઘુવીર-તે હું સમજી શકતો નથી ચાલો આપણે ઓરડાની અગાઉ તપાસ કરીએ

અજીતસિંહે દરવાજો ખોલ્યો અને રઘુવીર બત્તી લઇ તેની પાછળ ગયો ઓરડામા દા ખલ થતા અજીતસિંહે કહ્યું કે—

રઘુવીર! જો વૃદ્ધ ઉમરાવે જણાવેલ હતુ કે આપાસના નિવાસવાસ્તે આ સ્થળ લાયક નથી અને અહીં રહેવાથી આપણને બહુ હાડમારી ખમવી પડશે પણ જો આ કેવુ સુંદર મકાન છે! જે રીતે સગવડ વાળુ હોવા લાયક છે અને મસ્ત બહારથી અગ્ર છ અને સભાળ લીધા વગરનુ જણાયછે પણ તે સાફસુફ નહિ રાખવાથીજ દેખાયછે નાશ થયેલ દેખાવસમાન નથી અને ઉલટું ઘણું પણ બેગમના નિવાસસ્થાનને પણ લાયક છે

તે મકાનમા કાંઇ ફરનીચર નહોતું માત્ર થોડાં વૃક્ષ ઝાડ આસપાસ હતા બહુ નવાઇથી અજીત બોલ્યો રઘુવીર જો તેઓ કહેછે કે આ મકાન માણસને રહેવાલાયક નથી પણ ધ્યાન દઇને જો કે તેઓએ ઓ રડા કેવા સ્વચ્છ અને સાફ રાખેલા છે

ગંભીર મુખમુદ્રા ધારણ કરી રઘુવીરે કહ્યું અજીતકુમાર! ઉમરાવની વાત તદ્દન જુદી હતી પહેલેથી છેલ્લેસુધી તે હડહડતુ જુઠુ છે ખરેખર આ મકાનમા લોકો રહેતા હોવા જોઇએ

તમે તે કેમ જાણી શકોછો?

જો કોઇ નહોય તો ઓરડાઓ આવા સ્વચ્છ અને સુઘડ હોય નહિ

ચાલો ઉપર જઇએ અને ત્યા શું છે તે તપાસીએ

તેઓ ઉપર ગયા અને ઉપરનો ખંડ ઘણો આકર્ષક જણાયો દરેક ચીજ બરાબર અને નિયમપ્રમાણે દેખાણી દીવાલઉપરના ચિત્રો અને શણગારની ચીજો ઘણી સારી સ્થિતિમાં તેઓને જણાણી અને શહેનશાહ અકબરના સમયમા જે સુંદરતા તેમા હતી તેજ અત્યારે તેઓને માલુમ પડી

બહુજ ઉશ્કેરાઇને રઘુવીરસિંહે રાડ પાડી—

કુમાર! આહિં જુઓ પ્રથમ મે કહ્યું તેજ પ્રમાણે બધુ છે આ મકાનમા કોઇપણ માણસ રહેતુ હોવુંજ જોઇએ

તે ખંડના એક ભાગમા એક સુંદર પલંગ હતો જેના ઉપર મખમલની ચાદર પથારી હતી ઓરડાની જમીન કાચનથી આલેશ સાદડીઓથી જડેલી હતી એક ખુણામા હાથી દાંતનુ સુંદર ટેબલ પડેલુ હતું જે જો નારની આ મને ઉત્તમ કારીગિરીના નમુના સરિખ હેરત પમાડતું તે ટેબલઉપર સોનાનો પ્યાલો રંગદાર શરાબથી અર્ધ ભરેલ હતો

અજીતસિંહે સવાલ કર્યો–'કોણ આદિ રહેછે? શામાટે વૃદ્ધ આ વાત મારાથી છુપા વતો હતો? વિચિત્ર! બહુ વિચિત્ર!! આપણે આ મકાનમા દાખલ થયા તેપહેલા દરવાજાને તો તાળુ હતું '

રઘુવીરસિંહે કહ્યું 'કુમાર આદિ કોઇ ર હેછે તેમા જરાપણ શકા નથી આ બેગમ મહાલમા કોઇપણ નારીને રહેવા તે વૃધ્ધે રજા આપી હશે તેથી કરીને તે બાબત આપણને જણાવવા તે ખુશી નહોતો'

અજીતસિંહે તે કથન કરતા જણાવ્યુ– 'કોઇ મોટી પદવીનુ તે માણસ હોવુ જો ઇએ મોટી પદવીના માણસજ સોનાના વાસણમા શરાબ પી શકે સાધારણને તો તેનુ સ્વપ્ન પણ ન હોય

એકાએક તપાસ કરતા રઘુવીરે ઉચ્ચ આનદાન દુરુબારી બાનુ ઉપયોગમા લે તેવી સારી કીનખાબનો એક પટો બહાર ખેચી કુમારઆગે મુકો અને કહ્યુ–

મને ખાત્રી થાયછે કે કોઇપણ બેગમ આદિ રહેતી હોવીજ જોઇએ

કોણ તે બેગમ હશે અને આ રીતે આદિ છુપા રહેવામા તેનો શુ હેતુ હશે?

રઘુવીરે પૂરતા વિશ્વાસથી કહ્યુ આપ ણાથી આ વાત છુપાવવાનો વૃદ્ધનો યત્ન મૂર્ખતાભરેલો છે મને ખાત્રી થાયછે કે પ્રેમના પ્રસગો હજુ લય પામ્યા નથી વૃદ્ધે આ સ્થળે એક બેગમ રાખેલી હશે જેને તે જાહેરમા બતાવવા ઇચ્છતો નહિ હોય હવે તેને કમળી-ક્ષુઝવણ થઇ હશે તેના વિન વિ નોદસ્થાનમા આપણે રહેવા માગીએ છીએ એમ જ્યારે તેણે જાણ્યુ ત્યારે મહાન અકબરની પ્રિય ઓરતના મહેલમા આપણને રહેવા દેવા તે બહુ નાખુશ થયો હમાણી સાથે વાત કરવાથી તે ધ્રુજતો હતો તેનુ તેજ કારણ હશે અને આપણી દીલચાલ- ઉપર વહેમની નજરે જોવાનુ પણ તેજ કારણ હશે '

રઘુવીરની આ રીતની અજીતસિંહને ખાત્રી થઇ નહિ પોતાના તાબાના સર દારની આ વિચારવત દલીલથી તેને સતોષ થયો નહિ અને વિચારનિમગ્ન થઇ જણાવ્યુ "તમો કહોછો તેમ કદાચ હોય પણ જો તેમજ હોય તો તેણીને (વૃદ્ધની બેગમને) આદિથી દાબી મૂકવી એ આપણને માટે સારૂ નહિ.

રઘુવીરસિંહે કહ્યુ કે આ અન્યાયના કામમા આપણો હાથ નથી આપણી ખુશી વગર આમ બને છે વળી બાદશાહના ફરમાનને ગમે તે જોખમે આપણે માન્ય કરવુજ જોઇએ '

અજીતસિંહે કહ્યુ રઘુવીર મને એક મુઝવણ છે સઘળા સ્થળ છોડી બાદશાહે આ મરીયમ બેગમના મહેલમા રહેવાનુ શા માટે ફરમાન કરેલ છે તે હજુ હુ સમજી શકતો નથી

રઘુવીરે જણાવ્યુ બહુ સહેલાઇથી સમજી શકાય તેમ છે બાદશાહની એવી માન્યતા છે કે આપણા કાર્યવાસ્તે મરી યમ બેગમનો મહેલજ સગવડવાળુ સ્થળ છે

હુ કબુલ કરૂછુ રઘુવીરસિંહ! પણ સાવધ રહેવામા કઇ હરકત નથી હમેશા આપણે સાવધ રહેવુ જોઇએ ત્યારે તમો


વારોછો તેપ્રમાણે નીવડે નહિ ઘણી વખત આપણને જણાયછે કે જે પ્રમાણે કાંઇપણ દેખાય તે તેપ્રમાણે હોય નહિ મારા દોસ્ત અને શુભેચ્છક તમારાથી કાંઇ છુપુ રાખવુ ન જોઇએ ખરૂ કહેતા દીસો તો મારા મનમા કાંઈ વ્હેમ જણાયછે વિચિત્ર વ્હેમ મારા મગજમા ભરાયેલ છે અને તે વ્હેમ શુ છે તે હુ સમજી શકતો નથી કદાચ સંભવ છે કે આ શહેરમા બીજા માણસો રહેતા હોવા જોઇએ

રઘુવીરે કહ્યુ સદ્ભાગ્યે વા દુર્ભાગ્યે આપણને કાંઇ માલુમ પડતુ નથી

અજીતસિંહે ગંભીરતાથી કહ્યુ કંઈ ફિકર નહિ હમેશની માફક આપણે સાવધ અને હુશિયાર રહેવુ જોઇએ

પ્રકરણ ૭ મુ

દુશ્મનની છાવણીમા



ઉપર અને નીચના મકાનો ખંડો આદિની તપાસી અજીતસિંહ અને રઘુવીર બહાર આવ્યા અને આખા મકાનની આસપાસ મશાલ લઇને ફર્યા પણ કાંઇને તે જોઇ શક્યા નહિ એક વખત આ મકાનની આસપાસ સુન્દર બગીચો હતો પણ મોગલ લીધાબાદ તે સ્થળ અત્યારે જંગલ બની ગયુ હતુ એ વખતના સુંદર બગીચાઓ અત્યારે વેરાન બની ગયા હતા બાદશાહની માનીતી બેગમના મહેલો આ સ્થળે જે પૂતળીઓ હતા તે બધા ભાંગી ગયેલ હતા અને મહાન અકબર અને તેની ક્રીસ્ચન ઓરતઉપર જે કૃત્રિમ ફુવારાઓ પાણી પાડતા તે બધા અત્યારે સુકાઇ ગયેલ અને નાશ થયેલ સ્થિતિમા હતા

આ બધી ફત્તેપુર સીકરીની આનંદ એક વખતની આ ફુલવાડી રઘુવીરે બતાવી અજીત બોલ્યો-

આ ફુલવાડીની વેરાન સ્થિતિ નિહાળો- કદાચ વૃદ્ધ સમાગતે આ એકાંત સ્થળે કોઇ પણ બેગમને રાખી હોય તો બગીચાની આવી સ્થિતિ કેમ હોય?

રઘુવીરે ઉચ્ચ સ્વરે કહ્યુ મહાન અકબરે ઉછેરેલ વાડી બાદશાહથીજ માત્ર નિભાવી શકાય વૃદ્ધ ઉમરાવ તેને શી રીતે સારી સ્થિતિએ રાખી શકે?

પણ તે જગતથી આ વાડી સાફ તો રાખી છે

તે સાફ રાખવાને માણસો ક્યાંથી લાવે? તમો જાણોછો કે તે નિર્જન સ્થળ છે જુઓ વૃદ્ધ મૂર્ખે આદિ બેગમને રાખવાથી કેવી ભૂલ કરી છે અને હવે પોતે કફોડી સ્થિતિમા આવી ગયેલ હોવાથી આપણાથી તે વાત છુપાવવા માગેછે અને તેથી રીતે તે કોઇ નોકર રાખતો નથી વળી જરૂર તો પૈસા પણ કયાંથી મેળવી શકે? કદાચ તેમ તે બાદશાહના થોડા પવાસનઉપર ગુજારો કરે એમ બને છે!

સોનાના તાબાના મકાનોની આ ટીનરી અકલને ખાલી થઈ નહિ અને તેથી વહેમ દૂર થયો નહિ કારણ રઘુવીરની વાત પણ સત્ય હોય પણ તેને લાગ્યુ કે મારા કાનમા કોઇ અવાજ આવેછે કે-

દરેકમા કાઇ ભેદ છે

છુપપ્ણાથી મહેલની આસપાસ તે ગયો પોતાને શક પડતી ચીજોની બારીક તપાસ કરી, સિપાઇઓના મકાનઉપર જઇ અને તેને બનતીરીતે સાવધ રહેવા સમજાવી ગમે તે ક્ષણે તૈયાર રહેવા તેણે જણાવ્યુ

ઘોડેસ્વારની તે નાની ટુકડી–તેના બહાદુર સિપાઇઓ અને તેના લશ્કરના ચૂટેલા માણસોએ સાવધ છીએ એમ જણાવ્યુ

જે સ્થળે રઘુવીર રાહ જોતો હતો તે સ્થળે આવતે આવી કહ્યુ "તુ આ મકાનમા રહેજે અને હુ શાત નિદ્રા ભોગવવા ઉપર જાઉંછુ"

રજપૂત સરદાર ઉપર ગયો કપડા ઉતાર્યા અને સરખીરીતે નીચે રાખ્યા તલવાર મ્યાનમાથી બહાર કાઢી સામી દિવાલઉપર લટકતી ટાગી અને પછી પલગઉપર પડ્યો અને વિચારવા લાગ્યો –

'આ ભેદનો રઘુવીર જે ખુલાસો કરેછે તે મને માન્ય નથી તે ખોટે રસ્તે દોરવાઇ ગયેલ છે તેની કાઇપણ વાત સાચી હોય એમ હુ માનતો નથી જો વૃદ્ધ આદિલ બેગમ રાખી હોય તો શામાટે દરવાજો તાળુ વાસેલ હતું? રઘુવીર કદાચ કહેશે કે વૃદ્ધ સનાતનના નોકર–તે લુચ્ચા મહમદ અને સરગોલે આપણાથી છુપાવવામાટ તે બેગમને મહેલમાથી ખસેડી હોય અને દરવાજાને તાળુ આપેલ હોય ગમે તેમ હોય પણ મને ભય રહેછે કે આજની રાત્રિએ દુ ખ થશે'

આ પ્રમાણે વિચાર કરતો હતો ત્યા નોકર ખોરાક લઇને આવ્યો તેણે ખાધો અને આખી રાત્રિ સળગતી બત્તી રાખવા નોકરને હુકમ કર્યો ઉપર અને નીચે તે પ્રમાણે સઘળી ગોઠવણ કરી રાખેલ છે તે બાબતની નોકરે ખાત્રી આપી કુમારે નોકરને પોતાને સ્થળે જવા કહ્યુ અને આખી રાત્રિ સાવધ રહેવા જણાવ્યુ પછી તે નરમ રેશમજેવી પથારીમા પડ્યો અને મનમા વિચાર્યું કે–

આ પથારીમા કાઇનખત કોઇ બેગમ સૂતી હોય તેમ મને જણાતુ નથી બીજા કોઇવારતે આ રાખેલ હશે અને તેણે તેનો ઉપયોગ કર્યો હશે તે કોણ? આવા વિચાર કરવા ફોકટ છે એમ જણાતા નિશ્ચય કર્યો કે 'નાહક સમય ખોવા બરાબર છે બહુ લાબે દૂર આવેલ છુ થાકેલો છુ તેથી શાત નિદ્રા લઉ'

અનો કલાક શાત રહ્યાપછી કુમાર એક દમ જાગી ઉઠ્યો અને વિચાર્યું મને નિદ્રા આવતી નથી મનની આવી સ્થિતિમા શાત નિદ્રાને આધીન થવુ એ સહેલુ કામ નથી નિદ્રાથી દુનિઆની સઘળી ચિતાઓ તેટલા સમય વિસ્મૃત થઇ જાયછે' શામાટે નાપાયાદાર વ્હેમ મારા મનને અશાત બનાવેછે? રઘુવીરને તે બાબતમા કેમ કાઇ ચિતા થતી નથી

આ પ્રમાણે વિચાર કર્યાપછી કુમારે તરવાર લઇ પોતાને પડખે રાખી પોતાના મનને કહ્યુ–

'આ બેગમમહાલમા જે ભરેલા છુપા

ખાન ા ઘણા ઓરડાઓ છે એમ મે સા ભળ્યુ છે જો તેમ હોય તો હુ તે બધાની બારિ તપાસ કરીશ

રજપૂત સરદારે તે ખડની િાન મદુ સાવચેતીથી તપાસી તે ખડના રૈ ખૂ ણાની બારિક ચોકસી ગી ભીતમા અહિ તહિ આથ ો એવી આશાએ કે ગએને કોઇ ડુપો ગ્નાજે માલુમ પડે લા ગીથી મદુ રો યુ અને તે વિશાળ ખ ડના સવ ભારીબા ણુ બહુ જોરથી ઠાખી જોયા પણ પોતાની સાથે જીુદી બાજી રમાયછે તેની તેને કાઇ નિશાની મળી નહિ તે પોતાના મિછાનાતર ફરતા અટ ો અને એ મ નીચે ગયો જ્યા રહુવીર ઉત્તમા પ યો હતો સત્ર શાતિ હતી અધારી રાત્રિએ ડુ રત પણ ભયાનક લાગતી હતી બારી આગળ ાન ધયા તો મવા સુતેના માલુમ પડયા નિશા સ્રમાહ્ન રાત્રિના આ સમયે ભર વુ નિરવ છે એમ જણાના ને પરઠા હતો અને પથારીપાસે ાયો

ફરી વિચારાધીન થયો અને મોનપા લા યો-ાટે શામાટે મને અહીં મો યો છે? યા છુપા ારણથી તેણે આ પગલુ ભર્યુ છ? આ ભયા ભેદનુ ાનકિ કારણ શુ? ાઇ પણ મા યોગ્ય કામ મને સોંપાનુ નથી અને અહીં ાઠ ામ પણ નથી ાની ફ માન થયુ કે જાઓ અને પ ર દિનસ ફત્તહપુર નીકરીમા રહો શાની ફ્રમાનને ગમે તે જોખમે તાબે મનુજ જોઇએ મરીયમબેગમના મહેલમા હેવા બાદશાહે મો જ્યારે ર મા યુ ત્યારે તેનુ ારણ પૂછ્વા પણ માગામા હિમત નહોતી મારી કેવી અધોગતિ થયેલ છે! માત્ર એટલીજ મારા ઉપર કૃપા થઇ કે પ ર દિવસપછી બીજો હુકમ મને મળશે! શુ મારી સ્થિતિ!

આવા વિચારો રતા માર નિ ને વશ થયો જરાવારમાં મધુર સગીતના અવાજથી જાગી ઉ યો પ્રથમ તો તે શુ છે તે કાઇ સમજ શ યો નહિ તે સ્પપ્ને સૃષ્ટિ હોય એમ તે ને રૈ માલુમ પડ્યુ દૂરથી મધુર સગીતનો અવાજ તેના ાનમા આ વેઠે તેમ તેને હવે ખાત્રી થઇ સવથી ર મધુર અને આ હ જન નગીત ગીતાસાથે કોઇ ર તા તરફથી ગવાતું હોય એમ તેને જણાયુ તે આથ ઉત્તમનગારનુ નત્ય પણ થાયછે એમ ાન્ત સમ ો

આ સમયે તેની સ્થિતિનુ વણન થઇ શકે તેમ નથી તેની માત્ર ક પનાજ કરી શકાય તેમ છે વળી તેને વિચાર થયોકે મારા માણસોનો મને વિશ્વાસ છે અને આ નિર્જન સ્થ ળમા વૃદ્ધ સનાતન અને તેના બે નોકર સિવાય કોઇ રહેતુ નથી ત્યારે આ બે નો ખુલાસો શુ? ક્યાથી આ મધુર સ ગીતસ્વર નત્યસાથે મને સભળાયછે? બ હારથી સ્વર આવતો હોય એમ પ ણ નથી ળી મને ખાત્રી છે કે આ મ ન ન બીજુ કેનુ રે પણ મ ાન નથી કે યાથી આ મધુરસ્વર ર ાય આ મરીયન બેગમનો મહેલ બહુજ સ ભાળથી અમોએ તપાસેલ છે અને આ સ્થો તે એ ર મહેલ છે તો ક્યાથી આ મધુરસ્વર આવેછે?

પથારીમાંથી ઉઠવા અગ્નિતે ઘણી મહેનત કરી પણ જે પથારીઉપર પોતે સૂતો હતો તે સાથે એક મજબુત દોરડાથી પોતે બંધાયેલ છે એમ જ્યારે તેને માલુમ પડયું ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ પોતાની આવી દુઃખદાયક સ્થિતિ કેમ થઇ? દોરડાથી બાંધનાર કોણ? અને કયારે બાંધવામાં આવ્યો? બહુ થોડો વખત સુધી પથારીમાં સૂતો હતો અને આ થોડા સમયમાં આ ન કપી શકાય તેવો બનાવ કેમ બન્યો?

આથી એટનો બધો ભયભીત થયો કે થોડો સમય તે બેભાન થઇ ગયો અવાજ બંધ થયો પોતાની જીંદગીમાં આવો અનુભવ કદી પણ તેને થયો નહોતો આવી રીતે પોતે બંધાણો તેની તેને ખબર પણ ન પડી એથી બહુ ગભરાયો પોતે સૂતો હતો તે બાગના અંદરના બધા દરવાજા બંધ કરેલા હતા છતાં આ બનાવ કેમ બન્યો તેના વિચારથી તે બહુ મુઝાયો આ મહેલમાં લોકો કેમ અને ક્યારે આવ્યા તે બાબતની કલ્પનાસરખી પણ તે કરી શક્યો નહિ

જે દોરડાથી તેને બાંધવામાં આવેલ હતો તે દોરડા કાપી છુટા થવા તેણે બહુ મહેનત કરી પણ તેના બધા પ્રયત્ન નિષ્ફળ ગયા જે સરદારે એક હજાર અને એક લડાઇમાં જીત મેળવી છે અને જે સરદાર રજપૂત બહાદૂરીના નમનાસમાન છે તે સરદારના અત્યારે હાથપગ બાંધેલા છે અને એક શ્વાસ પણ લેવાની શક્તિ તેનામાં રહી નથી જે રજપૂત સરદારની બહાદૂરી ઓળખાવનથી બહાદૂર દુશ્મનો પણ ડરતા તે અત્યારે કેદ પકડાયેલ છે અને છુટવાની આશા નથી

પોતાની મદદે રઘુવીરને બોલાવવા તેણે બૂમો પાડવા માંડી પણ અફસોસ કે કોઈ છૂપા બેહથી તેની વાચા બંધ થઇ ગઇ હતી બહુ બેભાન થઇ ગયો અને જીવવગરના વ ક્તિની મ ફાફક ચોડી આંખે તે બેદ તરફ જોતો પડ્યો રહ્યા

શું તે સ્વપ્ન અનુભવતો હતો? શું તેને સ્વર્ગીય ભૂમિમાં લઇજવામાં આવ્યો હતો? તેણે આવો દેખાવ કદી રમ્યાન જોયો નહોતો પોતાનું ભાન ભૂલી જઇ પોતે સ્વર્ગીય સુંદરીઓસાથે અનુપમ સુખ ભોગવતા ખુશ સુરતીના બગ્ગા મા પોતે હોય એમ તેને લાગ્યું

વિશાળ જમીન નજરઆગળ તરવા લાગી હોલના મધ્યભાગે મોટું ઝુમર લટકતું હતું તેની અંદર બળતી સુગંધી મીણબત્તીઓના પ્રકાશથી આખો ઓરડો શોભાયમાન થયો હતો અને ઝુમરના દરેક ભાગમાં સુવાસિત પુષ્પની માળાઓ લટકાવેલી હતી જેની પરિમલ ચારેતરફ ફેલાઈ રહ્યા હતો દ્વારનું મન આથી પ્રફુલ્લિત બનતું હતું દિવાલની સર્વ બાજુએ સોનાની ફ્રેમમાં જડેલ મોગ તખ્તાઓ ટાંગેલા હતા અને ચમકના તેજનું પ્રતિબિંબ પાડી મહેલ તેજોમય બનતા હતા

ખંડની એક બાજુએ એક કિંમતી મશાલી બેઠક કિંમતી મીનાકામથી અને કિમતના હીરા નીલમ માણેક અને મોતીથી શણગારેલી હતી બહુજ સુંદરવાન ભરત ભરેલા નકશીદાર ગાલીચાઓ તે ઉપર

બીછાવેલા હતા અને અતિ સુંદર સાન વ્યમય એક યુવાન ઓરત આ ઉપર બેઠી હતી આ સુંદર સ્ત્રીના અનુપમ ચહેરાના ચગદાટથી તે ખંડની રમણીયતામાં બહુજ વધારો થયો હતો પૂર્ણ લોકોને પરિચિત અસાધારણ સૌંદર્યની મૂર્તિ સિંહાસન ઉપર બેઠી હતી પગથી માથાસુધી તેણીનું આખું શરીર હીરા માણેક મોતી અને સોનાથી શણગારેલ હતું તેણીના પોશાકની ભવ્યતાનું વર્ણન થઇ શકે નહિ તકીઆઉપર આરામ થઇને તે અર્ધ બેઠેલ અને અર્ધ સુતેલ સ્થિતિમાં હતી અને બે સુંદર સ્ત્રી દાસીઓ પોતાના પંખાથી તેણીને પવન નાખતી ઉભી હતી તેણીની ચકચકિત તેજદાર આંખો કુમાર જે પલંગઉપર પથારીમાં આળોટી પડ્યો હતો ત્યાં તે કુમારઉપર એ વાર પડી

બહુ થયું. મુગ્ધ સાપની માફક ફુંફાડતી આ અનુપમ સ્ત્રી કૃતિતરફ કુમાર એકી ટશે જોઇ રહ્યા ખરેખર પોતાની જીંદગી દરમ્યાન આવી મધુર આકૃતિ તેણે કદી જો ચેન નહોતી તે અંતરફથી આવતી મધુર સ્વાદિષ્ટ સુવાસે કુમારને ગાંડો બનાવ્યો જે સિંહાસનઉપર તે ઓરત બેઠી હતી ત્યાં એ કૃત્રિમ ફુવારો પણ હતો જેમાંથી સુગંધી દાર ગુલાબજળ ચારેતરફ ઉડતું હતું તે જાદુભરેલી સુંદર ઓરતના સામું કુમાર જોઇ રહ્યા સર્વજો સમય મધુર સંગીત થતું હતું આ સમયે અન્ત પોતાનું ભાન ભુલી ગયો. પોતે સ્વર્ગીય ભૂમિમાં છે એમ તેને લાગ્યું બાદશાહના બેગમમહાલની ભવ્યતા અને સુંદરતાવિષે તેણે, ઘણું સાંભળેલ હતું પણ તે મહાલમાં જવાનું અને તે નજરે જોવાનું સદ્ભાગ્ય તેને પ્રાપ્ત થયું નહોતું પૃથ્વીની સપાટીઉપર માત્ર શહેનશાહ એકનુંજ એવું ભાગ્ય છે કે દુનિઆની સર્વ શ્રેષ્ઠ અનુપમ સુંદરીઓનો સહવાસ મેળવી શકે

કુમારને દિવસના બનેલા બનાવનું સ્મરણ હતું આગ્રામાં તેમજ દિલ્હીમાં પોતે નહતો. પોતે તો ફત્તેહપુરસીક્રીના નામે પામેલ શહેરના મરીયમબેગમમહેલમાંજ હતો શહેનશાહના બેગમમહાલમાં તેને લઇ જવામાં આવે તે તદ્દન અસંભવિત હતું

ત્યારે પોતે અત્યારે ક્યાં હતો? અન્તને વળી વિચાર થયો કે જો વૃદ્ધ ઉમરાવે આ મહેલમાં બેગમને રાખી હોય તો શું તે આજ હશે? જો તે આજ હોય તો સનાબત પણ આદિલજ હોવો ને એ પણ તેમ અનનુસંભવિત નથી આ સુંદર ઓરત જે એક શહેનશાહના હૃદયને પણ વશ કરી શકે તેમ છે તે આ વૃદ્ધ ઉમરાવની સંતોષ પામી બેસી રહી શકે નહિ

આમ વિચાર કરતા કુમાર મોહ પામ્યાના વિનાની શક્તિગરનો પડ્યા રહ્યા

શું હતું તે સ્વપ્ન અનુભવેછે? ખરેખર નહિ તે હવે જાગ્રત થયો હતો પોતાની સર્વ શક્તિનું તો ભાન હતું વિચાર પણ કરી શકતો હતો ફરી રઘુવીર ને બોલા વવા શ પાવા તરની ફરી પણ અવાજ રૂધાઇ ગયો અને તદ્દન બેચેન થયો હોય એમ તેને જણાયું

(અપૂર્ણ)



અંગુઠા છાપવાનું



સાર દસ્તાવેજ પાવતી પ્રોમેશરીનોટો વિગેરે મહત્વના
કામળો ઉપર અંગુઠાનું નિશાન સરસ રીતે લેવા માટે અમારા
સામાનમાં જેટલી સગવડ છે તેટલી બીજા કોઇના સામાનમાં નથી
તે એકવાર જોવાથી ખાત્રી થશે
કીમત ૧૨ આના રૂા ૧ રૂા ૨ પોસ્ટેજ અલગ
તેમજ અમારે ત્યાં રબર સ્ટેપ લાખની ગીનો સીપાઇના ચપરાસ
સીલ કપ અને કોપર પ્લેટ ઉપરનું કોતરકામ કરી આપવામાં આવશે
ધનજી ઠર્સ અને રબર સ્ટેપ મેકર્સ

માનકામે બ્રધર્સ

ઠાકોરદ્વાર રોડ—મુંબઈ

નવી શોધો

ડૉ વીન્ટનની પ્રખ્યાત ઓષધિઓ

(૧) **બ્રીસ્ટીન (કેશ વૃદ્ધિ તેલ)**—ઓગનેને ૧૯ વર્ગીય બક્ષીસ આ તેલમાં રહેલ ગુણ તેના નામ ઉપરથી જ સૂચિત થાય છે. બીજાતનું સૌ અને સુખ આ તેલના વાપરવાથી વધે છે — કિંમત રૂા બે

(૨) **ટોનેપ્ટો રેસ્ટોરેટાઝન (સ્ત્રી અને પુરૂષ)**—સર્વ પુરૂષોને માટે આશીર્વાદ સમાન વૃદ્ધ કે જુવાન સર્વ કોઇ આ વાપરવાથી સંસાર સુખ ભોગવતા પુરા ભાગ્યશાળી થાય. સ્ત્રીઓને ટકાવી મજબુત બનાવવા માટે અદ્ભુતમ છે — કિંમત રૂા બે

સૂચના—મને ... સઘે મગાવનારને રૂા ૬—૮— માં મળી શકશે ટપાલ ખર્ચ નથી લેવાશે અવતુ ઓડરની સાથે પૈસા મોકલવા
— રૂા પ ની કિંમતની વી પી વાર ચાલે ઓડર મોકલો —

એસ આર બ્રધર્સ

૨૮ ચંદ્રપામુદલી સ્ટ્રીટ—**મદ્રાસ**

S P Bros 28 Chandrappa mudali St —MADRAS

કાલિંદી પત્રિકાનો જમાનતથી છુટકારો.

આ સચિત્ર માસિકપત્રિકા રેગ્યુલર પ્રકાશિત થાયછે આ પત્રિકાના મહત્તાપૂર્ણ લેખ, સુપ્રસિદ્ધ કવિનાં કાવ્ય અન્યોક્તિ મનને પ્રસન્ન કરનાર રમુજી લેખ સરલ અને રૂચિકારક ભાષામાં લખવામાં આવેછે ઇતિહાસ ભૂગોળ ખગોળ જીવનચરિત્ર સ્વાસ્થ્ય ધર્મ નીતિ ઇત્યાદિ કેટલાએક વિષયોપર મનોરંજક લેખ જાહેર થયછે રાજનીતિ સબંધી અને સાહિત્યશિક્ષા સબંધી ટિપ્પણીઓ ઘણા પ્રભાવવાળી પ્રગટ થાયછે આ પત્રિકામાં હિંદી સંસારના ધુરંધર લેખકોનાજ ગદ્ય પદ્ય લેખો છાપવામાં આવેછે વીસ રૂપીઆ દેનાર માણુસ આ પત્રિકાના સહાય કરનાર કહી શકાય છે અને એ માણસનું નામ ઉપરના પેજપર રંગીન કરી દરેક માસે છાપવામાં આવેછે અને એનું ચિત્ર એના જીવનચરિત્રની સાથે પ્રકટ કરવામાં આવેછે દાનવીર ધના[illegible] સજ્જનોને વિદ્યાદાનની સાથે પોતાના નામને પ્રખ્યાત કરવા માટે આ ઉત્તમ અવસર છે

સંરક્ષકોના નામ પરદેશમાં પણ જાહેર થાયછે સંરક્ષક લોકોનો વધારો થવા આવે છે એટના માટે પત્રિકાના વાર્ષિક [illegible]) રૂા ઘટાડીને ૧।) રૂા કરવામાં આવેલ છે તે ઉપરાન્ત પણ એજંટોને ગ્રા[illegible] વધારવા માટેની ટી [illegible] ચાર આના કમીશન દેવામાં આવેછે પત્રિકાના ગદ્ય પદ્ય લેખોની મતલબ બીજી ભાષાવાળા પણ અને દરેક મતને અનુસરનારા વિદ્વાનો તથા પત્રસંપાદક મહાશયો પણ કરી સુક્યા છે એટલા માટે કોઇ જાતના સંકોચ વિચાર વિના આજ જ રૂા ૧।) મનીઓડરથી મોકલી આપી ગ્રાહક થાઓ પૃષ્ઠની સંખ્યા ૩૨ છે અને ઉપરનો ભાગ રંગીન છપાય છે

જાહેરાત આપનારે પણ પોતપોતાની જાહેર ખબર તુરતજ મોકલાવવાની કૃપા કરવી દરેક માસે એ પેજની જાહેર ખબરના [illegible] લેવામાં આવેછે પ્રમાણ ડેમી આઠ પેજી છે ખપના રૂપૈયા પ્રથમથી દેનારને પ્રત્યેક રૂપૈયે બે આના કમીશન કાપી દેવામાં આવેછે જાહેર ખબરનું છાપવાનું ખર્ચ પ્રથમ લેવામાં આવેછે પત્રિકા દેશપરદેશ અને પ્રત્યેક [illegible] જાય છે

સિરનામુ,

મેનેજર—" કાલિંદી-પત્રિકા " રામનગર—(બનારસ સ્ટેટ).

સફેદ કોઢ અને સુનબેરવાની દવા

કોઢના રોગથી પીડાયેલાઓ ! જો આપ તમામ જાતની દવાઓ કરીને થાકી ગયા હો વૈદ્યો ડાક્ટરો કવિરાજો અને હકીમોના જવાબો મેળવીને પોતાનુ દર્દ મટવાની આશા છોડી બેઠા હો તોપણ એક વખત અમારી જગતપ્રખ્યાત ફક્ત દવાનું સેવન કરીને થોડાજ વખતમાં તંદુરસ્તીનો લાભ મેળવો

કિંમત—મોહોટી ડબી ૧ ના રૂા ૪-૮-૦ નાકાખર્ચ
,, નાહાની ડબી ૧ ના રૂા ૨-૮-૦ અલગ

जयेश्वरसिंह,
कुष्ठचिकित्सक—दरभंगा

Jayeshwarsingh
DARBHANGA.

જયેશ્વરસિંહ,
કુષ્ટ-ચિકિત્સક—દરભંગા.

આર્યમહૌષધાલય

કોકણ પ્રાતમાની તાજી અને શુદ્ધ વનસ્પતીની જગતપ્રસિદ્ધ અને નિર્દોષ રામબાણ દવાઓ

મદનવિલાસામૃત સંજીવિની.

વીર્યસ્તંભક રક્તશોધક અત્યંત કામોત્તજક ચિત્તોત્સાહ બુદ્ધિ અને કાંતિને વધારનાર તથા પૂર્ણ ધાતુપાટિક સુવર્ણ માક્ષિક મોતી કસ્તુરી તથા પ્રવાલવગેરેના મિશ્રણવાળી

>> અપૂર્વ ગોળીઓ <<

આ ગોળીઓથી ક્ષયરોગ પાંડુરોગ જીર્ણજવર મસ્તકશૂળ મગજના દરદો સુવારોગ સંતાનને ન નાગ ગર્ભાશયના વિકારો સંનિપાતવગેરે અનેક વાયુરોગો નેત્રવિકાર કેડ શૂળવગેરે નવા કે જૂના અનેક રોગો તાબડતોબ દૂર થઇ ચિત્તોત્સાહ બુદ્ધિ અને કાંતિ વધે છે શરીરમાં પરિપૂર્ણ શક્તિ આવે છે શરીરમાં રહેલા રસ રુધિર અસ્થિ મજ્જા વીર્યવગેરે સાતે ધાતુઓની અભિવૃદ્ધિ થઇ મનુષ્યને સર્વ પ્રકારે સંસારસુખનો ઉત્તમ લાભ મળે છે

ઉપર જણાવેલા સઘળા રોગો તરત નિર્મૂળ થઇ સઘળી રીતે શરીર બળવાન અને દીર્ઘ આવરદાવાળું થવામાટે આ ગોળીઓ પ્રતિજ્ઞારૂપ ઔષધ છે તેને લીધે લાખો લોકો હમેશ ગ્રાહક થાય છે એક રુપિયા [illegible] કમતી કિંમતની એ ગોળીઓ વહેંચવામાં [illegible] વતી નથી એકસાથે ૭ રુપિયાની કે તેથી વધારે કિંમતની ખરીદનારને ટપાલખર્ચ માફ છે અને ૭ રુપિયાથી ઓછી કિંમતની ખરીદનારને કિંમતઉપરાંત ટપાલખર્ચના ચાર આના વધારે પડે છે કિંમત ગોળી ૩૨ નો રૂા ૧ ગોળી ૭ ના રૂા ૨ ગોળી ૧૬ ના રૂા ૪ ગોળી ૨૧૦ ના રૂા ૬ અને ગોળી ૪૨૦ ના રૂા ૧ [illegible]

ઠંડક આપનાર નેત્રાંજન—આનાથી પડળ ફુલું [illegible]વગેરે નેત્રના સઘળા વિકારો તરત મટી જઇ દૃષ્ટિ તીવ્ર થાયછે અને આંખને ઠંડક મળેછે કિંમત ડબી ૧ નો રૂા ૧॥

કર્ણસ્ત્રાવનાશક અપ્રતિમ તેલ—આ તેલથી કાનના સઘળી જાતના જખમ તથા કાનને લગતા બીજા વિકારો તરત સારા થાયછે કિંમત બાટલી ૧ નો રૂા ૧

પ્રમેહમાટે અપૂર્વ મિશ્રચૂર્ણ—હરકોઇ જાતના નવા કે જૂના પ્રમેહને તેના વિકારોસહિત તરત મટાડવાના કામમાં રામબાણ છે કિંમત બાટલી ૧ નો રૂા ૧

દંતરક્ષક મંજન—દાંતનાં અને પેઢાંનાં સઘળાં દરદો મટાડી દાંતને સ્વચ્છ અને મજબૂત કરવામાં પ્રતિજ્ઞા [illegible] તેવું છે કિંમત ડબી ૧ ના આના ૬ ૭

દાદર-ખરજનાશક—દાદરવગેરે વિકારો આ [illegible] લગાવવાથી ત્રણ દિવસમાં સાફ થઇ જાયછે કિંમત ડબી ૧ ના આના ૬ ૭

વીંછીના ઝેરનો ઉપાય—વીંછીના ડંખઉપર ચોળવાથી ઝેર તરત ઉતરી જાયછે ૬૦ માણસોને પૂરતું થાય તેટલી દવાની ડબી ૧ના આના ૮ આઠ

ઉપદંશનાશક—ગરમીના દરદના જખમ અને તેને લગતા વિકાર આ મલમથી તદ્દન મટી જાયછે કિંમત ડબી ૧ ના રૂ ૨ બે

કોલેરા અને સાદા ઝાડામાટેનો ઈલાજ—બે ત્રણ ગોળાથી અવશ્ય ફાયદો થયછે. કિંમત ડબી એકનો રૂ ૧ એક

ટાઢીયા તાવની અકસીર દવા—ટાઢીયા તાવને તથા પાળીપ્રમાણે આવતા ટાઢીયા તાવોને ત્રણ દિવસમાં નાબુદ કરેછે કિંમત ડબી ૧ નો રૂ ૧ એક

ઉધરસની દવા—ક્ષયસિવાય હરકોઈ જાતની ઉધરસને તરત મટાડેછે કિ ડબી ૧ નો રૂ ૧

અપ્રતિમ

કેશકુસુમાકર તેલ

કેશપર લગાવવાનાં સઘળાં તેલોમા આ તેલ એક અદ્વિતીય છે મધજેવી મીઠી સુગંધવાળુ આ તેલ કેશપર લગાવતાંજ તે અતિ સુગંધવાળા થાયછે અને તેની સુવાસ ચારે બાજુ ઘણી ફેનાર છે આ તેલથી માથાપરની ગલ ખોડો ખરજ અને ઝીણી ફેન્સીઓ વગેરે વિકાર દૂર થઈ કેશ રેશમજેવા સુંવાળા ચમકતા અને કાળા ભમરજેવા થાયછે તેમજ કેશ ખરી પડતા અટકીને સીધા લંબાઈમાં વધેછે કેશસમૂહ સુંદર હોય તેજ સ્ત્રીઓનો મુખ્ય શણગાર છે નાનાં બાળકો અને પુરુષોમાટે પણ આ તેલનો ઉપયોગ કરવો શ્રેષ્ઠ છે વિશેષ માનસિક શ્રમ કરનારાઓએ તથા નેત્રવિકારવાળાઓએ આ તેલ વાપરવાથી તેઓનો મગજ તર થાયછે અને તેથી તેઓનું મસ્તક શાંત અને નિર્વિકાર રહી તેમની દ્રષ્ટિ તીવ્ર થાયછે કિંમત પાય તેલાની બાટલી ૧ નો રૂ ૧, ત્રણ બાટલી એકસાથે ખરી નારને રૂ ૨॥ મા તથા ૭ બાટલી એકસાથે ખરી નારને તે રૂ ૪॥ મા આપવામા આવેછે

વળી—

સોરંગી માલતી કલાર રાજવિલાસ લક્ષ્મીવિલાસ પુષ્પરાજવગેરે બાદશાહી જાતિ ઉંચી જાતના અત્તરો અને તેજ પ્રમાણે ગુલાબ હેનો કેવડો, ચમેલી જાઈવગેરેના સુગંધી અત્તરો અને કેશમા લગાવવાનાં દરેક જાતનાં સુગંધી તેલો પૂર્ણ ખાત્રીવાળાં વાજબી ભાવથી મળી શકશે

સૂચના—ઉપરનાં ઔષધો પૂર્ણ ખાત્રીનાં હોવાથી આજ પચ્ચીશ વર્ષો થયાં લાખો લોકોએ તેનો ઉપયોગ કરી ફાયદો મેળવેલ છે અને તેથી તેનો ખપ ઘણો વધી ગયો છે અનુભવ કરવાથી પૂરની ખાત્રી થશેજ ઔષધો તેના ઉપયોગવગેરેની માહિતીની સૂચના સાથે રોકડે અગર વી પી થી મોકલવામા આવેછે પેકીંગ ખર્ચ અને ટપાલ ખર્ચ કિંમત ઉપરાંત સમજવા જથ્થાબંધ ખરીદનારને પૂરતુ કમીશન આપવામાં આવેછે સઘળાં ઔષધોની અને આરોગ્યરક્ષણની માહિતીનું સચિત્ર મોહોટું પુસ્તકવગર મૂલ્યે મોકલવામા આવેછે અમારાં ઔષધો મંગાવવામાટે નીચેના સરનામાથી પત્રવ્યવહાર કરવો

कृष्णशास्त्री विदलकर वैद्य,

मु पो आजर्ले,

ता. दापोली जि रत्नागिरी.

શા માટે અમો બધા વાપરીએ છીએ

કારણ—

(૧) કુન્તલાધન—

દવાઓથી ભરપૂર

કારણ છે

(૨)

કુન્તલાધન—


વાળને સુંદર કાળા

કરે છે

(૩)

તેની સુવાસ મધુર

લોભાવનારી છે



કારણ—

(૪) કુન્તલાધન—

(૫) તેમ

કુન્તલાધન.

સ્વર્ગવાસી ખાની માટે—

જણાવે છે—

અને મને માલુમ

અને આ તેલ

કીંમત ૩ા રૂ., લીલી ૩ા વાળ, ૧ રૂ., જગમીન ૧ રૂ.,


☞ મોહ ભેજ સી મા તરત લખો અને તોગમ

પરફ્યુમર
PERFUMER
62-4 Bow Bazar



CALCUTTA
Tele-DELKHOSH


અધિપતિ-શંકરલાલ મણિલાલ ત્રિ [illegible] બી એ



અંકુશ

ANKUSH

પુસ્તક બીજુ] ફાગણ [અંક ૫ મો



ફોટો નગીનદાસ [illegible] [illegible]

[illegible] લાખોટો જામનગર

વાર્ષિક લવાજમ હિંદ માટે રૂ ૨-૮-૦
,, , [illegible] માટે રૂ ૩-૦-૦ પોસ્ટેજ સહિત
નમુના [illegible] આના

[illegible] Printing Work Jamnagar

મલેરિયાના

લીવરની કોઇ પણ ક્રિયા ઓ ચાનુ નમળાઇ માટે સર્વોત્તમ ઇલાજ છે

૮ ઔંસ (કરડોઝ) ને। રૂ ૧–૮–૦

મલેરિન

ખાસ મલેરીયા માટે શુદ્ધ વનસ્પતીઓની બનાવટ

૨૫, ૫ અને ૧૦ ગોળીઓના આના ૮ ૧૪ અને રૂ ૧–૮–૦

વાનો મલમ

સવળી જાતના વા ઉપર અકસીર ૧ ડબીના આના ૬ એક ડઝનના રૂ ૪

યુકેલીપટસ તેલ

ચોખ્ખુ અને પવિત્ર એક ઔંસના આના ૫ એક ડઝનના રૂ ૩

ટીસ્યુ રેમીડીઝ

૩×૬×૧૨×૩૦ / ૩ ૬ ૧૨ ૩	½ ઔંસ	૧ ઔંસ	૨ આસ	૩ ઔંસ	૪ આસ
	૮ આના	૧૪ આના	રૂ ૧ ૮	રૂ ૨ ૨૦	રૂ ૨ ૧૨૦

૨૨ રૂપિયાના ઓર્ડર ઉપર ૬¼ ટકા કમીશન અને પચીશના ઓર્ડર ઉપર ૧૦ ટકા કમીશન

થોડા પૈસા અગાઉથી મોકલવા પડશે

Malarian Coy–MANGALORE (s k) મલેરીયાના કમ્પની–મેંગલોર

માટીની કિંમતમા સોનુ મળેછે.

પેટંટ રાસકોપ સિસ્ટમનેુ ઘડીયાળ નિયમિત ચાલનાર ગાડીમા ચાલતા પણ ૩૬ કલાક સુધી બંધ નથી પડતુ આના મજબૂત ઘડીયાળની સાથે ૨ ચીજો અમે મફત આપી રહ્યા છીએ જેવી કે—મજીફરાક મોજા, ગંજી, રૂમાલ દેવદશનની વીંટી બટનનો સટ ઇસ શક્તિની દવા બાન (હમેશને માટે) ઉડાવવાની દવા દંતમંજન પીતળનો પોકેટ ગનાઇ વ્રજ નકશા પેનશીલ પેન સરટીકાર્ડ ફોસફી અત્તર વગેરે કિ રૂ ૧

બત્રીસ પીતળના રમકડા (રસોઇના કામ)



કિંમત રૂ ૪ ચાર આ સટ જેવાથીજ મનને તાજુબી થશે કે આવી સાધારણ કિંમતમા આવો મજબુત મળ કેમ મળી શકે ? પસંદ ન આવે તો પૈસા પાછા બચ્ચાઓને આપો દિવસ આનંદમાં રહેવા માટે તેમને હસાવવા માટે તરત મગાવો લાખો સટ વેચાણા છે ૪ નંગની કિંમત ૫ તથા ૧ તરત ખરીદ કરો


આનંદમંગલ–મથુરા

आनन्दमंगल–मथुरा

सौराष्ट्र आयुर्वेदिक फार्मसी

આ પ્રયોગશાળામા માત્ર મુખ્ય રસાયન, ભસ્મ, અવલેહ, [illegible] જળ, સુના વગીઆળી અજમા ફુદીના મરેકીના ફુલ વિગેરે ઘણી જાતના અર્ક, ચુર્ણ ગુટી.ા, દરેક જાતના નામ શીરપ્સ, શરબત, વનસ્પતિના ક્ષાર મોતીનો સુરમો દંતમંજન [illegible] એરંડીઉ તેલ બેનતેલ, ઘણી જાતના વારનીશ પોલીશ અબર કસ્તુરી (હસ્તકૃત) ગાનામૃત, ફેઇસક્રીમ અને પાઉડર બાલનાશક સાબુ પાઉડર હેર ઑઇલ યાકુતી લાઇમિન્ર્ઝસ વીગેરે તયાર અથવા ઓર્ડરથી બનાવવામા આવે છે જથ્થાબંધ ખરીદનારને માટે ભીગત—પત્ર [illegible] — પંડિત વિજયશંકર જયશંકર—જેતપુર

૧ બીજે સ્થળે બનતા જીવન વાપરનારાઓને અમારે ત્યા બનતુ ગોખરૂત્રંનુ જીવન વાપરવા વિનંતિ છે



બગાળી સાહિત્યના અભ્યાસી શ્રીયુત ભાઇલાલ નરભેશકરે ઉદ્‌ભ્રાન્તપ્રેમ એ બગાળી અનુપમ ગ્રથનો સાદી સરલ અને મધુર ભાષામા કરેલ અનુવાદ ગ્રથકર્તા અને પ્રકાશકની ખાસ પરવાનગીથી છપાય તૈયાર થયેલ છે

કિમત ૦-૧૨-૦ લખો

અંકુશ ઓફીસ—જામનગર.

તાવની રામબાણ દવા

રૂ ૧૦૦ ઇનામવાળી.

ફાયદો ના થાય તો પૈસા પાછા

(ખાસ પરેજ નથી)

કોઇ પણ જાતનો તાવ એટલે દહાડો એકાંતરીઓ ચોથીઓ હનો ગયીઓ તેમજ ચાલતા જમાનાના નવી નવી જાતના ઉતા તાવો અમારી દવાથી ના હિંદરે તો લીધેલા પૈસા પાછા આપીશુ કોઇ શખસ એમ સાબીત કરી આપશે કે વૈદ શાસ્ત્રી ગીરધરલાલ કહાનજીની દવાથી નોયાઓ તાવ ના ગયો તો તેને રૂ ૧૦૦ સો ઇનામ આપીશુ ડબી ૧ ની કિંમત રૂ ૧- - ખાસ પરેજ નથી

મફત મળતા પુસ્તકો

પુરૂષના ધાતુસબધી અને બીજા રોગો માટે "ધાતુવિકાર" નામનુ પુસ્તક મગાવી વાંચો

સ્ત્રીઓના દરદો માટે "આનંદ વિભા" નામનુ પુસ્તક મગાવી વાંચો અને પુસ્તકોનુ પોસ્ટ ખર્ચ પણ લેવામા આવતુ નથી

વૈદશાસ્ત્રી ગીરધરલાલ કહાનજી,
મુ પીપળા—ડેરી અમદાવાદ.

— વિષયાનુક્રમ —



અંકુશ.

ANKUSH

પુસ્તક બીજું — ફાલ્ગુન ૧૯૮૫ — અંક ૫ મો.

INDIA

Sad land, where hatred writhes and coils
'Neath diplomatic speech and wiles,
Where words are chosen to conceal
The thing you mean, the thing you feel,
Where you have felt the corn of worth
In many rounds of ceaseless birth,
Where you have bowed disconsolate
A weary throng, compelled by Fate
To hear dark strains throughout a nation
That loudly sang of liberation

Recall your might from out the past
God meant you *standing* to the last,
Not crouching by with outstretched palms
Awaiting patronage and alms
Stand in the sun renounce the shade
Your place is there, be not afraid
And hear that coming music peal—
' To God alone we kneel

CERVE BARONTI

(*Modern Review*)

આ લોક તથા પરલોક

(લેખક—શાસ્ત્રી હરિલાલ ... ગોવિંદ)

આ બ્રહ્માંડની અંદર નક્ષત્ર તથા અગણિત અનેક લોક આવેલા છે. આ મર્ત્યલોક તથા આકાશમાં જોવામાં આવતું નક્ષત્રમંડળ જે ખગોળવેત્તાઓના મતમાં લોકોનો સમૂહ છે તે પ્રત્યક્ષ છે અને બીજા લોકો અપ્રત્યક્ષ છે. જૂદા જૂદા લોકોમાં પોતપોતાના અધિકારને ભોગવતી પ્રજાઓ વસે છે અને કર્મોના અનુસારે જન્મ તથા મરણ પામી ફરીને તે તે જૂદા જૂદા લોકોમાં જન્મ તથા મરણ પામે છે. આવી રીતે જ્યાંસુધી મોક્ષ ન થાય ત્યાંસુધી એકવાર નહિ પણ અનેકવાર જન્મ મરણ ભોગવવા પડે છે. એક જન્મમાં જન્મી મરણ પામ્યા પછી ફરીને તેજ જન્મમાં જન્મ ધારણ થાય એવો કંઈ નિયમ નથી. તેથી મરનાર પ્રાણીને દેવ, અસુર, મનુષ્ય, પશુ, પક્ષી તથા વૃક્ષ વગેરેની અને કીટ આદિ જાતિઓમાં જન્મવું પડે છે. સ્વર્ગાદિ લોક અસંખ્ય હોવાથી તેઓની ગણતરી થઈ શકે એમ ન હોવાથી તેઓ સર્વને પરલોક અને આ મર્ત્યલોકને આ લોક એ નામો આપીશું.

ઉચ્ચલોકમાં અને ઉચ્ચ જાતિમાં તેમજ નીચ લોકમાં અને નીચ જાતિમાં અવતરવાનું પ્રધાન કારણ પોતાનાં કર્મોજ છે. માટે મનુષ્યોએ પોતાના કર્મોને સુધારવા તરફ લક્ષ આપવું જોઈએ. કર્મો ત્રણ પ્રકારના છે. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ. સંચિત એ અનેક જન્મોના કર્મોનો ભંડાર છે. પ્રારબ્ધ એ આ જન્મના સુખોનો તથા દુઃખોનો ભોગ આપવામાટે તૈયાર થએલા કર્મો છે જેથી આ શરીર રચાયું છે. ક્રિયમાણ એ વર્તમાન જન્મમાં કરાતાં કર્મો છે જેઓ સંચિતમાં ભળતાં જાય છે. જ્ઞાન થયા પછી જ્ઞાન યોગથી સંચિત તથા ક્રિયમાણ કર્મોનો નાશ કરી શકાય છે પરંતુ પ્રારબ્ધ કર્મોનો તો ભોગવીનેજ નાશ કરી શકાય છે. આથી "જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્કુરુતેઽર્જુન" (હે અર્જુન! જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને બાળી ભસ્મ કરે છે) ત્યાદિ વચનોમાં સર્વ એ શબ્દ પ્રારબ્ધ સિવાયના કર્મોનું ગ્રહણ કરે છે એમ સમજવું.

જ્યાંસુધી મોક્ષ ન થાય ત્યાંસુધી એકવાર નહિ પણ અનેકવાર જન્મમરણ ભોગવવા પડે છે એવો શાસ્ત્રસિદ્ધાંત છે તોપણ કેટલાએક મનુષ્યો એવા મળી આવે છે કે જેઓ પુનર્જન્મને અને પરલોકને બિલકુલ માનતા નથી. કારણકે તેઓ દેહનેજ આત્મા

માનેછે તેઓનો મત સ્વીકારતા અકૃતાભ્યાગમ અને કૃતનાશ એ બે દોષો આવી પડેછે જેમકે દેહનેજ આત્મા માનતા જે દેહ પેદા થયો તે, અગાઉ હતોજ નહિ તેથી તેને જન્મ્યાપછી જે સુખ દુખ થાયછે તે તેના કારણભૂત પુણ્યપાપાદિ નહિ કર્યા છતાપણ ભોગવવા પડેછે માટે અકૃતાભ્યાગમ દોષની પ્રાપ્તિ થાયછે તેમ જે પૂર્વદેહની હયાતીમાં પુણ્યપાપ કર્યા હોય તેના ફળ સુખદુખ બીજા જન્મમા તે દેહથી પોતાના અભાવને લીધે ભોગવાતા નથી તેથી કૃતનાશ એ દોષની પ્રાપ્તિ થાયછે આ દોષોને લીધે સિદ્ધાંતમા સ્થૂલદેહથી ભિન્ન લિંગદેહવિશિષ્ટ ચેતનને આત્મા માન્યો છે પાંચજ્ઞાનેંદ્રિય (શ્રોત્ર, ત્વક્ ચક્ષુ જિહ્વા અને ઘ્રાણ) પાંચ કર્મેંદ્રિય (વાક્, હસ્ત પાદ પાયુ અને ઉપસ્થ) પાંચ પ્રાણ (પ્રાણ અપાન ઉદાન, સમાન અને વ્યાન) મન અને બુદ્ધિ એઓ મળી લિંગશરીર કહેવાયછે જો કે આત્મા ચેતન તથા અક્રિય હોવાથી તેનુ લોકાંતરમા ગમન કે ત્યાંથી આગમન સંભવતુ નથી તોપણ લિંગશરીર ગમન આગમન આદિ ક્રિયાઓ કરતુ હોવાથી આ આત્મા પણ જન્યજનનથી ચાલતા અવિચ્છિન્ન વૃક્ષના ચલનની પેઠે ગમન આગમનઆદિ ક્રિયાનો સંભવેછે

સકળ પ્રાણીઓની પ્રવૃત્તિ ઇષ્ટની પ્રાપ્તિ તથા અનિષ્ટના પરિહારમાટે હોય છે જ્યારે પ્રાણીકોઇવસ્તુ મેળવવાની અથવા તેથી નિવૃત્ત થવાની ઇચ્છા રાખેછે ત્યારે 'તે વસ્તુ ઇષ્ટનુ અથવા તો અનિષ્ટનુ સાધન છે' એવો તેને આ જન્મનો કે પૂર્વજન્મનો અનુભવ અવશ્ય હોયછે તુરતના ઉત્પન્ન થયેલા માકડ તથા જૂ વગેરે ક્ષુદ્ર જંતુઓ મનુષ્યનુ લોહી ચૂસવામા પ્રવૃત્ત થાયછે અથવા પકડનારનો પ્રયત્ન જોવામા આવતા નાસવાનુ મન કરે છે, ત્યારે તેઓને આ જન્મમા તો લોહી ઇષ્ટનુ સાધન છે અથવા પકડવુ અનિષ્ટનુ સાધન છે એવો અનુભવ નથી તો તેને તેવો અનુભવ પૂર્વજન્મનો છે એવુ ચોક્કસ અનુમાન થાયછે

આવી રીતે જેમ પુનર્જન્મ પ્રમાણસિદ્ધ છે તેમ સ્વર્ગાદિ લોકો પણ પ્રમાણસિદ્ધ છે શાસ્ત્રકારોએ વસ્તુનુ પ્રામાણ્ય પ્રત્યક્ષ અનુમાન, ઉપમાન, શબ્દ, સંભવ અને ઐતિહ્ય એ છ પ્રમાણોથી માન્યુ છે વ્યાસાદિ ઋષિઓએ પુરાણવગેરેમા સ્વર્ગાદિ લોકોને વર્ણવ્યા છે તેથી એ ઐતિહ્ય પ્રમાણ સ્વર્ગાદિ લોકોને યથાસ્થિત પુરવાર કરેછે

વળી કોઇ વખતે આપણા આપ્ત મુરબ્બી જનના મુખથી એવી વાત સાંભળવામા આવેછે કે અમુક ગામના અમુક મોહોલ્લામા એકજ નામનું ધારણ કરનાર બે પુરુષો વસતા હતા તેમાના એક પુરુષની ખરી આખર અવસ્થા આવતા તેના નામનુ ધારણ કરનાર બીજો પુરુષ પણ જો કે તમામ નીરોગ હતો તે પણ મરવાની તયારીમા આવી બેભાન થઇ ગયો હતો અકસ્માત બેભાન થઇ ગયેલા આ પુરુષની આસપાસ તેના સગાસબંધીઓ ભેગા થઇ તેની મૂર્છા ઉતારવા પ્રયત્ન કરતા હતા આટલામાં અરધી ઘડીક પછી તે પુરુષ મૂર્છા ઉતરી જતા બેઠો થયો અને સગાસંબંધીઓએ 'મૂર્છા

કરજ ઉતરી જાયછે તથા વેદાધ્યયન કર વાથી ઋષિઓનુ કરજ ઉતરી જાયછે આ પ્રકારીએ આ ત્રણ કરજોને ભોગવાની જવાબદારી મનુષ્યના શિરપર નાખી છે, તેથી તે કરજો ઉતારી જેમ પિતાઓવગેરેની પ્રજાતા મેળવાય છે તેમ આત્મક વાણ પણ સધાય છે ઋષિઓનુ કરજ ઉતારવામા વેદશાસ્ત્રોનુ અધ્યયન ફરજ્યાત કરવુ પડવાથી તેના સસ્કારો બચપણથીજ સારા બેસેછે તેથી તે મનમા મોટી અવસ્થાએ પો હોચતા કદી પણ વિકૃતિ થવાનો સભવ રહેતો નથી દેવતાઓનુ કરજ ઉતારવામા મનુષ્યને યજ્ઞયાગાદિક કરવા માટે અવશ્ય સ્ત્રીની સાથે લગ્નવિધિથી જોડાવુ પડેછે આથી તેની નિરકુશતાપર કાપ પડેછે સામાન્ય દૃષ્ટિથી જોતા સ્ત્રીવર્ગના પુરૂષમા જેટલી હદ બહિર્મુખતા થવાનો સભવ માની શકાયછે તેટલી હદ સ્ત્રીની સાથે લગ્નવિધિથી જોડાયેના પુરૂષમા માની શકાતો નથી મનની સ્થિતિ નવા અશ્વના સમાન છે માટે અશ્વને પોતાની ઇચ્છાનુસાર ચલાવવાની ઇચ્છા રાખનારાએ જેમ કાઠમ અશ્વની ઇચ્છાને અનુસરવુ પડેછે તેવી જ રીતે મનપર કાબુ મેળવવાની ઇચ્છા રાખનારાએ મનની ઇચ્છાને કાબુ અનુસ રાનેમાટે સ્ત્રીની સાથે લગ્નવિધિથી જોડાવુ વળી યજ્ઞયાગાદિક કરવાથી જેમ પોતાને સ્વર્ગાદિ ઉત્તમ લોકોનો લાભ થાયછે તેમ પ્રજાનુ કલ્યાણ પણ થાયછે કહ્યુ છે કે अग्नौ प्रास्ताहुतिः सम्यगादित्यमुप तिष्ठते । आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ॥ (અગ્નિમા વિધિપ્રમાણે નાખેલી આહુતિ સૂર્યને પોહોચે છે સૂર્યથી વૃષ્ટિ થાયછે વૃષ્ટિથી અન્ન થાયછે અને અન્નથી પ્રજા ઉત્પન્ન થાયછે) પિતૃઓનુ કરજ ઉતારવામાં મનુષ્યને પુત્રનુ ઉત્પાદન અવશ્ય કરવુ પડેછે આથી તે પિતાની હયાતી બાદ તેને પિંડદાન આપેછે અને માતાનુ રક્ષણ તથા પોષણ કરેછે

મનુમહારાજ ઉપર કહેલા ત્રણ કરજોથી મુક્ત થવામાટે ભાર આપી મનુસ્મૃતિના છઠ્ઠા અધ્યાયના ૩૫, ૩૬ તથા ૩૭ મા શ્લોકોથી કહેછે કે ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् । अनपाकृत्य मोक्षं तु सेवमानो व्रजत्यधः ॥ अधीत्य विधिवद्वेदान्पुत्रांश्चोत्पाद्य धर्मतः । इष्ट्वा च शक्तितो यज्ञैर्मनो मोक्षे निवेशयेत् ॥ अनधीत्य द्विजो वेदाननुत्पाद्य तथा सुतान् । अनिष्ट्वा चैव यज्ञैश्च मोक्षमिच्छन्व्रजत्यधः ॥ (ત્રણે કરજોને ઉતારી મોક્ષના સાધનભૂત સન્યાસાશ્રમમા મનને લગાડવુ કરજોને ઉતાર્યાવગર સન્યાસાશ્રમનુ સેવન કરનારો મનુષ્ય નરકમા પડેછે વિધિપ્રમાણે વેદોનુ અધ્યયન કરી, ધર્મથી પુત્રોને ઉત્પન્ન કરી અને યથાશક્તિ યજ્ઞો કરી મોક્ષના સાધનભૂત સન્યાસાશ્રમમા મનને જોડવુ વેદોનુ અધ્યયન કર્યાવગર પુત્રોને ઉત્પન્ન કર્યાવગર અને યજ્ઞો કર્યાવગર સન્યાસાશ્રમની ઇચ્છા રાખનારો દ્વિજ નરકમા પડેછે)

આવી રીતે આપણા ધર્મ પ્રકારોએ આપણને માટે એવી જીવનસરણિ વગી કાઢી

છે કે જેથી આપણા આ લોક તથા પરલોક બન્ને સુધરી જાય આ લોકમાં જ મી ઠુષ્કળ ધન મેળવી એશઆરામ તથા મોજ મઝા ભોગવવી એ કાંઇ જન્મનું સાફલ્ય નથી. જન્મનુ સાફલ્ય તો આ લોક તથા પરલોક એ બન્ને સુધારવામા છે આ લો તથા પરલોક બન્ને તથા એઓમાનો એક એ કેવી રીતે સુધરેછે તથા બગડે તે નીચે આપેલા મહાભારતના શ્લોકોઉપરથી સમજી શકાશે

धनानि येषा विपुलानि सन्ति नित्य रमन्त सुविभूषिताङ्गा । तेषामय शत्रुवरघ्न लोको नासौ सदा देहसुखे रतानाम् ॥ ये योगयुक्तास्तपसि प्रसक्ताः स्वाध्यायशीला जरयन्ति देहान् । जितेन्द्रिया प्राणिवधान्निवृत्तास्तेषामसौ नायमरिघ्न लोक ॥ ये धर्ममेव प्रथम चरन्ति धर्मेण लब्ध्वा च धनानि काले । दारानवाप्य क्रतुभिर्यजन्ते तेषामय चैव परश्च लोक ॥ ये नैव विद्या न तपो न दान न चापि मूढा प्रजने यतन्ति । न चानुगच्छन्ति सुखानि भोगास्तेषामय नैव परश्च लोक ॥

(હે મોહોટા શત્રુઓને મારનારા! જેઓની પાસે પુષ્કળ ધન હોયછે જેઓ અંગોને અત્યંત શણગારી નિરંતર મોજમજા માણેછે અને જેઓ સદા દેહના સુખમા આસક્ત રહેછે તેઓનો ફક્ત આ લોક સુધરે છે પણ પરલોક સુધરતો નથી જેઓ યોગમા જોડાયા હોયછે તપ આચરવામા તત્પર હોયછે જિતેન્દ્રિય હોયછે પ્રાણીઓનો વધ કરતા નથી વેદાધ્યયન કરવામા સ્વભાવ વાળા હોયછે અને એવી રીતેજ તપ આચરવામા શરીરને જેઓ વૃદ્ધ બનાવેછે તેઓનો ફક્ત પરલોક સુધરેછે પણ આ લોક સુધરતો નથી જેઓ ધનદાનાદિ ધર્મોને પ્રથમ આચરેછે અને યોગ્ય સમય થતાં ધર્મથી ધન મેળવી સ્ત્રીને પરણી યજ્ઞો કરેછે તેઓનો આ લોક તથા પરલોક બન્ને સુધરેછે જે મૂઢ લોકો વેદાધ્યયન કરતા નથી તપ આચરતા નથી, દાન આપતા નથી પુત્રની પ્રાપ્તિમાટે યત્ન કરતા નથી સુખ ઉપજે એવા માર્ગોને અનુસરતા નથી અને ભોગોને ભોગવતા નથી તેઓનો આ લોક તથા પરલોક બન્ને બગડેછે)

આ લોકમા જન્મ મળવો અને તેમા પણ મનુષ્યશરીર પ્રાપ્ત થવુ એ મોહોટા ભાગ્યની વાત છે સ્વર્ગાદિ લોકમા ભોગો નિર્ભયે કરી ઉપલબ્ધ થાયછે તેથી તેઓમા આસક્ત રહી ત્યાં કર્મો કરવાનુ કોઇને પણ મન થતુ નથી તેથી પુણ્ય ખૂટતા ત્યાંથી ભ્રષ્ટ થવુ પડેછે આ લોક તો કર્મભૂમિ છે તેથી મનુષ્યશરીર મેળવી યજ્ઞયાગાદિ કર્મો કરી ચિત્તને શુદ્ધ કરી જ્ઞાનનુ સંપાદન કરી શકાય છે આ લોકમા આવા ઉત્તમ મનુષ્યશરીરને મેળવી જે માણસ પરાર્થ તથા સ્વાર્થ (પોતાનુ કલ્યાણ) સાધી શકતો નથી તેને આત્મહત્યા કરનારોજ સમજવો માટે તે પાપથી બચવામાટે સમજુ માણસે શાસ્ત્રોક્ત રીતિઓનુ ગ્રહણ કરવુ એજ સલામત રસ્તો છે इति शम्

ઋતુરાજ વસંત



હરિગીત

અતિ શીતવર્ધક શિશિર ને ગરમી પ્રદાયક ગ્રીષ્મ જ્યાં
જ્યમ ફ્રાંસ ને જર્મની દ્વયીને ભિન્ન મતનું વૈર જ્યાં
ગુણ ધર્મ જુદા એ વચે છગનાડ સૌમ્ય વિરાજતો,
સમ વીરવ્રતધારી વસંત વિવેકભૂષિત રાજતો— (૧)

કૃત્રિમ માળા મહેલ આદિ સૌખ્યપ્રદ શ્રીમંતને
નિરજન વને પણ મોદ દે નિર્ધન પ્રવાસી સંતને
એવા રચ્યા જ્યાં વેનિમંડપ પુષ્પમંડિત છાજતો,
ઉપકારવ્રતધારી વસંત વિવેકભૂષિત રાજતો— (૨)

ગુંજે ભ્રમર ને ટહુકી કોયલ ગીત ગાતી હાલવી
અમૃત ફળોથી આમ્રને ડાળે સુપુષ્પે માવતી
આતિથ્ય દઈ ઋતુરાજને મારુત સુગંધિત રાજતો
એ વીરવ્રતધારી વસંત વિવેકભૂષિત રાજતો— (૩)

છે કાગ કોયલ રૂપ પણ એ ભિન્ન ગુણ ધર્મે સદા,
સમ આકડો આવળ અરીઠ સુઆમ્ર એક નહીં કદા
પડતી પિછાન સહુતણી ભ્રમ અંતરેથી ટળી જતો
એ બોધવ્રતદ વસંત વિવેકભૂષિત રાજતો— (૪)

મોટી નિશા ન્હાનો દિવસ એવું કદી કે યોગ્ય ના,
ત્યમ પુરુષ સ્ત્રીના યોગ્ય શુભ તદ્યોગવિણ આરોગ્ય ના
એ દાખવે રીતી બનાવો સદ્ય શ્રેષ્ઠ સમાજ તો,
એવો સુવ્રતધારી વસંત વિવેકભૂષિત રાજતો— (૫)

મન્મથતણા સંગાથી બે રતિ ને વસંત સમાન છે
પણ પતિત રતિસમ વિષયમાં થાનો ન રૂડું મકાન છે
મરકો સુખી થઈ સત્ય કહેતા 'બાલ' જરી ના લાજતો,
એ વીરવ્રતધારી વસંત વિવેકભૂષિત રાજતો— (૬)

'બાલકવિ'—જામનગર.

મરણ પથારીમાં

લેખક—શ્રીયુત પ્રભાશંકર મગળજી દ્વિવેદી-રાજકોટ.

(અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૫૬ થી)

---

(૫)

અદ્ભુત સ્વપ્ન—દીપનિર્વાણ

ઘડિયાળમાં ત્રણના ટકોરા થયા વરસાદ નરમ પડવાને બદલે વધારે જોસમાં વરસવા લાગ્યો ચારેતરફ અંધકાર! ગંભીર રાત્રિનું ભીષણ સ્વરૂપ વધતું જતું હતું સરલા પતિ મુખસામું જોઈ રહી હતી વરસાદની ગર્જનાથી તેનું મુગ્ધ હૃદય ધડકતું હતું અને તેની આંખમાં નિદ્રાદેવીનું આવાહન થવા લાગ્યું આંખો ઘેરાવા લાગી પતિના ચરણતલમાં માથું નાખી જરા ઝોકું ખાઈ આંખનું ઝેર મટાડવાની આશાથી તેણે માથું નીચું કર્યું વિજળીના ચમકારાથી તેની નિદ્રા વારંવાર કથળવા લાગી આવી અર્ધ જાગૃત અને અર્ધ નિદ્રાવસ્થામાં તે સ્વપ્ન જોવા લાગી જાણે પોતે ભરસમુદ્રમાં હોડીપર બેઠી છે પવન સુસવાટ કરી રહ્યા છે આકાશ અંધકારથી વ્યાપ્ત થઈ ગયું છે તારાગણો પણ પોતાના મુખ છૂપાવી આકાશમાં ભરાઈ બેઠા છે પણ એક નક્ષત્રનું ઝમખું દેખાય છે હોડીમાં નથી કોઈ હલેસા મારનાર કે નથી કોઈ આશ્વાસન આપનાર હોડીમાં તો શું પરંતુ ચોદિશામાં કોઈ ઇતર પ્રાણી પણ દૃષ્ટિપથમાં આવતું નથી પોતે આ સમુદ્રમાંથી નીકળવાની આશા મૂકી ઉચ્ચ સ્વરે પ્રભુનું ભજન ગાય છે પણ શું? આ શું? એક અગમ્ય સંગીત કર્ણમાં રેડાવા લાગ્યું—સમુદ્રથી આકાશસુધીના અવકાશમાં ગુંજવા લાગ્યું એ સંગીત શોકમય નહોતું પણ આનંદમય હતું પવનની પ્રત્યેક લહેરમાં તે દિવ્ય સંગીતની મૂર્તિ નાચતી હતી સરલા મુગ્ધ બની શોક જતો રહ્યો પણ આ શું? સંગીત બંધ થયું બંધ થવાની સાથે અદ્ભુત પ્રકાશનો એક ધોળો પટ્ટો પેલા નક્ષત્ર પુંજમાંથી હોડીસુધી થઈ રહ્યો છે ચારેતરફ અંધકાર તે અંધકારમાં પણ આરસમાં જેમ શ્વેત સંગેમરમરની પટ્ટી હોય તેમ તે પ્રકાશનો સ્તંભ દૃષ્ટિમાં આવ્યો હતો પ્રકાશથી હોડી સફેદ બની ગઈ એ પ્રકાશમય હોડીમાંથી જોતાં આસપાસ હોડી સિવાય કંઈજ દેખાતું નહોતું પરંતુ સરલાની દૃષ્ટિ તે તરફ શામાટે હોય? સરલા પેલા નક્ષત્રપુંજતરફ જોઈ રહી હતી નક્ષત્રપુંજમાંથી આવતા ધોળા પ્રકાશતરફ જોઈ રહી હતી પ્રકાશમાં વહેતા પ્રત્યેક [illegible] પરમાણુતરફ જોઈ રહી હતી ચકિત હરિણીની

પેઠે તેની તીક્ષ્ણ દૃષ્ટિ તે નક્ષત્રતજ્ઞ રની તેની આખમાથી નીકળતી દૃષ્ટિથી જાણે તે નક્ષત્રપુજસુધી સીધો રસ્તો થઇ રહ્યો હોય નહિ! તેવો દેખાવ સરલાના અનિમેષ નજરે જોઇ રહી હતી શુભ વસ્ત્રધારી વ્યક્તિ સરલાપાસે આવતી ગઇ તેના પદેપદે સરલાના હૃદયના તાર ઝણઝણવા લાગ્યા તેની ઝણઝણાટી ગણગણવા લાગી અને તે તારમાથી ચેતુ બધ થતુ સગીત પણ બહાર નીકળવા લાગ્યુ તેનામા તે સગીત મય વાતાવરણમા અચાનક એક ભયકર ગોનાહલ ઉત્પન થયો હોય નહિ તેમ કોઇ 'સરલા! સરલા! કહીને પોકારતુ હોય તેમ જણાવા લાગ્યુ સરલા આ અવાજથી ચમકી ઉઠી આખ ઉઘડી ગઇ જોયુ તો પાસે મહાલક્ષ્મી 'સરલા વહુ બેટા કહતી ઉભી છે

સરલા ગભરાઇ ગઇ સાસુ કોણ જાણે ક્યારના આવી ઉભા હશે અને પોતે મા ભક્તિની સભાળ રાખવાને બદલે સૂઇ ગઇ અને તે પણ તેના પગપર તે મારે કોણ જાણે શો ઠપકો સાભળવો પડશે તેના ભયથી ક્ષણભર ભાન ભૂલી ગઇ પરતુ આ શુ? મહાલક્ષ્મીના સ્વરમા આટલી બધી આર્દ્રતા કેમ? આટલુ બધુ વ્હાલ કેમ? સરલા સ્તબ્ધ બની, મહાલક્ષ્મી સરલાના માથાપર હાથ ફેરવી બોલી– વહુ બેટા ઉઠ જાગીછે કે? જાઓ, સૂઇ રહો હુ બેઠી છુ તુ બેઠી હતી અને તમને અત્યારસુધી ચિતા કરાવી તે પાપમા ન પડુ મને કોણ જાણે કેવી શિક્ષા કરશે પરતુ સરલા આ અમૃત

પૂર્ણ વચનો સાભળી આભી બની હતી તે ખમી નહિ ફરીથી મહાલક્ષ્મી જરા વધુ કરુણા વચનથી બોલી અને આ વખતે તેનુ અત કરણ જાણે તેને દુખતુ હોય નહિ તેવો તેના મોઢાપરથી આભાસ થયો બેટા! ગઇ ગુજરી ભૂલી જાઓ, મારો રતિ તે તારો સ્વામી એ વાત હુ અદેખાઇથી ભૂલી ગઇ તેમાટે ક્ષમા કર એ વહુ દીકરા! ક્ષમા કર! સાસુના હૃદયનો પશ્ચાત્તાપ ધોધમાર બહાર નીકળ્યો મહાલક્ષ્મી સરલાનો હાથ ઝાલી પથારીપાસે બેસી ગઇ તેની આખ માથી આસુ વહ્યા જતા હતા હવે સરલા સમજી કે સાસુ ખરેખર પશ્ચાત્તાપ કરેછે તે પણ સાસુ પાસેથી હાથ છોડી તેના પગમા પડી બોલી– બાઇજી ક્ષમા કરો! મને પાપમા ન નાખો! મારા અહોભાગ્ય કે તમારાજેવા પવિત્ર સાસુ મલ્યા છે વધુ બોલવા ગઇ પણ ધાયુ સાસુ વહુ રુદન કરવા લાગ્યા પ્રથમ છુપી રીતે અને પછી જોરથી રુદનના અવાજથી રોગી જાગી ઉઠ્યો સાસુ વહુ અતુસરણ કરી રોગીની શુશ્રુષા કરવા તૈયાર થયા

રાત્રિના બાર વાગવા આવ્યા હતા પરો ઢીયુ થવાને થોડીજ વાર હતી અચાનક રોગી ગણગણવા લાગ્યો– મા એ બા! જો જો—એ આવ્યો હુ જાઉછુ હુ મારીશ' મહાલક્ષ્મી ગભરાતી બોલી– બેટા, શુ કહે છે? કોણ આવ્યો? રોગીને ચિત્તભ્રમ થયો છે તે અનુભવી મહાલક્ષ્મી જોતી ગઇ આ સામા વહુને સાથે બેસાડી દીધી ન લાગવાથી 'વહુ બેટા, જ્યોતિને ચારી તમ કરી લાવો!

નગાર યમરાજ! મારા પતિને તે વામાટે ન પ્યા? શું મ ર અભાગણીનું હીર તારે નામ નહોતું? નનુએ તને ધમ રાજા સામાટે બના રો? ોછને મારા ોઇના વ ભે આવના મારા જેવી સ્ત્રીઓને અનાથ બના વવા સારૂ

ર

આ અગગાને ઓળખી હ ો ગાય જેવી સરલાને કોણ ન ઓળખે? પણ અત્યારે તે અહીં યાથી? અત્યારે તેના પતિનુ નામ કેવું? વાચક તને ગરીબોની ી નો અનુભવ છે? ગનિવાન કોઠ નઇ કેવું સહુ નહોતુ ૂના હતા તેઓ પણ લક્ષાધિપતિ હોવાથી ગરીબ સામુ જામાટે જુએ? આ ા ુની ર રાબ બપોર પડી પાચ વાગતે ની યુ અરના ઉાવાને આવી હતી સાસુથી રસા વિખુટી પરી પતિની ચિતાને અજવાળે અહીંઆ તી.

ભ

ન ના પાઠી ન મની પ ુ ર ુ શું હવે પાછા નહિ ર આવે? અહા ત ાત! જે દિવસે મા નમ થયુ ર ાત ને પણ આ ાત જેવા ર અ વાગી છતા તેનો આન ાઝ ઓર રનો આ ાબ ાત પણ આ ત્રિજની ભીતરમા ઝળી નિહાળી નાખે કે બ મ ા નદી વના ાએ હોવાથી ભરપૂર હતી તેમા પણ વા સરતા ત ા હતી તે જગાએ નદીનો પ ઘ ો ર પ તેોો હતો ઉ ાણુ પણ મે નળ નાયો ા હતુ અને તે પણ પગનીઆની પેરે નવમ શોધ પડી ાથુ એમ હોવ થી નષ્યભાગે

C ામનો અત આવતો હતો વર્ષા ાટે મ મ પવન નદીના તટપર ધીમી ધીમ લહરીઓ લગાવતો હતો આકાશમાન અસખ્ય નક્ષત્રરા નદીના પાણીમા નાચતી હતી સરના આ દેખાવ જોઇ રહી હતી ત્યા અચાનક તેને પેલુ સ્વપ્ન સાભર્યું નદીના પાણીમા નાચતા નક્ષત્રપુ ત્માર્ તે નક્ષત્રને ગોધી હા યુ સ્વપ્ન વિચારતા વિચારતા ત મય બની પાણીમા નાચન નક્ષત્રપુ જસૂધી રૂપેરી સ્લો દૃષ્ટિગોચર થયેક આત્મભાન ગયુ ોરી પથપર આવતી ક્ષિપમે આવવા લા ી છેક પાસે આવી સરનાએ તેનુ સ્તબ્ધ બની અચાનક તે વ્યક્તિએ નાખેલો હાથ રી હોઇ ક ુ ત્યા- સરલાના ાનમા તે હાર કડક વાનો શબ્દ આવી પહોચ્યો સરલા ઉ મત્ત બની બોલી ઉઠી— નાથ! આ િ ગીને પાસે પાસે બોલાવો છો કે? આવી—આ આવી—જરૂ- નહિ પાવુ છુ નદીના પ્રવાહમા આગળ વધવા લાગી પહેના ા ા પડી તીચણ પડી કે પડી વક્ષસ્થળ ગયુ માથુ ડૂબી ગયા કાળા નાના ાવાળા જેવી ગોરા ક લાકના મેમાનજેવી મેડી અન ત પાણીમ ડૂબી ગઇ સરના ગઇ—તેના પતિપાસે ગઇ તે સમાચાર હેરા ના પાય પરપોટા ઉપર આવી ફુટ ફુ ા ફરી જળમા ભળ ત્યા અન ત ના શમા તે પરપો ાનો ફુટ ફુટ અવાજ શુ ર રા ૃથ્વીપરથી એક જીવ ઓછા થયો દુનિયાને તેની યા પ ગ્યા છે?

સુયશ સંકીર્તન

(મંદાક્રાન્તા વૃત્ત)

સૌથી ઉંચુ વગણુંયુ નામછે કીર્તિ ર
કિંતુ તેનુ સફલ કરતા કાર્ય તો છે અનેરૂ
માટે વ્હાલા અવનિપર આ કાર્ય છે સાધવાનુ
ખર્ચી સર્વે સુયશ જગતે સર્વથા પામવાનુ 1

બાના જો આ સુયશ ન હતે વાચતા મર્દ બાજે
અશ્વો મોંઘા લખત નહિ શું સાક્ષરો ગોવ કાજે?
બાતા જો આ સુયશ ન હતે ભૂપતિ ભૂમિ રાજ
લોકો સાને સુતરત ગણી સ્વર્ગના સુખ દેતા?

બાતા જો આ સુયશ ન હતે ભૂમિના ભદ્ર કાજે
મનભ તો સુભગ જગતે જૂઝતે યુદ્ધમાં કે?
બાના જો આ સુયશ ન હતે શ્રીપતિ દીન પ્રત્યે
ચક્ષુમાંથી દ... વહે અશ્રુઓ પાડતે કે? 3

અશ્રુ પાડી નહિ અગર ના દ્રવ્યનો ભાર ખોની
ભિક્ષુકોને સ ન હ યે આપતે દ ન ાહિ?
નિત્યે સ્નેહી સુયશ કરતા નર ગોઠ દિલે ના
મૃત્યુ થાતે તદપિ ચિરથી બેન્ના જે બને ના 4

કીર્તિ વિના સુયશ જગતે છે હવાની સમાન
તેનુ જેણે ...ચિત નયમા પ્રેમથી ગીધ પા।
મૃત્યુ ડે સ ન... તે પાનના સુરભાવે,
બાના પેરે અહર્નિશ એ વિશ્વને યાદ આવે! 5

ભીમાશંકર શર્મા 'વિદ્યાર્થી'

વિદ્યા અને વિદ્યાર્થી

લેખ —શાસ્ત્રી પોપટલાલ અમારા —જામનગર

(અનુસંધાન ૧ર્ગો પૃષ્ઠ ૧૪૪ થી)

વિદ્યાર્થીવર્ગના મનુષ્ટે એ ખાસ વાત ૫ ખાસ ધ્યાનમા રાખવાની છે —આ કુનિ અને વેદશાસ્ત્રવિરૂદ્ધ વિદ્યાઓમા તથા તે વિદ્યાનતિપાદક પુસ્તકોમા અ ચોમા પ્રથમ તથા ઉપર ઉપરથી એની ાની ો વનામા આવેલી હોય છે કે જાણે કે ૭ રમને કે કોઇ ધર્મપુસ્તકોને જરા ૫ માર ન આવતો હોય પણ અ રખાનેની તો સનાતન વૈદિ ધર્મને અને યુક્તિ યુક્તિઓથી ત્રોડવાનોજ સિદ્ધાન્ત હોયછે ને મજ સાન્ત સમયમા તેવી રીતિની ર ાને નીધે વધ્યા તહેર ભાષણ આપના ને નિ સનાતન વૈદિકધર્મથી સર્વથા વિરૂદ્ધ છતા પણ ઉપરથી ધર્મોમુખ વિરુદ્ધ બની મા ાછે કોઇ ધર્મને જરા પણ બાધ ન આ તો હોય તેવી ઢબથી તે તે પ્રદેશોમા સ ભાઓ ભરી ભાષણ આપે છે તેમા પ્રથમ તો એવી સારી સરળતાથી બોલવા માંડે , જેથી વિદ્વાન્ અવિદ્વાન્ અને સાધારણ વર્ગના જે બોધ ભલા લોકો સભામા આ વેલા હોય તેઓના અંત ઃકરણમા એવી છાપ પાડી દે છે આનો મત ધર્મને બાધ વિરુદ્ધ નથી ન રેડે નહિ ધર્મની હાનિ થાય એવુ તેઓના નથી આવુ ભાષણ મા અમારામા શુ હરકત છે એ પ્રમાણે પોતા તરફ લોકોની શ્રદ્ધા વિશ્વાસ બેસારી પાક બાંધી ત્યારે પોતે જાણે કે હવે આ લોકમાં સાપવાતર પૂર્ણ ભરોસો બેઠો છે ત્યારે ધીમેધીમે વેદવિરુદ્ધ તેઓના ધર્મની અસર બેસાડવામા જરા પણ ચુકતા નથી તેવા લોકો બીજા પ્રદેશોમા જઇ અથવા તો ઘણા લોકોનાનાગાકરોમા પણ રીતિથી જાહેર ખબર છપાવી છે અને તેમા સ્પષ્ટ લખે છે કે અમુક ગામમા અમોએ જાહેર સભા ભરી હતી તેમા અનુ અમુ પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત શાસ્ત્રીઓ પણ હતા અમસ રો અને વિદ્વાનો હાજર થેયા હતા તે સર્વેઓએ અમારા ભાષણની મુક્તકંઠથી સંપૂર્ણ પ્રશંસા કરી હતી અને અમોએ જે જે ધાર્મિક વિષય ઉપર સશાસ્ત્ર સયુક્તિ અને સચોટ બા

ચાલ્યા આપ્યુ હતુ તેને કૃશો પણ વાધો ઉ શ્યાનગર ઘણીજ શ્રદ્ધાથી અને વિશ્વાસથી આ ય ગી ઉપદેશ બુદ્ધિથી શિરોમાન્ય કરીકે વધાની લીધુ હતુ એ બાબત છાના ઓગ તન પસિદ્ધ થવાથી તે લોકો જ્યા જ્યા જાયછે ત્યા ત્યા આગના ગામોમા પોતે આપેના ભાવોની તથા વાદેર ખમ ચોની પ્રસિદ્ધિ કરી સનાતન વૈદિક ધર્મ ને નિર્બળ જણાવી વૈ દિકનો પગ તેનારો કરવાની પોતાની ધારણાને વળી એ ગે સમૂન ક વામા ત્તમ નીકડે તેવી ભાવન વૈદિક ધર્માનુયાયી વિદ્યાર્થીએ તેવા વૈ દિક ધર્મ વિરુદ્ધ બોલનારા લોકોની સભામા જવુ ન જવુ યોગ્ય નથી તથા તેવા ભાવાને ત્રાત્રેદિવના વિવરૂપ ગાનુ નની ભરપુ કે વિદ્યાર્થીનો તુ અંત કરણ અવસ્થાની પરિપકવતાના અભાવને લીધે અત્યંત કોમળ હોયછે તેથી તેમા લાગી અસર થતા વિલ બ લાગતો નથી ધર્મશાસ્ત્ર કહેછે કે- નાસ ઘા ઙ્કેપુ સજેત। અસત્-વૈ દિક શાસ્ત્રોતર જ્વરાપપુ થાન નુ નહિ એ પ્રમાણે પ્રાચીન મહાત્માઓ જે સનાતન ધર્મ થી વિરુદ્ધ પદ્ધતિએ ચાલનાર લોકોના કોઈ વાતના પ્રસંગમા ન આવવા માટે ભલામણ કરી ગયેલા છે તે ઘણા ગંભીર વિચારની ભરેલા છે વળી આધુનિક બાલબુદ્ધિવાળા લોકો કહેતા લાગે છે ગમે તેવા ધર્મ વાળા ગમે તે સ્થળમા ભાષણ કરતા હોય અથવા ઉપદેશ કરતા હોય ત્યા આપણે જવામા નુકસાન છે તેઓના ભાષણને ઉપદેશને માનવો યા ન માનવો એ તો આપણા હા થમા છે એ લોકો આપણને બલાત્કારથી કબૂલ કોઈ વાત કબૂલ કરાવી શકે એમ છે! આપણે માનવુ હોય તો માનીએ અને ન માનવુ હોય તો ન માનીએ શુ આપણે એવા મૂર્ખ છીએ કે ભોળા છીએ કે ગમે તેની તેની વાત માની બેસીએ? એ પ્રમાણે કહી તેવા વિધર્મી લોકોના પ્રસંગમા આવે છે અને કેટલાક તે વિધર્મી લોકોના વાક્પાશમાથી કોઈ એ ભાગ્યેજ છુટકા પામે છે એટલા માટે ધર્મસંબંધી પ્રસંગમા વિધર્મી લોકોના સંગમા ન આવવુ એ સર્વથા હિતાવહ છે

વિદ્યા પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીએ જે વિદ્યાનો અભ્યાસ આરંભેલો હોય તે વિદ્યાના વ્યાકરણનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ કારણ કે તે તે ભાષાઓમા કોઈ મનુષ્ય ગમે તેવો મોટો વિદ્વાન્ હોય પણ જો તે વ્યાકરણથી અજાણ હોય તો વ્યાકરણને જાણનાર વિદ્વાનના પરિચયમા આવતા તેની પ્રતિષ્ઠા ખોટી બેસેછે વ્યાકરણ એ વિદ્યાઓનુ અને ભાષાઓનુ મૂળ છે તથા મુખ છે સંસ્કૃત વ્યાકરણના મહાભાષ્યકર્તા પતંજલિ મહર્ષિ કહેછે કે-प्रधानं च षट्सु व्याकरण प्रधाने कृतो यत्न फलवान् भवति । વેદના શિક્ષા કલ્પ વ્યાકરણ નિરુક્ત છંદ અને જ્યોતિષ એ ૬ અંગો છે તેઓમા વ્યાકરણ મુખ્ય છે તેથી પ્રાણીમાત્રના મુખવિના જેમ બીજા અંગો લગભગ નકામા છે તેમ વ્યાકરણવિનાનો બીજો સર્વ વિદ્યાભ્યાસ નિરર્થક જેવો છે વ્યાકરણના અભ્યાસના પરિણામમા વિદ્યાર્થી પરતંત્રતાનાથી છૂટી સ્વતંત્રતારૂપ ઉત્તમ પ્રાપ્તિ કરીનો

નહુ થવા ભાગ્યશાળી નીવડે તેમજ વળી વિદ્યાર્થીએ આ વાતઉપર પણ સંપૂર્ણ ધ્યાન આપવુ જોઈએ કે અભ્યાસની ઉમ્મરમા બને ત્યાસુધી એ વિદ્યાભ્યાસસિવાય બીજી કોઈ સાંસારિક ખટપટમા ઉતરવાનુ નથી સાંસારિ ખટપટમા ઉતરી જવાના ભયથી જ પૂર્વ સમયમા બ્રાહ્મણાદિવર્ણે જ્યારે પુત્રની વિદ્યાભ્યાસમાટે યોગ્ય અવસ્થા થતી ત્યારે તેના માતાપિતાઓ ઘરે અંતરગસ બંધી કે જો આજકાલ વાની એ શ થી લેવામા આવે છે તો પુત્રને યથાશાસ્ત્ર યજ્ઞોપવીતપવતના સંસ્કારોથી સસ્કૃત કરી તુરતજ વિદ્યાભ્યાસ માટે બ્રાહ્મણ પંડિતો પાસે રાખતા હતા તે અધ્યાપક ગુરુઓ શિષ્યોને અખંડ બ્રહ્મચર્યની સાથે પુત્રોની નમ્રભાવના પૂર્વક વિદ્યાભ્યાસ કરાવતા તા ગુરુ શિષ્યો કર્યું વિદ્યાપ્રેમ ગુરુત્વ ગુણાકર માવર એ શાસ્ત્રાનાનમાણે પ્રેમ પૂર્વ બુદ્ધિ રાખી પ્રાપ્તિ ગુરુમેવા હતા તેઓ વિદ્યાભ્યાસની પ્રાપ્તિમાટે દક્ષિણા આપી ગુરુની આજ્ઞાના સેવાનો આપી તેઓ વિદ્યાભ્યાસના [illegible] અખંડ મન ચંચળતા બંધાવાથી ગુરુજનની કૃપાથી વિશેષ રહિતસ્થાનમા રહેવાથી અનેક ધન સંપત્તિથી અને મહાભાગ્યના પરિણામથી અધિક તમા આયુષ્ય સાધનની પ્રાપ્તિ દ્વારા અખંડ પુરુષાર્થ વ્યુત્પન્ન પાર થયા હતા કહીવર કીર્તિ સંપત્તિ ગુરુભક્તિના સબંધમા કોઈ પ્રાચીન ઇતિહાસ લખે છે કે પૂર્વે પૂર્વકાળમા [illegible] ઉપર રઘુ

રાજાના ચક્રવર્તી શાસનનો અમલ ચાલતો હતો તે વખતમા એક વરતનુ નામના મહાત્મા મુનિપાસે એક મનનામનો શિષ્ય શિષ્ય થઈ વિદ્યાભ્યાસ કરતો હતો તેણે ચાર વિદ્યાઓનો નિયમપૂર્વક અભ્યાસ કરી છેવટ ગુરુનુ પારિતોષ ગ્રહણ કરી પ્રાર્થના કરી કે– હે ગુરો! કૃપા કરી મારી પાસેથી કંઈક ગુરુદક્ષિણા માગો [illegible] વરતનુમુનિએ કહ્યુ કે– હે શિષ્ય! એ આગ્રહને છોડી દે શિષ્યે કહ્યુ કે– ગુરો! એમ નહિ બોલો આપની ઇચ્છાપ્રમાણે ગુરુદક્ષિણા માગો ગુરુ દક્ષિણા શિષ્યે દેવી જોઈએ એવી એ પ્રાચીન પદ્ધતિ છે અને તે પ્રણ મહાત્માઓએ શિરોમાન્ય કરેલી છે એનુ કારણ શિષ્યનુ વચન સાંભળી ગુરુએ તેના આગ્રહની તથા શક્તિની પરીક્ષાના હેતુથી શિષ્યને કહ્યુ જો તમારો આગ્રહ હોય તો હું ગુરુ કે તમો મારી પાસે ચૌદ વિદ્યા ભણ્યા છો તેથી ચૌદ ક્રોડ સોનામહોર આપો ગુરુનુ વચન સાંભળી શિષ્યે એટલુ ધન માગી લાવે તો છે નહિ આ હવે કેમ કરુ એમ વિચાર કરી શુ કરે ગુરો! હું [illegible] રઘુ રાજા પાસે માગના કરી આપો બતાવીને ધનની રકમ માગી ઘણ એમ કરી ત્યાંથી ચાલી તેણે [illegible] ખનમા ધન લઈને ગરજ [illegible] રઘુરાજા સામે જ ગુરુદક્ષિણાની હકીકત કહી તે સાંભળી કૌત્સ પજ [illegible] નામા પછી ગયા [illegible] તે વખતે તે રાજા [illegible] તમામ [illegible] ત [illegible] સર્વ [illegible] વિશ્વજિત યજ્ઞ કરી સર્વ

નિષ્કિંચન થઈ ગએના હતા અને બીજી તરફથી રાજાએ વિચાર કર્યો કે સાધારણ સ્થિતિના ક્ષત્રિયપાસે પણ આના સુપાત્ર બ્રાહ્મણ યાચના કરના આવે ત્યાર તે સાધારણ સ્થિતિનાગે ક્ષત્રિય પણ પોતાની શક્તિના પ્રમાણમા અવશ્ય આના બ્રાહ્મણ ાી ા ચનાને નિષ્ફળ જવા દે નહિ ત્યારે મારાજેવા ચક્રવર્તિત્વાભિમાની ક્ષત્રિય રાજાપાસે આવેલો આવો સુપાત્ર બ્રાહ્મણ કે જેને ગુરુદક્ષિણા જેના ઉત્તમ ધાર્મિક કાર્યમાટે અવશ્ય ધનની જરૂર છે તેની યાચના વ્યગ્રમન વિફલ થવી ન જોઈએ આ ખરેખર મારી પરીક્ષામાટેજ આવો વખત પરમેશ્વરે યોજેલો જણાયછે એમ વિચારી પ્રથમ તો તે રાજાએ બીજા ધાતુના પાત્ર ન હોવાની યુક્તિના ધ્યાનમા અર્ઘના પદાર્થો લઇ કૌત્સમુનિના યથા શાસ્ત્ર પૂજનાદિ સત્કાર કર્યાપછી રાજાએ તે બ્રાહ્મણને કહ્યુ કે 'હે દ્વિજોત્તમ! તમો મારી ઉપર કૃપા કરી જરા ધૈર્ય રાખી વિરાજો મારી ધનસબધી સ્થિતિ હાલમા તેવી છે એમ કહી રઘુરાજાએ મહાદેવના ભડારી કુબેરભડારી પાસે જઈ પોતાને ખાતે ચા ... સોનામહોર લેવાનો વિચાર કરી રથને તૈયાર કરી જ્યોતિ શાસ્ત્રના પડિતો પાસે નિર્ધારિત કાર્યની અતિ શીઘ્ર સિદ્ધ કરનાર શુભમુહૂર્ત જોઈને પ્રયાણમાટે પ્રસ્થાન કર્યું રઘુરાજા ા એવા ધનની વિપત્તિમા પણ ઉદારતા, ધર્મ પ્રતિ સદ્ભાવના બ્રાહ્મણો ઉપર પ્રેમવત્તા ક્ષત્રિય રાજત્વની શક્તિમાનવત્તા અને અપૂર્વ ધીરતાનગેરે ગુણોના કુસુમપોથી આકર્ષિત થએના અનુરક્ત થએના, અને એ પ્રમાણે થવાથી પરના અન્ત ક રણને જાણી લેવાની વિશક્તિવાળા ધનેશ કુબેરે એ રઘુરાજાને પોતાને ઘેરગયેલા જાતના પરિશ્રમવિનાજ ધારેના કાર્યની સિદ્ધિ કરી તેમાટે પ્રસન્ન થઈ ચૈત્ર કરેલ સોના મહોરો કરતા પણ વધારે સોનામહોરોના આ ... માથી રાજાના ... આસપાસ દ્રષ્ટિ કરી તેને દેખી રાજાએ કુબેરજીનો અનિર્વચનીય ઉપકાર માન્યો પછી તે સોનામહોરોમાની પોતાને માટે એકપણ સોનામહોરનો ઉપયોગ નહિ કરતા કૌત્સમુનિ કે જેણે પોતે ગુરુ દક્ષિણામાટેનુ ધન લેવાની પ્રતિજ્ઞા કરેલી હતી તેને એનાની ચા કરોડ સોનામહોરો તેજ વખતે આપી દીધી રાજા રઘુની ઉદારતા અને નિર્ધનાવસ્થામા પણ ધર્મ ઉપર તથા બ્રાહ્મણઉપર અકિંચન સદ્ભાવનત્તાને જોઇ વિસ્મય પામી પ્રસન્ન થઇ તેને આશીર્વાદ આપી કૌત્સમુનિ તે ધન લઇ પરમાદરે પોતાના ગુરુ વરતતુમુનિની પાસે આવી નમસ્કાર કરી ગુરુના ચરણમા તે ચૌદ કરોડ સોનામહોર ધરી દીધી ગુરુએ શિષ્યની એવી અપૂર્વ શક્તિને તથા સિદ્ધ પ્રતિજ્ઞાને જોઇ ગદ્ગદ્ થઇ આશીર્વાદ આપ્યો કે તમારી સર્વ વિદ્યાઓ આ ને લોકમા સફલ થાઓ તે આશીર્વાદ લઇ કૌત્સમુનિ પોતાના સ્થાનના ગયા

अन्योक्ति सग्रह

(૩)

१ पलांडूयोक्ति

ગજલ-કવ્વાલી

કુપાની ગખના છાની ગનડી તોય ગધાણી
મન્નાવાન ખુ માની નેગી તોય ગવાણી —ટેક

બુઝ કે ન ની સો ઉગેલી પુ ઉમે
ગુલાબનુ પાઝને પાણી ગધેલી તોય ગવાણી— કુપાની

ઉગેલી સ્થાને ખ્લે પેગ રેશમી વસ્ત્રે
ની ખચેથી મધાણી ગનેલી તોય ગધાણી— કુપાની

કગની પે । સ ની જડાની ગાળી મ પમની
વરી નેમા ૮રખ આણી ગનડી તોય ગધાણી— છુપાની

પના નુની ની પોવી કવિન નથુરામ । ચોથી
નનાની ભ્રાને ના ગી ગનેલી તોય ગધાણી— કુપાની

રાજકવિ નથુરામ સુંદરજી શુક્લ

---

૧ આમા ગાઇ ઉત્તમ મનુ ય અધમ જાતિના આ કે પ પને ઉત્તમ સગમા રાખી
તમ પોતાનુ આવી ઉગેલી કિનમ નમ્રાનરનુ પ્રેગની ઉત્તમ સ્થાનઉપર સ્થાપિત
રહે છતો તે પોતાનો જાતિસ્વભાવ છે ના નથી એવાને ઉદ્દેશીને ગગીઅન્નિ
મા અન્યોક્તિ છે

ઑનરેબલ મી. પટેલનો ખરડો

(હિંદુ જ્ઞાતિઓમા અંદર અંદરના લગ્નો કાયદેસર ઠરાવવા બાબત).

(લેખક—શ્રીયુત કલ્યાણરાય જેઠાભાઇ ભટ્ટ—રાજકોટ)

(તેમના અંગ્રેજી લેખનુ ભાષાંતર)

આદર્શચિંતકો (Idealists) સમાજનું અમૂલ્ય ધન છે પરંતુ અધીરા આદર્શ ચિંતકો, ભલે કેવળ અજાણપણાથી પણ અચિંત્ય ભય અને નુકશાનનું કારણ થાય છે

૨ આસ્તકાળમાં એટલી હકીકત તો હવે સિદ્ધ થયેલી છે કે હિંદુઓમા અનેક જ્ઞાતિવિભાગ થયેલા છે તેથી તેમની રાજકીય ઉન્નતિમા મોટુ વિઘ્ન આવેલુ છે અને જે જે પગલાથી આ વિઘ્ન દૂર થાય અથવા નબળુ પડે તેમ હોય તે તે પગલાઓ ભિન્ન જ્ઞાતિનુ હિત ઇચ્છનારાઓને સ્વાગત હોવા જોઇએ પરંતુ આ સામાન્ય સિદ્ધાંતમા એક અગત્યનો તાત્વિક નિયમ રહેલો છે અને તે એ કે મજકુર પગલાઓ જે અનેક તત્વો મળીને હિંદુપણું બનેલુ છે તે તત્વોને નુકશાન કરતા અથવા નુકશાન કરે તેવા હોવા ન જોઇએ અર્થ અને કામ સાધવામાટે યત્ન કરવો જોઇએ પરંતુ તે ધર્મને નુકશાન પહોંચે તેવી રીતે નહિ આ નિયમ અધીરા અને અત્યુત્સાહી આદર્શચિંતકો ઘણુંધા વિસ્મરી જાય છે,

૩ કમભાગ્યે જે હિંદુઓ વર્તમાન કાળના સમાજના નાયકોનો પાઠ ભજવે છે તેઓ ઘણે ભાગે હિંદુ ધર્મના સિદ્ધાંતોથી અપરિચિત હોય છે વ્યાવહારિક પ્રગતિ સાધવાના આવેશમા તેઓ પોતાના સનાતન ધર્મના મૂલ તત્વોની ઉપેક્ષા કરે છે કે જે ધર્મ-ક્રિયાઓ, રીતીઓ, દેવભાવ, પંથો, એકતાની ભાવના હેમવગેરેના જાળાઓમા અત્યારે સારીરીતે આવૃત થઇ ગયેલો છે આ ઉપેક્ષાથી માત્ર હિંદુઓને તો શુ પણ સમસ્ત મનુષ્ય જાતિને પ્રાચીન કાળના દૈવી ઋષિઓએ શોધેલા કેટલાક મહાન સત્યો (તત્વો) નુ નુકશાન થવાનો ભય ઉત્પન્ન થાય છે

૪ આવુ એ મોટુ સત્ય, કે જે ખાસ હિંદુ ઋષિઓનીજ શોધ છે તે પુનર્જન્મનો સિદ્ધાંત છે ખ્રિસ્તીઓ અને મુસલમાનોથી ઉલટું આપણે એમ માનીએ છીએ કે અત્યારની વર્તમાન જીંદગી એ આપણી ભૂતકાળની અને ભવિષ્ય કાળની અનેક જીંદગીઓની સાથેની એક નામી અવિચ્છિન્ન સાંકળની કડી છે ધર્મના કેટલા ખુલાસાઓ કે જે આપણા સત્ય થાય અને સ્વાતંત્ર્ય સમતાના આધુનિક વિચારોને તરત બંધ બેસતા થતા નથી તે પુનર્જન્મના આ સિ

ન્તિમા આવશ્ય આપત્તિ (Corollary) ૯ ગને જે બાબતનો ભય લાગે છે તેના ાન દષ્ટાન્ત તરીકે ૮ ૯ આ જણાવુ છુ

૫ ઉપર જણાવેલા મારણસર એટલુ ધ્યા નમાં રાખવુ જોઈએ કે વ્યાવહારિક અને ધાર્મિ બાબતો વચ્ચેના ભેદની લીંટી હિંદુ ઓ અને હિંદુઓથી ઇતર જ્ઞાતિઓ માટે એ જ નથી યારે આપણે એમ બોલીએ છીએ કે વારસો એ એમ માત્ર સામાજિક હક છે ત્યારે બીજાઓ ા સબધમા તો તે કદાચ નિર્વિવાદ સત્ય હશે અથવા છે પરંતુ હિંદુઓના સબધમા તો તે આ સ રીતે તેમ નથી ક યતી બાબતમા શાસ્ત્રોની મા ન્યતા એવી છે કે તે પત્નાનુ ખચ પતાર વાને માટે આપવામા આવે ર વારસા સ બધમા મા યતા એવી ૮ ા વત નરક નથી મરનારને છોડવાનો ાભિમાન રમા માટે વારસને તે મળે કે પુત્ર સાતા ા પિતાને ાદ્ધ ક્રિયા નથી રતો તેન મ ૮રુપતિ નો ધ પણ ન આવે અ ાલિ ાી ૫ ૧ આવ તેવી મારે સાર સ બ વેલો છે તે પિતાની મિલ્કત ઉપર કામ પણ હક નથી મરનારને પિંડ ાન આપે તેવા રિ ાન મા આપી તે મિલકત જતી રહે જાબા ક્રિમ રીતે નાતિમાથી બહિષ્કૃત કે જેપાપી માટે મેટામા મોટી સ ૧ હતી તેની સાથે ૮ વારસાનો હક છીનવી લે ાબા આવતો હતો (મેઇન હિંદુલો એ ચુમે ૮ ૧૯૨૧ પૃષ્ઠ ૮૪૦) આ વા યો ોક મ દ ગ્નનામા યથેષ્ટ નથી તો પણ તેનાથી આપણા પ્રસ્તુત હેતુ સરી શકે છ મારા હિંદુ ભાઇઓને ! એટલુજ સ્પષ્ટ કરવા માગુ છુ ત્યા તેઓ એમ દલીલ કરે છે કે ગોદપણું મનુષ્યને ધર્મની કે ર્જની સ્વતંત્ર પસંદગી માટે સજા ન થવી જોઇએ ત્યારે તેઓ ખોટા દ્રષ્ટિબિન્દુથી દલીલ કરે છે ખરી હકીકત તો એમ છે કે શ્રાદ્ધ કરી શકવાને લાયક રહ્યા હોય તોજ તે મનુષ્યને વારસો મળી શકે છે જેઓ શ્રાદ્ધ ક્રિયા મ લાયક નથી જેવાકે પિતાથી વિમુખ થરો અથવા જ્ઞાતિથી બહિષ્કૃત થયેલો પધિત નપુસક અથવા જન્મથી અધ બધિર કે મુગો કે અસાધ્ય રોગથી પીડિત હોય તેવાઓને હક તરીકે વારસો મેળવતા રોકી જરીતે શાસ્ત્રોએ અટકાવેલા છે ઇતર ર્જ ોમા હ ને અ ો ફરક હતી હોય છ પરંતુ હિંદુ માટે તો ધર્મ (ફરજ) એ સર્વ ભાર ૮ છે અને તેના અનુષ્ઠાનમાત્રથી હક મળે છે આ નિયમ અમારા પગાલે નથી ને જુદી બાબત છે હિંદુઓનું હિંદુ તરીકે કર્તવ્ય દ્રષ્ટિ જે મુખ્ય અંતર્ગત રહેલા મુદ્દાથી સિદ્ધ થાય છે તે ાત્યનો મુદ્દો આ ૮ છે અને તેના તરફ ધ્યાન ખેચુ છુ

૯ આ મુ ાથી નિરીક્ષણ કરીએ તો ારે જણાય છે કે સને ૧૮૫ નો નબર ૨૧ નો ધારો (ધર્મ ા નાત ૫ નો જ્ઞાતિ ભેદથી થતુ નુકસાન દૂર રવા સબધી ધારો) કે જેનો વાંધાવાળીરીતે પસાર કરેલો છે અને ધર્મ ાદલનારાઓના હિતમાટે ૮ પસાર ૮રવામા આવેલો હતો તે ગેરસમજુતી ભરેલો છે આવી જાતના બીજા ધારાઓ પસાર

કરવામા સ્વયસેવકો બનવા કરતા હિંદુઓ નો ખરો ધર્મ તો એ છે કે તેમાથી આ ધારા ને નાબુ કરાવવો જોઈએ જે મનુષ્ય ખરા અત કરણથી બીજા ધર્મને માને છે અથવા પોતાના ધર્મના સિદ્ધાતોની ઉપરવટ થઈને પોતાની સ્ત્રી પસદ કરે છે તેણે પોતાના પિતા તેમજ બીજાઓએ મેળવેલુ ધન પ્રાપ્ત કરવાની લાલસા ન રાખવી જોઈએ જે ધર્મમા તેનો જન્મ થયેલો છે તે ધર્મ પસદગી કરવાનુ તેના ઉપર રાખેછે અને તેને યથેષ્ટ પસદગી કરવાની છુટ છે તે પસદગી કરવામા તેને એક અથવા બીજુ મળી શકે છે પણ બ ને નહિ

૭ હવે પ્રસ્તુત ખરડાસબધમા વિચાર કરીએ તો જણાય છે કે તેને ઘડનાર વિદ્વાન પરોપકારી પુરૂષે એટલી મુદ્દાની હકીકત લક્ષમા રાખેલી નથી કે જો કે અમુક જ્ઞાતિઓ હિંદુ ધર્મના અગતરીકે નથી તોપણ આપણા ચાર વર્ણ તો આપણા ધર્મના અગભૂત તત્વરૂપે છે જો તમે વર્ણોને અભગ રાખી જ્ઞાતિઓને નાબુદ કરવાના પગલા લો તો ધર્મને નામે તમારા પગલાસામે કોઈપણ માણસ વાસ્તવિકરીતે વાંધો લઈ શકે તેમ નથી પરતુ જ્યારે તમારી દરખાસ્તથી તમે માત્ર જ્ઞાતિઓની જ નહિ પરતુ વર્ણોની પણ તેગની જ ભેદરખાથી અવગણના કરોછો ત્યારે તમે હિંદુધર્મની પવિત્રભૂમિમા દખલ કરોછો ધસારો કરોછો અને તેના એ મર્મસ્થળને અડોછો કે

જેના દૂરદેશી પરિણામો જનસમાજના મોટા ભાગની દ્રષ્ટિમર્યાદાથીજ પર છે. બીજી દલીલો ઉપરથી પણ (જેવી કે ગુણોનુ વંશપરંપરાથી અવતરણ થવુ અને તેને પરિણામે ખાસ શક્તિઓ, ભાવનાઓ અને ગુણો ઉદ્ભવેછે વીગેરેમા) પ્રસ્તુત હિલચાલ વ્યવહારુ છે કે નહિ તે ઘણુજ ગહન શકાવાળુ દેખાયછે

૮ પ્રસ્તુત કાયદાના કરતા દેખીતીરીતે વધારે મર્યાદિત કાયદો કર્યો હોય—ખાસકરીને અમુક સામાન્ય વર્ણની અગભૂત જ્ઞાતિઓ વચ્ચે માહેમાહેના લગ્નો કાયદેસર ઠરાવવાનો ખરડો—તો તેવો કાયદો મારા નમ્ર મત પ્રમાણે ધર્મના બધારણને ક્ષતિ કર્યા વિના "અસખ્ય જ્ઞાતિઓ"ના દોષને વધારે અસરકારક રીતે ટાળી શકે અને હિંદુજાતિના ભવિષ્યને ઘાટ દિશામા યોગ્યરીતે વાળી શકે કેટલેક ઠેકાણે વર્ણોની સીમાઓને જ્ઞાતિઓએ ભૂસી નાખીછે અને તેથી કરીને અમુક જ્ઞાતિ કયા વર્ણની ચોકસ રીતે છે તે બાબત શકાવાની થાયછે આ હકીકતથી હુ અજાણ નથી વસ્તુત આ હકીકત લાભે મારે સુધારાના પક્ષને મદદરૂપ થાય પોતાને ધર્મચુસ્ત માનનારાઓની તે આખ ઉઘાડે અને તેમની નજર આગળ તેમને બતાવી આપે કે તેઓની કહેવાની રૂઢીઓ અને પુરાણકથાઓ કે જેમા વસ્તુત કઈ રીતે હમેશા ફેરફાર થયાજ કરેછે તેની અધશ્રદ્ધામા તેઓ પોતાના ધર્મમાથી કેટલેઅશે સ્ખલિત થયા છે

* વગર વધાદા ધર્મશાસ્ત્રથી બધ નથી પણ રૂઢીથી બધ છ એવો બીજના સહાયકોનો આક્ષેપ છે અમલિન પેરાગ્રાફના બધને વળગી રહેનાર અનેકમા લોકોનો બધ તો સમાજ છે તેપણ કરી શકાતુ નથી અને પરિણામે વધમા તેને માગ મળે છે

બીજી બાજુથી ના કાનિક પરહાકિક પુ લાસામાટે એમ કરાવવુ જોઇએ કે અમુક જ્ઞાતિ અથવા નાતિઓના વર્ગ સ ધી આવા બધા સવાલો તે તે પ્રદેશના શ્રીમાન શક્ય આર્યોનો મત લઇ નક્કી કરવામા આવે કે જો પ્રથમ મત મગાવનાર કોઇ હોય ત્યારે કોઇપણ સુધારો અનિ ઉં ના લક્ષને તાકેછે ત્યારે વશે ભાગે તેનુ બ જ જ ણુ પરિણામ આવેછે અથવા માઠ્ય ફળ આ વવુ નથી અથવા વિપરીત પિનયાન ણ તે ઉભી કરેછે પણ જો તે સુધારો જે લોકોને ગે નાણુ ગતો હોય તેઓ જે સ્થિતિમા હોય તે સ્થિતિથી માત્ર એ તરતનુ બીજુ જ પગલુ આગળ પ તો હોય તો તે ફળીભૂત થવાનો સભવ વધારે રહેછે

જે ઉપરમા હુ એમ શ ા ુ ુ કે જનસમાજનુ તેને અનિનિર્ણિત ર્ગી રેવુ છે એમ મનાયછે તે સમાજના મોટા ભાગના મતને અનુસરતા નથી બ કે વિરુદ્ધ છે એમ પોતે જાણેછે અથવા જાણુ જોઇએ તેવો ધારો ધારા સભામા રજુ કરવાનો અધિ ાર એક લુદાયના ધારાસભાના સભાસદને છે કે નહિ—તો માનુછુ કે તેની શ ા અ સ્થાને નહિ ગણાય યરોપના સમર્થ નીતિ નિપુણ પુરુષો વચ્ચે આ બા તેમા મતભેદ છે તે હુ જાણુછુ પરતુ તેવા મતને માટે હિંદુસ્થાનમા ભાગ્યેજ અવકાશ છે કે જ્યા તેમની ચુટણી કરનાર મડળના મોઇપણ ઉમેદવારે તેમના મત અને યોજના પ્રથમ જાહેર કરેલ નથી મારા મત પ્રમાણે પ્રજા સ્વાત ્યના હિમાયતી તરીકે તેમની પહેલી ફરજ એછે કે તેમણે લોકોને તેમના પવિત્ર સાધનોથી પોતાના મતમા લાવ વાનો પ્રયત્ન કરવો અને તે માટે તેમને કે ળવવા અને જ્યારે તેઓ કોઇ ધારા માટે ઇન્તેજાર જણાવે ત્યારે તે ધારો ધારાસભામા રજુ કરવો

દારૂમાટે વિદ્વાનો શુ કહેછે?



ગે સ ાઇ—તે તુ નાશ કરનારીજ વસ્તુ છે
બિસ્માર્ક —ને મૂર્ખા અને રોગા બનાવેછે
મેક્ડુ લુઇ—તે સૌનો નાશ કરેછે
વિ ન્ર હોમ લી—ને ક્ષય અને નાડુના રોગમા વૃદ્ધિ કરેછે
નાક ુ રની—પ ાઇના નવાં સત્રો કરતાં ાર વધુ માણુસને મારી નાખેછે
નિ સ ક્રુકસ—ે સમાન દા પ ાની ટેવ ાણુ થાય તો દે ામા િ ના ત્ ે દિ
સાસ ડારવીન— ા એ કો પણ ન ા િ ા રે ા છે

प्रभुप्रेमनो अधिकारी

શાર્દૂલવિક્રીડિત છંદ.

પ્રાણીમાત્રતણો કરે નહિ જરી વિક્ષેપ જે અંતરે
મૈત્રીભાવવડે ઉમંગથી બહુ કારુણ્ય જેને ઉરે
ત્રોડી છે નિજ મૈત્ર ... મમતા જાગી ખગ તેમને,
નક્કી એ નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૧

ઝીલ્યા છે મ ... માન ... જેણે ... ખરૂં જાણીને,
પોતાનું ... ગણી રહ્યા જગતમાં સર્વત્ર સૌ પ્રાણીને
સ્વીકાર્યું સુખદુઃખમાં સમપણું ... જથા તેમને,
નક્કી એ નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૨

પોતે હોય સમર્થ તોય ન ધરે સાચી ક્ષમા અંતરે
ક્રોધાવેશવિષે ... અપરાધ ... કદી ના કરે,
રાખે જે દૃઢતા ... હૃદયમાં ... રે મને
નક્કી એ નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૩

ત્રોડી લોભ અતૃપ્તિ ... પૂરા ભુંગ પાશને
જોડીને જગદીશમાં હૃદયને છોડી તથા આશને,
સંતોષે સ્થિરતા ... સતત ... નહિ તેમને,
નક્કી એ નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૪

જ્યાં ત્યાં જાય તણાઈ ચંચલપણે ... વીંધાય જે,
ભૂલી ભાન બધું હિતાહિતતણું ... જે
એવા અસ્થિર ચિત્તને સ્થિર કરી મોક્ષાધિકારી મને,
નક્કી એ નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૫

શોધી ને ક્ષિતિમાંહ ... નેવા કરી સ્નેહથી,
પાપે લેશ ફસાય ના મન અને વાણી તથા દેહથી
તત્ત્વજ્ઞાનિતણું નિશાન નજરે ... તેમને
નક્કી એ નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૬

સાચો માર્ગ મળાપછી વિઘ્ન એ ફાફાં ન મારે જરા
મિથ્યા મોહવિષે પડી નહિ કદી છોડે વિચારો ખરા
ભોગી ખાના કથીરની ભલ મા હારે નહિ હેમને
નક્કી એ નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૭

સૌ સ્વાર્પણ બીજના પતિવિષે જેણે ક્યુ સ્નેહથી,
જેનાથી જનને કદી પણ જરા ઉદ્વેગ થાતો નથી
બીજાના વચનો અને કૃતિતણી બાધા ન જેને મને
નક્કી તે નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૮

ના ખેચાય પ્રમદ હર્ષ ભય ને ઉદ્વેગના વેગમાં,
પક્ષપાત કરે નહિ સ્તુતિ અને નિંદાતણા પ્રેમમાં
ઉદ્દાદશ ચરિત્રને નર જ દુઃખ ની ક્ષેમને,
નક્કી એ નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૯

મિથ્યા ધાધનમા મ તો નર રહે મિથ્યાસુખો ના ચહે
ધારી ધીરજ સત્ય વાત સમજી સ માર્ગને જે ગ્રહે
સ્વાર્થાધતા ધરી હરે નહિ કદી જે અન્યના ક્ષેમને
નક્કી એ નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૧

રાખી સયમ આત્મચિંતન કરે એકાંતમા શાંતિથી
સાચુ ભાન સ્વરૂપનુ નર ભુલે ભૂલે નહિ ભ્રાંતિથી
છોડી તત્ર અતર્લીન બનતા સદ્બોધ દે તેમને
નક્કી એ નરરત્ન આ ભવવિષે પામે પ્રભુપ્રેમને ૧૨

મોહન ... જામનગર

હિત વચનો

(૧) પવિત્ર ... સોનાના જેવા ...
(૨) ઉત્તમ લોકોએ આપ ... આપત્ત આવવાના ... કાપવાની કોશીશ ...
(૩) અનુભવ એ મ ... છે
(૪) સ્વાવલંબી પુરૂષો કોઈની અપેક્ષા ... મહા ... શકે છે
(૫) સુઘડ સ્નેહી ... છે
(૬) પુસ્તક ... એ નાનામગ્ગા ... અપાર ધનના ભ ... છે
(૭) સર્વથા અ ... કરવાવિરુદ્ધ ... દુ ખનુજ કારણ છે
(૮) સ ... ઉપર ... થાય પણ તેને ... ની ... જણાતી નથી



હે જગતના બાપ !　　　　**હે નોધારા આધાર !!**

તારીજ દયા અને કૃપાથી આજે અમો વિકટ સંકટમાંથી બચી જીવીએ છીએ તું દયાળુની સૃષ્ટિના દયાળુ માનવોએ અનેક અનાથોને ઉગાર્યા છે

પ્રભુ

તું હજી પણ બીજાઓને પ્રેરણા આપ કે અમારા જેવા રખડતા નિરાધારોને ઉગારે !

મન પર લેનાર માટે વાત સહેલીજ છે

—'રીપોર્ટ' માગી લ્યો —

ઑન. સેક્રેટરી,

હિન્દુ અનાથાશ્રમ—નડીઆદ

સમાજ સુધારણા

(ચાર મહત્વની ભાવના)

લેખક —શ્રીયુત નલિનીકાન્ત

જે સમાજમા નેતાઓ ધાર્મિકઅના ચારમા ફસેલા હોય તેઓના અનાચારનો અંત સમાજ સુધારણારૂપે પ્રથમજ થવો જોઇએ ધાર્મિક સહિષ્ણુતા-સમભાવના એજ ખરૂ સુધારણાનુ લક્ષ્ય છે આપણો દેશ જે પ્રતિદિન અવનત થતો જાયછે તે ધાર્મિક અનાચારોને લીધેજ સામાજિક સુધારણા સત્ય ધર્મપ્રચારવગર કદીપણ ફળીભૂત થવાની નથી ધાર્મિક ઉન્નતિ નેતાઓ અને ધર્માચાર્યોના ચારિત્રઉપર આધાર રાખેછે જે દેશ અને સમાજના ધાર્મિક નેતાઓ શુદ્ધ ચારિત્રવાન હોયછે તે સમાજ સત્વર ઉન્નત થઇ શકેછે ચારિત્રબળઉપર જે ઉન્નતિ સાધી શકાયછે, તે ચિરસ્થાયી રહેછે ક્રમશઃ હિંદુ સમાજના સુશિક્ષિત પુરુષો પોતાના ચારિત્રવડે સમાજમા ધાર્મિક શિક્ષણનો પ્રચાર કરે ચારિત્રબળના ઉચ્ચ સંસ્કાર બાળકોના હૃદયમા જન્મથી રોપાવા જોઇએ

(૨)

સમાજઉન્નતિનુ બીજુ લક્ષ્ય સમભાવ મૂળ સદ્ચાર અને સ્વધર્મનુ પાલન છે પોતાની પરમપવિત્ર આત્માને ઓળખી સંયમ સદ્ચાર સાધે, સૌંદર્યપરની આસક્તિ દૂર થાય બાહ્યવિલાસના સાધનો અને જડદેહનો મોહ ઓછો થાય તો ખરૂ મનુષ્યજીવન સાર્થક થઇ શકે આવા પતી સમાજ કે રાષ્ટ્રનુ કલ્યાણ કરી શકે અને સાથે આત્મકલ્યાણ પણ સાધી શકે

ગૃહસ્થાશ્રમની એક અપૂર્વ શોભા અતિથિ સત્કાર અતિથિ દેવોભવ એ સૂત્ર આર્ય ભાવનાનેજ ઘટેછે એક યુગમા આ દેશના પક્ષીઓમા પણ અતિથિ ભાવના એટલે દરજ્જે ઉન્નત હતી કે અતિથિસત્કારમાટે પ્રાણાર્પણ કરી પોતાનો ગૃહધર્મ દીપાવ્યો છે અતિથિ સત્કાર એ આર્યભાવનાનો એક ઉત્તમ આદર્શ છે જ્યારથી આ દેશમા અતિથિધર્મની ન્યૂનતા પતીના સહચારમા નજર થઇ છે ત્યારથી સમાજની ગૃહજીવનમા અવનતિ થતી રહી છે સમાજસુધારણામાટે અતિથિસત્કાર દંપતીના ગૃહજીવનમા સંસ્કાર અમલમા મૂકાવો જોઇએ

(૩)

સમાજઉન્નતિનુ ત્રીજુ લક્ષ્ય સેવાભાવના છે આ ભાવના અતિ મહત્વની છે આજ કાલ દરેક રીતે મેળવવુ લેવુ અને પામવુ એ બરાબર જાણેછે તેટલા તેનો ઉપયોગ જાણતા નથી પોતાની સ્વાર્થતા, પોતાના સુખ અને પોતાના આનંદખાતર સમગ્ર જનસમાજનો વ્યવહાર ચાલી રહ્યા છે કીર્તિ, લક્ષ્મી મ્હોટાઇ અને સ્વાર્થપાછળ પ્રત્યેક મનુષ્ય ગાંડો બની ગયો છે ત્રીરીતે

આપનુ બીજાને કેમ ઉપયોગી થવુ અને
આ થના ક થાણુઅર્થે જીવવુ એ આર્યભાવ
નુ મહત્વ સૂત્ર આજકાલ ભૂલાયુ છે
શમા અજ્ઞાન છે, અને ગરીબ છે અને
ન વરો મનુષ્ય રોટીના ટુકડા માટે તનતોડ
મહેનત કરેછે તેના પેટ પૂરતુ અનાજ મેળ
વવાના સાધનો નથી એ દીનહીનવર્ગમાટે
નથી ઉ ાગના આશ્વાસનો કે નથી તે મમાટે
કાય કરનારા નિ ામ યુવકો નિગિરીસાથે
કહેવુ જોઇએ કે આપણા શ્રીમાન તરફથી
આ ાયમાટે કાઇ મ ીન વ્ય સ્થા થઇ
નથી ઓ જે ક્ષાઇ સ ના આશ્રમ કે નિરા
શ્રિત ક નાલયો ઠગ ખડાયુ હશે તો તે ગે
રાઇ નીતિ અને નાગનગર જ ર રિ
ા પ્રતિનિ વધતા જાયછે એ ાગના
ઉદ્ધા માટે શ્રીમાનોમા જીવન ન લાગણીના
તગરો નહિ સામગ્રી કેળવણીના અને
મદદ ન લેવા પલો પણ નિ ૃ ી જવાના

(૪)

સમાજસુધારણામાટે ચાલી આવના ઐ ્
(? છે આ ભાવના રેક યુગમા રેક
કામને અગત્યની છે કોઇ પણ સમા ૪ ે
ાના ઇતિહાસ જુઓ નો ખ્યાલ જ ાશે કે
તેઓની ઉ તિનો ગ ન યમા ર યો
નો ભ ે સમાજ અથવા ગાામા અ ય
ભગની વિ ો ઝાંખી થઇ છે તે સમાજ
દીર્ઘકાળપર્યન્ત આમા અને સમૃદ્ધ રહ્યો છે
જીર્ણોદ્ધારક મહાત્માઓ નનાપ, શિવાજી દુર્ગા
દાસ વિગેરેએ જીવન ત ઐકય બળથી સ્વ
નોથી પીડાતા દેશનું ાત્વ વધાર્યું છે સૈ
નિકોની અ પ સખ્યા અને યુદ્ધના પણ
પૂરતાં સાધન નહિ હોવા છતાં પોતાના સ
માજના ઐ ય બળઉપર અનેક શહેનશાહોને
નમા યા છે એટલુજ નહિ પણ આપણા
ધમાચાર્યો પણ એ ય બળની અપૂર્વ શકિત
વડે પોતાની જીવન માર રેખા ઇતિહાસમા
સુવર્ણાક્ષરે નખાવી ગયા છે નીત સ્મરણીય
મહાત્મા નાનક જીર્ણોદ્ધાર ધમ ીર ગુરુ
ગોવિંદસિંહ અને સ્વનામધન્ય સ્વામી વિ
વેકાન વિગેરે યોગિઓ અ પ ાળમાજ
ધમ ન રત્વણુ રી ાયા છ ે સમાજ અને
ગનુ ઐકય મળ શિથિલ થયુ છે તેના
અ પ સમયમા નામનીશાન પણુ નુ સાઇ જશે
પ્રભુ! ભારતના ના એક ધમ અને જ્ઞાતિથી
વિભક્ત થયેલી છે તોપણ તેઓનો જીવન
ઉ શ અફયમળ છે તે સત્વર સિદ્ધ થાવ!
પરસ્પરના રગ ા ર કરી નવે ભારત
વાસીનતિ ઉગ્ર ખ ડુભાવના પ્રગટ થાવ!
ભારતના રાજકીય સામાજિક અને ધાર્મિક
જીવનમા ઉન્નતિ ચારે બાજુની આવશ્યકતા
ખરી અગત્ય છે

Advice to students*

I would impress on you that you should endeavour to combine in your lives a real sense of religion with true culture, to believe that you owe a duty to God and to your fellow men, and to aim at faith without fanaticism deference without weakness, politeness without insincerity, and above all, integrity of character in thought, word and deed The ideal is a high one but you can at least try and live up to it But even *this is not enough* The country needs something more virile than the accomplished gentleman It needs men of enthusiasm even more than refined intellectuals pursuing the easy path of worldly wisdom, worldly compromise and worldly success It needs men of stout hearts and strong hands who will not allow their conscience to be drugged by sophistry of any kind or their nerve to be paralysed by the fear of unpopularity, but will oppose wrong whenever found and fight unflinchingly the battle of social justice and emancipation on behalf of the weak and down trodden

H H The Maharaja of Mysore.

(2)

The solemn exhortation which in the days of the Upanishads, the Guru addressed to his disciples on the completion of their course of studies must be still *ringing in your ears No words* of mine can add to the impressiveness of the sacred text Ever bear in mind in your career through life the solemn injunction, never to swerve from the truth and never to swerve from the path of Dharma, a word which in itself embraces the law and the prophets and sums up the whole of morality If your western learning has inspired you with a love of freedom and of

---

* Cutting—Convocation Address Benares Hindu University

personal u_ht., the precepts of your religion place before you in the fore front of your ideals the conception of duty to all your fellow beings No religion has set loftier ideals To obtain a mastery of our lower selves and to follow the path of duty without any fear of personal consequences or desire for reward has been the injunction of our religion You will have to play an important part in the regeneration of India and the making of her future so as to enable her to take an ho noured place in the league of nations Whatever the cour e o events and in whatever condition you may be placed always enli yourselves on the side of order and justice humanity and free dom Your culture and your spirituality must run with tl blood in your veins and form part of the texture of your soul

Sir P S Sivaswami Aiyar
Vice chancellor Hindu Universit
BENARES

All men must have their likes and dislike Few men place a curb upon the license of uttered thought It is easy to part with a five pound note and rub your hand in gleeful recogni tion of allaying your neighbour s want It i not so easy t turn from the temptation of a criticism which shatter a neigh bour s reputation

શ્રીયુત કલાપીનુ સાહિત્યજીવન

લાઠી ઠાકોરસાહેબ સુરસિંહજી એ કોણ એ પ્રશ્ન સંભવિત છે ખરો? પરંતુ શ્રીયુત 'કલાપી'ના નામથી તો આખા ગુજરાતમા ભાગ્યેજ કોઇ કેળવાએલો અથવા કવિતાનો શોખી ગૃહસ્થ અજાણ્યો હશે તેનો મધુર કેકારવ કોઇ અભાગીનાજ શ્રવણગોચર નહિ થયો હોય તેની કવિતાઓ આજે અતિશય લોકપ્રિય થઇ પડી છે અને ચોપાસથી આ પણે તેની અગાધ કવિત્વશક્તિની પ્રશંસા થતી સાંભળીએ છીએ વળી કેટલાક તો એટલે સુધી કહેછે કે 'કલાપી' અને 'સાહિત્ય' એ બે શબ્દો તો પર્યાય થવાને યોગ્ય છે પ્રસ્તુત લેખ તેના સાહિત્યજીવનસાથે સંબંધ ધરાવતો હોવાથી અને એમણે જીવનનો ઘણો સમય સાહિત્યની ઉપાસનામાજ વ્યતીત કરેલ હોવાથી ઇષ્ટ છે કે આપણે એ જીવનતરફ દ્રષ્ટિ કરીએ

પ્રથમ એટલુ જાણવુ જરૂરનુ છે કે કવિતા કોને કહેવી? લીટીને છેડે પ્રાસ મળતા આવે અથવા શબ્દોની યથેચ્છ ગોઠવણીને કવિતા કહેવી કે કેમ એ એટલે અંશે સમજવાની જરૂર છે એટલે કે કવિતાનુ સ્વરૂપ સમજવુ જોઇએ

કવિતા એ કલ્પના અને ભાવનાની ભાષારૂપ પ્રતિમા છે મનુષ્યને જે કાંઇ એકદમ આલ્હાદકારી જણાય તેની સાથે કવિતાનો સંબંધ છે હૃદયની કુદરતની સાથે અથવા અન્ય હૃદયની સાથે વાત કરતુ કલ્પીએ તો તેની ભાષાએ કવિતા છે એટલે કે કુદરતના ભવ્ય દેખાવનુ વર્ણન અથવા કોઇ કરૂણાજનક દ્રશ્યનો ચિતાર ગદ્ય કરતા પદ્યમા કહેવાથી વધારે સહેલાઇથી સમજી શકાય છે અને એની અસર વધારે ઉંડી થાય છે એ સૌ કોઇને વિદિત છે કારણ કે સ્વભાવે સમજવામા સરળ થઇ પડેછે કેટલાક મનુષ્યો માને છે એ પ્રમાણે કવિતા કરવી એ કાંઇ જેવી તેવી વાત નથી અથવા કવિતા એ કાંઇ નિવૃત્તિનો સમય ગાળવાનુ સાધન નથી પરંતુ કવિતા તો જનસમાજનો આધ્યાત્મ અને આનંદ થઇ પડી છે કવિતા આપણી લાગણીઓ અને વિચારોને પવિત્ર કરેછે અને દુનિઆના સામાન્ય સુખકરતાં વધારે સ્થાયિ અને ઉચ્ચતર કંઇક છે એમ ભાન કરાવેછે *Poets are nature's priests* એ ઉક્તિ અનુસાર કવિઓ આપણને કુદરતપાસેથી તેના સરજનહારપાસે લઇ જાયછે ઇશ્વરની અકળિત ગતિનો ખ્યાલ આપેછે કવિતા એ સદ્ગુણની ઉપદેશક સૌંદર્યની પ્રેરક અને સમાજની સુધારક છે એમ કહેવુ એ અતિશયોક્તિ નથી

કોઇ એમ પુછે કે 'કવિ કવિતા બનાવેછે કે કવિતા કવિને બનાવેછે?' તો એનો યથાર્થ ઉત્તર તો એજ કે કવિતા કવિને બનાવેછે ઉદાહરણતરીકે એક સુતાર નમુનેદાર ખુરસી બનાવેછે તેને એ કુશળ કારિગર છે એમ કહેવાનુ કારણ એજ કે એ...

સારી ખુરશી બનાવી અને એ ખુરસી જોઇને સૌ કોઇ એની કારિગીરીના વખાણ કરશે નહિ ? એને પોતાને જોઇને! ખુરસીની વાત નહિ જાણતો હોય એને માણસ ક ાથ એને મૂર્ખ પણ ગણે ત્યારે આ ઉપરથી સિદ્ધ થાયછે કે જેમ ખુરસી સુતારને તેમ કવિતા કવિને બનાવેછે

કવિતાની પ્રવૃત્તિ કવિના હ યને વિકસિત કરેછે કવિનુ હૃદય વીણાના જેવુ હોયછે જેવી રીતે વીણાઉપર આઘાત કરીએ તો નાદરૂપે તેનો પ્રત્યાઘાત થાયછે તેમ કવિને કોઇ પણ આઘાતરૂપે ઉદ્દીપન થાય તો તેનો પ્રત્યાઘાત કવિતા પે થાયછે વાલ્મીકિ રામાયણ આ રીતે લખાયુ હતુ

ખરો અને મ્હોટા કવિ તો એનેજ સમ જવો કે કવિત્વનુ માન પોતે નથી લેતો પ ત નરિન કોનાનુ જણાવેછે આ ધાનનો પ્રત્યાઘાત હોય તેમા પોતાનુ શુ હોય શકે? ટિનીસન તેઇ કહે કે ા મ્હારા નથી પરતુ પ્રેમિ છે એ કવિ અને ચિત્રકાર બને હતો વ સ્વત પ ા લખેછે કે–

Half was hers and half
was mine

શ્રીયુત કલાપીના મ ાનો મનનપૂર્વક વા ચવાથી તેમા આ પ્રતિરુપ માલૂમ પડે છે તુઓ ફકીરી હાલ ગ પત્નાના અખમાં આ શબ્દો ને પણ વિસ્મયકારક ક્યા વગર રહે ખરા! શ્રીયુત મણિલાલ દ્વિવેદીના સહવાસની અસર તેના ઉપર ઘણી ઉંડી થઇ હતી કેટલ વ મા શ્રીયુતનાં પથા કા ાો આપ્યાં નથી પરતુ તેના ાપલબ્ધ થયા તેમાં ક

પ્રસિદ્ધ કર્યાં છે તેના અપ્રસિદ્ધ વા ાો અને લેખોમાં ઘ હશે એ નકાવા ગણ ઉ ઠકે નહિ હોય! ઇશ્વર ઇચ્છા હશે તો અ નુકૂળતાએ તેના સ્નેહીઓ તરફથી એ અ પ્રસિદ્ધ રત્નો ગુજર સાહિત્યના ખજાનાને વધારે મૂલ્યવાન બનાવશે શ્રીયુત કલાપીની ગઝલો ઉપરથી આધુનિક કવિવર્ગ નાથિ મ દ જનોએ અનુકરણ કરવાનો પ્રયાસ કર્યો છે પરતુ તે સફળ થયો નથી અને અનુકરણ એ મૂળની કાટિમા મુકી શ ાય તેમ નથી.

ર પુતોમા અને સ્ત્રીઓ સ્નાનો રિવાજ પ્રચલિત હોવાથી શ્રીયુત કપતીરહસ્ય સ પૂર્ણ રીતે સમ શક્યા નહોતા અને એજ કારણથી વધવ સ્થિતિમા પણ સા લેવાનો તેનો આગ્રહ છે ઇશ્વર ઉ તે સારા સ એ એમનો સિદ્ધાન્ત હોય એમ જ ણાય છે

હાની બાળા! દરત કૃતિ સર્વ ! હેતુવાળી પ્રેછે ના અનુભવ ન સર્વને સર્વ વ્હાલી! ાપુ આ મા સુખદુ ખતણી વેડ નાખી નથી ક આ તો ભોળે કુદરત તણો માત્ર પાપુકારી

વેદાંતના અભ્યાસી રા મણિભાઇના સ હવાસથી અહંબ્રહ્માસ્મિ એ મતની અસર શ્રીયુત કલાપી ઉપર થ ઇ હતી તો પણ તેને ભાન થયુ હતું કે હું ઇશ્વર નથી પરતુ પા મર પ્રાણી છુ—

હું તો માનવી હું વિશ્વના હું ! અજ્ઞ ના! જ્ઞાની નહીં!

તેમજ વળી જ્યારે ા મણિભાઇએ પ્રા ય ના ન ની લખી ત્યારે શ્રીયુત કલાપીએ લખી છે સનમની ગોધ સે હમ ા માયના છે

સ્નર્ગીય ઇશ્કથી ઉભરાઇ જતી તેની સ નમને લગતી કવિતાઓ ઇશ્વરને સબોધીને છે અને વિષયસુખની લાનમા બનાવતી નથી એ વાત જો વાચક ધ્યાનમા ન રાખે તો શ્રીયુત કલાપીની કવિતા ખોટી સમજાય એ સભવિત છે Keats ના Night in gale ની પેઠે શ્રીયુત કલાપી પણ પોતાની કવિતાઓ અભય, મનોહર અને પ્રફુલ્લિત કંઠથી (Full throated) બોલે છે

અન્ય કવિઓ જ્યારે હરિને નિહાળ્યા' ઇત્યાદિ વચનો બોલે છે અને મહાત્માના જેવી વાણી લખે છે ત્યારે શ્રીયુત કલાપી સનમને-ઇશ્વરને-શોધે છે ગ ન તેના વ્ના પણ નમ્ર દેખાય છે

કલાપી મલિન પ્રાણસત્વો (Evil Spirits) મા માને છે એમ નીચેની ની ગીઓપરથી જણાય છે

મૂન નિચોની અહીં છે જાપ જપવો ઇશ્કનો
ત્ર ન કપાની શીર્ષની માળા બનાવો તો ભલી
એમ ન જપતા જા ગે ભૂતાવળો ના તો અ ી

\+ \+ \+ \+

તુમે જોગી બના તરના સ્નરાનો તુ નાગઓ
નહીંના ભૂનતે ા ! જગાની બેનનાગઓ

'આપની ના ે એ યમા કલાપીને વેદાન્તના, બીજા સૂત્ર 'મ ખત્વિદ બ્રહ્મ' 'નુ જ્ઞાન અને રા મણિભાઇના વેદાતી મતની અસર હોય એમ દેખાય છે

જ્યા જ્યા નઝર મ્હારી ઠરે યાદી ભરી ત્યા આપની

શ્રીયુત કલાપી કીસ્મતવાદી છે અને કી સ્મતના (Fatalism) એ મનુષ્યોને સ્વા ભાવિક છે

કીસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી'

\+ \+ \+ \+ \+

પાસા પ્રેક જતો સવે । દેવો હરિ હાથ છે.

પચીશ વર્ષની અલ્પવયમા કલાપીએ ગુ જરાતી, ઇગ્રેજી અને સસ્કૃત એનો ઘણોજ સારો અભ્યાસ કર્યો હતો તેનુ ઉર્દુનુ જ્ઞાન પણ સારૂ હતું પાશ્ચાત્ય દેશના વડ્ઝવર્થ, શેલી, કીટ્સ જેવા મહાન કવિઓ, અન્ય તત્વવેત્તાઓ અને વિદ્વાનોના ગ્રથોનો અ ભ્યાસ કર્યો હતો કવિકુલગુરૂ કાલિદાસ, ભવભૂતિ, બાણભટ્ટ વિગેરે સસ્કૃત કવિઓનો પણ અભ્યાસ કર્યો હતો અને ગુજરાતીમાં તો ભાગ્યેજ એ ાદી સારી ચોપડી તેના વાચવામા નહિ આવી હોય કવિ કાલિદાસના મેઘદૂતવિષે તે લખેછે—

ભલે કાલિ ામે નિજ િ કહ્યુ વાદળી કને
પ્રિયાનો સદેશો વનસહ દીધો તે પણ ભલે,
નકી મા યુ છે આ સુજ િલ અને એ કવિ દિ
પહોચ્યા શુ મેઘે કવિ રૂદન તેની રમણીને

ાલિદાસવિષે તે લખેછે—

કવિ આ ભોળો તો કુદરતતણો બાન્ધવ હતો,
જનો તે શુ જાણે જનપર રહ્યો સ્વાર્થ લપટ્યો
વિના સ્નેહે જોશી જનદુ મ જોવા જ્યા સુધી અરે,
ચિત ના ભોક્તા સુખમય ગ્ગીના નહિ બને!

પાપકર્મ કર્યાપછી જો ખરેખરો પશ્ચાત્તાપ થાય તો એ પાપમાથી મુક્ત થવાય છે એમ શ્રીયુત કલાપીનું માનવુ છે—

હા પસ્તાવો વિપુલ ઝરણુ સ્વર્ગથી ઉતર્યું છે
પાપી તેમા ડૂબકી દઇને પુણ્યશાળી બનેછે!

× × × × ×

અમારા મીઠા તે રૂદનમય છે ીત સઘળી

આવોજ વિચાર શેલી લખેછે —

'Our sweetest songs are those
that tell of saddest thought

કુદરતને તેમણે સજીવારોપણ કર્યું છે—

લવેછે એન નદીઓ ત્યા
ગર્જત દરપત રહો ગાના !

આવો વિચાર એ અગ્રેજ કવિ લખેછે—

Find tongues in tree , books in the
running brooks
Sermons in stones & good in every
thing

શ્રીયુત કલાપીના કાવ્યોમાથી વાચનારને તેની સહૃદતા અને હૃદયની નિર્મળતાનુ ભાન થાયછે કેકારણ માના કેટલાક કાવ્યો સ્વચ્છ છે અને કેટલાક સૂક્ષ્મ છે તેમા ઘણે ઠેકાણે મહત્ત્વના તત્વો (Great truths) જોવામા આવેછે જેમ જેમ તેના કાવ્યો આપણે આગળ વાચીએ છીએ તેમ તેમ વાણીનો પ્રવાહ વાચકોના અંતઃકરણને ભાન કરાવેછે અને એ કોઇ યોગભ્રષ્ટ આત્મા હશે એમ આપણને જણાયછે તેણે સર વૉલ્ટર સ્કોટ કહેછે એ પ્રમાણે—

'Trifles themselves were elegant
in him.'

નજીવી ચીજોને પણ તેમા ગુંથીને મનોહર બનાવી છે

ભવિષ્યની નજરમા શ્રીયુત કલાપીની કવિતાઓ ક્યુ સ્થાન મેળવશે એ પ્રશ્ન વિચારવાયોગ્ય છે પરતુ એટલો તો નિશ્ચય છે કે સેકડો વર્ષ સુધી જેની કવિતાઓ અમર થવાને યોગ્ય છે એવા શ્રીયુત કલાપીના મધુર મોહક આદ્ર માર્મિક અને મનોહર કેકારવને ગુજરાત વિસરશે નહિ

'નવીન'

હિંદુસ્તાનમા કેળવણીની સ્થિતિ—હિંદુસ્તાનમા ૧૦૦ માણસે ૫૪ માણસ એટલે ૧ માણસે ૬ માણસ ભણેલા છે આમાએ ભણેલાનો અર્થ વસ્તીપત્રકમા કાળા અક્ષર કુટીમારે એવા—ફક્ત લખી વાચી શકે એવાજ (Literate) કરવાનો છે પુરુષોમા ૧૦૦ મા ૧૬ લખી વાચી શકે ત્યારે સ્ત્રીઓમા ૧૦૦ મા ૧ એટલે સેકડે એક ટકાજ (૧૯૧૬)

મોગલ સલ્તનતનાલ—શાહજહાનના રાજ્યઅમલ પહેલાની દિલ્હી દરબારની સ્થિતિ દરબારની રાજખટપટ અને નૂરજહાનની સત્તા તથા સાહેબીવગેરે તરહવાર ચીતાર ન્યાયમંડળી માસિકમા ચાલુ સાલના પ્રતિ માસથી પ્રગટ થાયછે તમો જો આ માસિકના ગ્રાહક ન થયા હો તો આજેજ રૂ ૨–૮– મનીઓર્ડર અથવા વી પી થી મગાવો



સ્વર્ગ
નો
સંદેશો

પ્રથમ બીજ એકજ દેખાતું હતું એ વાત ખરી છે પરંતુ બીજાં સત્ બીજ તેને વિષે ગુપ્ત રહેલાં હતાં એજ પ્રમાણે મનુષ્યના અંતરમાં જે તત્વ રહેલું છે તે ક્રમેક્રમે વિકાસમાં વૃદ્ધિ પામે છે, અને અંતરની ગુપ્ત તૃષ્ણા તૃપ્ત થવાનો દુર્લભ પ્રસંગ નિકટ આવતો જાય છે અગાધ ભીષણ ભવસાગરના ઉછળતા મોજાઓથી આમતેમ અફળાતાં તેને કિનારો આવી લાગે છે અને વિશ્રાંતિ અને શાંતિ પ્રાપ્ત થાય છે જે શિવની શોધ જીવ કરતો હતો તે શિવ જળહળ જ્યોતરૂપ હવે પ્રકાશી રહેલ છે અંતરની દિવ્યજ્યોત વૃદ્ધિ પામતાં બહાર ઝગઝગી રહેલી જ્યોતિમાં ભળી જાય છે અને જ્યાં ત્યાં એકજ તત્વ સિવાય અન્ય કંઇપણ દૃષ્ટિગોચર થતું નથી

ઉપર કહ્યા પ્રમાણે જીવને જે ગુપ્ત આકાંક્ષા ઉદ્ભવે છે તેનું કારણ શું? પાણી ન ત્યારે પડેલો ન્યાય તો કહ્યો જાય છે પણ કોઇ સ્થાને જઇને અટકતું છે તે તે જાણતો નથી સૃષ્ટિનો અચળ નિયમ એ છે કે જે વસ્તુ જ્યાંથી નીકળી ત્યાંજ પાછી ફરીને તે લય પામશે પૃથ્વી પાણી તેજ ને વાયુ એક બીજામાં ક્રમેક્રમે લય થતાં અંતે આકાશ જેમાંથી તે ક્રમેક્રમે નીકળ્યાં છે તેમાં સમાઇ જશે પંચતત્વની ઉત્પન્ન થયેલો દેહ મુખ્ય તત્વમાં જ ભળી જાય છે આ નિયમને લક્ષમાં રાખતાં પાછી જીવને ઉચિત છે કે તેણે સ્વધામ પહોંચવાને પાછાં પગલાં ભરવાં સમસ્ત જીવોનું મૂળ ઇશ્વર છે અને તેથી સર્વ કોઇને અંતે તેની પાસે જ જઇને વિશ્રાંતિ પામવાની છે આ માર્ગ જે દર્શાવે છે તે ધર્મ છે એકમાંથી અનેકની વ્યક્તિ છે માટેજ અનેક એકમાં અંતે મળી જવાનું છે ઐતરેય ઉપનિષદ્‌માં કહ્યું છે કે 'सदेक्षत एकोऽहं बहु स्याम् प्रजायेय' એક છતાં અનેકરૂપે પ્રગટ થઉં એવી ઇશ્વરને ઇચ્છા થઇ અને તેથી સકળ વિશ્વનો પ્રાદુર્ભાવ થયો અનેક તે એકના અંશરૂપ છે અને તેથી અનેકમાં પ્રત્યેકને વિષે ઇચ્છાશક્તિ રહેલી છે એ ઇચ્છાશક્તિ વિકાસક્રમનું પ્રબળ કારણ છે પિતાને ઘેર જઇને તેને ફરીથી મળીને ભેટવાની ઇચ્છા પુત્રને સ્વાભાવિક છે પિતાનું ધામ જ્યાંથી તેની પાસે નીકળી પડવાનું થયું છે ત્યાં પાછા જવાના બે માર્ગ છે શિવ સંહિતા પ્રમાણે कर्मकाण्डो ज्ञानकाण्ड इति वेदो द्विधा मतः તૈત્તિરીય ઉપનિષદ્‌માં પણ કહ્યું છે કે वेदस्तावत् काण्डद्वयात्मकः । तत्र पूर्वस्मिन् काण्डे नित्यनैमित्तिककाम्यनिषिद्धरूप चतुर्विध कर्म प्रतिपाद्यम् ॥ तस्मादुत्तरकाण्डे ब्रह्मप्रेप्सोः ब्रह्मोपास्तिवस्तुभयं प्रतिपाद्यते ॥

આપણે જે બે માર્ગ કહ્યા તે આ પ્રમાણે કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ છે કોઇ કહેશે કે વેદમાં જ્ઞાન ઉપાસના અને કર્મ એમ માર્ગ બતાવેલા છે અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ જ્ઞાન ભક્તિ અને કર્મ ત્રણેનું પ્રતિપાદન કરવામાં આવેલું છે આ કહેવું ખરું છે પણ શિવ સંહિતામાં અને તે ઉપરાંત કર્મમાં ભક્તિનો સમાસ કરેલો છે કર્મ એટલે શું? અંતરની કંઇપણ શક્તિ પ્રવૃત્તિમાં આવે ગતિને પ્રાપ્ત થાય તેનું નામ ક્રિયા અને ક્રિયાથી કર્મ ભક્તિના સંબંધે આગળ વિચાર કરીશું ત્યારે આપણને સમ

જાશે, સ્પષ્ટ સમજાશે કે ઉપાસના ભક્તિ એ ધર્મ છે

મનુષ્યજાતિના કલ્યાણને અર્થે પૃથ્વીઉપર એક નહિ પણ ઘણા ધર્મ દ્રષ્ટિગોચર થાય છે, તેમા મુખ્ય હિંદુ ધર્મ બુદ્ધ ધર્મ, ઇસ્લામી ધર્મ અને ખ્રિસ્તી ધર્મ છે આપણો હિંદુ ધર્મ જેને ખરીરીતે સનાતન આર્ય ધર્મ આપણે સમજીએ છીએ, તેને માટે પશ્ચિમ પ્રદેશના અને તેમનુ અનુકરણ કરનારા આ ભૂમિના પણ ઘણાજનો એવી ટીકા કરે છે કે તેમા અનેક સંપ્રદાય અનેક પંથ અનેક માર્ગ અનેક વાડાઓ બંધાયેલા છે અને તે સર્વના મત ભિન્નભિન્ન છે અને સત્ય તો એકજ હોય એવાઓને આપણે પુછીશુ કે કયા ધર્મમા જુદા જુદા મતના વાડાઓ નથી ઉપર કથન કરેલા સર્વ ધર્મમા અનેક પંથો આજે પ્રસિદ્ધ છે સર્વ ધર્મમા સત્યના અંશ થોડે અથવા મોટે ભાગે રહેલા છે, કેમકે એ સર્વ ધર્મની તે શાખાઓ છે સત્યને શોધવાનુજ સર્વમા પ્રયત્ન છે એ સત્ય મન, બુદ્ધિ અને વાણીની પર છે જે વાણીથી પર છે તેને વાણીમા અને તે પણ મરી વાણીમા સમાવવાનુ પ્રયત્ન સંપૂર્ણ ફળદાયક હોયજ નહિ આખુ જગત અપૂર્ણતાથી ભરેલુ છે પરંતુ આપણે આટલુ તો સ્મરણમા નિરંતર રાખીશુ કે સૃષ્ટિના આરંભમા એકજ ધર્મ હતો અને પ્રથમ મૂળ જે આર્ય પ્રજા થઇ તે મૂળ-થડ જે આર્ય પ્રજા તે આ પવિત્ર ભારત ભૂમિ છે અને તે પ્રજાના જીવો ધર્મસ્થાપક મહાન્ ઋષિઓનાજ છે બીજી પ્રજાઓ એ મૂળ આર્ય પ્રજાની શાખાઓ છે મૂળ-થડમાથીજ શાખાઓમા રસ પ્રસરેલો છે હમેશ રસ વધારે તો થડમાજ હોય છે બહારની ક્રિયાઓમા ભિન્નતા ભલેને દેખાય પરંતુ અંતરમા ઉંડા ઉતરીને જોતા, સર્વમા સાર-તત્વ તો સમાન એક તેનુ તેજ, માલમ પડે છે આ કારણને લીધે પૃથ્વીમા પ્રવૃત્ત સર્વ ધર્મમા ભક્તિયોગનુ દર્શન થાયછે ત્યારે હવે ભક્તિ એટલે શુ તે આપણે સમજવુ જોઇએ નારદ સૂત્રપ્રમાણે ભક્તિ પરપ્રેમસ્વરૂપા છે એટલે પ્રેમનુ ઉંચામા ઉંચુ સ્વરૂપ તેજ ભક્તિ છે નારદ ભગવાન કહેછે કે-પ્રેમ અવિનાશી છે, એ પ્રેમ જેને પ્રાપ્ત થાયછે તે પુરૂષ પરિપૂર્ણતાને પામે છે અમૃતપાન કરછે સંપૂર્ણ સંતોષ અને તૃપ્તિમા નિમગ્ન થાયછે અને ઇહલોકના બાહ્ય વિષયની ઇચ્છા કરતો નથી તેને દ્વેષ નથી શોક નથી અને તે સદાય આનંદમય છે શાન્ડિલ્ય સૂત્રમા ભક્તિની વ્યાખ્યા એવી આપેલી છે કે ઇશ્વરમા પૂરા અનુરાગને ભક્તિ કહેછે કેમકે એમા જે ચિત્ત લાગ્યુ છે તે અમૃત પાન કરે છે એમ મહાત્માઓ કહેછે એ સૂત્રમા વિશેષ કથન છે કે એ ભક્તિ ઇશ્વર વિષયક જ્ઞાન માત્ર છે એવો અર્થ મનમા લાવવો નથી કેમકે દ્વેષીઓ હોય તેને પણ જ્ઞાન થાય પણ દ્વેષીઓને જ્ઞાન છતા પ્રીતિ થતી નથી વિજ્ઞાનવિના ભક્તિથી મુક્તિ મળી શકે એમ શ્રીકૃષ્ણની ગોપીઓના દ્રષ્ટાન્તથી સિદ્ધ થાયછે નારદ સૂત્ર અને શાન્ડિલ્ય સૂત્રમાં જે જે કથન છે તે ઉપરથી સ્પષ્ટ જણાશે કે ભક્તિની વ્યાખ્યાના નથી કશ્યપને તે ..., નિમગ્ન ... તેમ